પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

મહેનત કરવાની ઉંમરમાં જો આરામ કરશો તો આરામ કરવાની ઉંમરમાં તમારે સખત મહેનત કરવી પડશે

# અબતક ®

સાંધ્ય દૈનિક
શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૬-૩-૨૦૨૬, શુક્રવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૩૦૪
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

ચણાદાલ.. ચણાદાલ..
શોર્ટેક્ષ - વિણાટ એક્સ્ટ્રા ક્વોલીટી
ચણાદાલ
એજન્સી આપવાની છે
પારેવડી ચોક પાસે, રાજકોટ
© 98242 00970
અપ્પુ
છાગાલાર

# બાંધકામ ઉદ્યોગને મોટી રાહતઃ અંતે સરકારે ભૂકંપ પ્રતિરોધક ડિઝાઈનની નવી ગાઈડલાઈન પરત ખેંચી

## નવા નિયમોથી બાંધકામ ખર્ચમાં ૨૦ ટકા અને મેટ્રો પ્રોજેક્ટસમાં ૫૦ ટકા સુધીનો વધારો થવાની સંભાવના હતી, નવા નિયમો લાગુ કરવાનું માંડી વાળતા બિલ્ડરોનો હાશકારોઃ અગાઉના ૨૦૧૬ના નિયમો યથાવત રહેશે

### જૂના નિયમો યથાવત

કેન્દ્ર સરકારે નવેમ્બર ૨૦૨૫નું નવું નોટિફિકેશન પાછું ખેંચી લેતા હવે બાંધકામ ક્ષેત્રે અગાઉના આઈએસ ૧૮૯૩ (પાર્ટ ૧)ઃ ૨૦૧૬ના નિયમો જ માન્ય ગણાશે. જેનાથી ડેવલપર્સ અને ડિઝાઈનર્સને અગાઉના નિયમો મુજબ ડિઝાઈન મંજૂર કરાવવામાં મોટી રાહત મળશે.

### બાંધકામ ખર્ચમાં બચાવ

નવા નિયમો લાગુ થવાથી ડેવલપર્સના બાંધકામ ખર્ચમાં સીધો ૨૦% જેટલો વધારો થવાની શક્યતા હતી. આ ઉપરાંત દેશના વિવિધ શહેરોમાં ચાલતા મેટ્રો પ્રોજેક્ટના ખર્ચમાં પણ ૩૦% થી ૫૦% સુધીનો જંગી વધારો થવાનો અંદાજ હતો, જે આ નિર્ણયથી હાલ પૂરતો ટળી ગયો છે.

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્રીય કેબિનેટ સચિવાલયની સલાહ બાદ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ અને ગ્રાહક બાબતોના વિભાગે ભૂકંપ-પ્રતિરોધક ડિઝાઈનના ધોરણો અંગે નવેમ્બર ૨૦૨૫માં બહાર પાડેલું ગેઝેટ નોટિફિકેશન પાછું ખેંચી લીધું છે. આ નોટિફિકેશનમાં દેશના સિસ્મિક ઝોનેશન મેપના અપડેટ સહિત આઈએસ ૧૮૯૩ (પાર્ટ ૧)ઃ ૨૦૨૫ નો સાતમો સુધારો રજૂ કરવામાં આવ્યો હતો. મંગળવારે આ નવી ગાઈડલાઈન પાછી ખેંચાતા સમગ્ર ગુજરાતના રિયલ એસ્ટેટ ક્ષેત્રે રાહતનો શ્વાસ લીધો છે.



કેબિનેટે મંગળવારે એક એડવાઈઝરી જારી કરીને ગ્રાહક બાબતોના વિભાગને ગેઝેટ નોટિફિકેશન પાછું ખેંચવા અને ઈજ૧૮૯૩માં સુધારો કરવા માટે આગળના કોઈપણ પગલાં લેતા પહેલા સંબંધિત પક્ષકારો સાથે જરૂરી પરામર્શ પૂર્ણ કરવા જણાવ્યું છે. આ નિર્ણયના પરિણામે, ૨૦૨૫નું સુધારેલું નોટિફિકેશન તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યું છે અને હવે તમામ ડિઝાઈનર્સ અને ડેવલપર્સ માટે જૂનો આઈએસ ૧૮૯૩ (પાર્ટ ૧)ઃ ૨૦૧૬ કોડ જ માન્ય રહેશે.

જ્યારે નવેમ્બર ૨૦૨૫માં પહેલીવાર બીઆઈએસ

(અનુ. આઠમા પાને)

### મોટા શહેરોના પ્રોજેક્ટ્સને રાહત

નવા નોટિફિકેશનમાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટને સિસ્મિક ઝોન ૪ માં મૂકવામાં આવ્યા હતા. જેના કારણે કડક નિયમોના પાલન હેઠળ અમદાવાદમાં અટવાઈ પડેલા અંદાજિત ૧૫ જેટલા મોટા હાઈ-રાઈઝ પ્રોજેક્ટ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામ હવે રાબેતા મુજબ આગળ વધી શકશે.

# શ્વાસ થંભાવી દે તેવા સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવી ટીમ ઈન્ડિયાનો ફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ



**અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે ન્યૂઝીલેન્ડને હરાવી ભારત ફરી વખત ટી-૨૦ વર્લ્ડકપ અંકે કરશે?**

બેવફા સનમ... 'નાપાક' જબાન પર ભરોસો ક્યાંથી આવે?

# ભાઈચારો અને સુખ-દુઃખમાં સાથ આપવામાં સાઉદી અરેબિયાને પાકિસ્તાનએ કરેલો 'કોલ' વધુ એકવાર નિષ્ફળ

## સાઉદી અરેબિયાએ તેની સરહદ તરફ આવી રહેલી ત્રણ બેલિસ્ટિક મિસાઈલોને હવામાં જ તોડી પાડીઃ મિસાઈલો ઈરાન દ્વારા છોડવામાં આવી હોવાની શંકા




**અબતક, રાજકોટ**

કહેવાય છે કે ''આતંકવાદનો કોઈ ધર્મ હોતો નથી'', પરંતુ જ્યારે રાજદ્વારી સંબંધો અને સંરક્ષણ કરારોની વાત આવે ત્યારે પાકિસ્તાનની દાનત હંમેશા શંકાના દાયરામાં રહી છે. અત્યારે મધ્ય પૂર્વમાં જે રીતે યુદ્ધના વાદળો ઘેરાયા છે અને સાઉદી અરેબિયા પર જોખમ તોળાઈ રહ્યું છે, ત્યારે પાકિસ્તાન ફરી એકવાર તેની જૂની આદત મુજબ ''મોઢામાં રામ અને બગલમાં છરી'' જેવો ઘાટ ઘડી રહ્યું છે.

સપ્ટેમ્બર ૨૦૨૫માં કરવામાં આવેલો 'યુ-આર-એટેકડ-વી-આર-એટેકડ' (તમારા પર હુમલો એ અમારા પર હુમલો) નો ભવ્ય સંરક્ષણ કરાર આજે કસોટીની એરણે છે. સાઉદી અરેબિયાએ જ્યારે પણ આર્થિક સંકટ આવ્યું ત્યારે પાકિસ્તાનને અબજો ડોલરની મદદ કરી છે, પરંતુ જ્યારે સાઉદી પર ઈરાન પ્રેરીત ડ્રોન હુમલા થયા, ત્યારે પાકિસ્તાન 'ભાઈચારા'ના નામે માત્ર પોકળ નિવેદનો આપી રહ્યું છે.

પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર અને સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની હાજરીમાં આ કરાર થયો હતો. તેનો ઉદ્દેશ્ય સામૂહિક સુરક્ષા અને સંરક્ષણ મજબૂત કરવાનો છે. ૨૦૧૫માં પણ જયારે સાઉદી અરેબિયાએ યમનમાં હુતી બળવાખોરો સામે લડવા માટે પાકિસ્તાન પાસે સૈન્ય મદદ માંગી હતી, ત્યારે પાકિસ્તાની સંસદે સર્વસંમતિથી તટસ્થ રહેવાનો નિર્ણય લીધો હતો. પાકિસ્તાનમાં અંદાજે ૪ કરોડ શિયા મુસ્લિમો છે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા ખામેનીના નિધન બાદ પાકિસ્તાનના અનેક શહેરોમાં હિંસક વિરોધ પ્રદર્શનો થયા હતા, જેમાં ૨૫ લોકોના મોત થયા છે. ઈરાન સામે સૈન્ય કાર્યવાહી કરવાથી પાકિસ્તાનમાં આંતરિક ગૃહયુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

### અમે કોઈ યુદ્ધ વિરામની વાત કરી નથીઃ ઈરાનના વિદેશમંત્રી

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકાના એ દાવાને ફગાવી દીધો છે કે ઈરાને યુદ્ધવિરામ માટે વિનંતી કરી છે. તેમણે આક્રમક વલણ અપનાવતા કહ્યું કે, ઈરાન અમેરિકાના કોઈપણ સંભવિત 'ગ્રાઉન્ડ ઈન્વેઝન' (જમીની હુમલા)નો સામનો કરવા માટે સજ્જ છે અને જો અમેરિકા આવી ભૂલ કરશે તો તે તેમના માટે મોટી આપત્તિ સાબિત થશે. અરાઘચીએ વધુમાં જણાવ્યું કે ઈરાને અગાઉ ક્યારેય યુદ્ધવિરામ માંગ્યો નથી અને હાલમાં પણ તેઓ કોઈ વાટાઘાટોમાં રસ ધરાવતા નથી, કારણ કે અમેરિકા પર વિશ્વાસ કરી શકાય તેમ નથી.

### પાકિસ્તાનમાં ઈંધણ સંકટઃ માત્ર ૨૬ દિવસનો સ્ટોક બાકી

હોર્મુઝની સામુદ્રધુનીમાં વધતા વૈશ્વિક તણાવને કારણે પાકિસ્તાન પાસે અત્યારે પેટ્રોલ અને ડીઝલનો જથ્થો ઘટીને માત્ર ૨૬ દિવસ ચાલે તેટલો જ બચ્યો છે. ઈંધણનો વપરાશ ઘટાડવા માટે સરકાર સરકારી અને ખાનગી ઓફિસોમાં ફરી 'વર્ક ફ્રોમ હોમ' ફરજિયાત કરી શકે છે.

### ઈરાની હુમલા બાદ કુવૈતમાં અમેરિકી દૂતાવાસ બંધ

ઈરાન દ્વારા કુવૈત સ્થિત અમેરિકી દૂતાવાસના કમ્પાઉન્ડ પર કરવામાં આવેલા ડ્રોન અને મિસાઈલ હુમલાઓને પગલે અમેરિકાએ પોતાનું દૂતાવાસ અનિશ્ચિતકાળ માટે બંધ કરી દીધું છે. આ હુમલામાં ૬ અમેરિકી સૈનિકોના મોતની પુષ્ટિ થઈ છે અને ઈમારતને ભારે નુકસાન પહોંચ્યું છે.

વાર્યા વરે નહીં, તે હાર્યા વરે...

# ભારતને રશિયા પાસેથી ક્રુડ ખરીદવાની છૂટ આપતા ટ્રમ્પ

## મિડલ ઈસ્ટના યુદ્ધ વચ્ચે ભારતને મોટી રાહતઃ સમુદ્રમાં અટવાયેલું રશિયન ઓઈલ ખરીદવા અમેરિકાએ આપી ૩૦ દિવસની છૂટ

**અબતક, નવી દિલ્હી**

મિડલ ઈસ્ટમાં (પશ્ચિમ એશિયા) ચાલી રહેલા યુદ્ધ અને તેના કારણે ગ્લોબલ ઓઈલ માર્કેટમાં ઉભી થયેલી સપ્લાયની અછત વચ્ચે અમેરિકાએ ભારતને મોટી રાહત આપી છે. યુનાઈટેડ સ્ટેટ્સના ટ્રેઝરી વિભાગે ભારતીય રિફાઈનરીઓને સમુદ્રમાં અટવાયેલા રશિયન ક્રૂડ ઓઈલને ખરીદવા માટે ૩૦ દિવસની વિશેષ છૂટ આપી છે.




અમેરિકન ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટ દ્વારા આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, વૈશ્વિક ઓઈલ માર્કેટમાં પુરવઠો જળવાઈ રહે તે માટે ભારતને આ ટૂંકાગાળાની છૂટ આપવામાં આવી છે. મિડલ ઈસ્ટના સંકટને કારણે ક્રૂડ ઓઈલની સપ્લાય ચેઈન પર મોટું દબાણ સર્જાયું છે અને શિપમેન્ટની સુરક્ષાને લઈને ચિંતાઓ ઊભી થઈ છે, ત્યારે આ નિર્ણયથી વૈશ્વિક ઉર્જા બજારને સ્થિર રાખવામાં મદદ મળશે.

અગાઉ અમેરિકન પ્રતિબંધો અને વીમા તથા ચુકવણીની અનિશ્ચિતતાને કારણે રશિયાના અનેક ઓઈલ ટેન્કરો ભારતના કિનારા પાસે સમુદ્રમાં અટવાયેલા હતા. ભારતીય રિફાઈનરીઓ પણ પશ્ચિમી દેશોના નિયમોના ઉલ્લંઘનના ડરથી આ ઓઈલ સ્વીકારતા અચકાતી હતી. પરંતુ અમેરિકાની આ ૩૦ દિવસની વ્યવસ્થા હેઠળ હવે સમુદ્રમાં ભટકી રહેલા રશિયન ઓઈલના કાર્ગોને ભારતીય બંદરો પર ઉતારી શકાશે.

સ્કોટ બેસેન્ટએ વધુમાં સ્પષ્ટતા કરી હતી કે, આ નિર્ણય માત્ર એ જ રશિયન ઓઈલ માટે છે જે પહેલાથી જ સમુદ્રમાં અટવાયેલું છે. આ એક ટૂંકાગાળાનું પગલું છે જેથી રશિયન સરકારને તેનો કોઈ મોટો આર્થિક લાભ ન મળે. તેમણે ભારતને અમેરિકાનું મહત્વનું ભાગીદાર ગણાવતા આશા વ્યક્ત કરી હતી કે આગામી સમયમાં નવી દિલ્હી અમેરિકન ક્રૂડ ઓઈલની ખરીદીમાં વધારો કરશે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ઈરાન અને અન્ય દેશો વચ્ચેના સંઘર્ષના કારણે ગ્લોબલ ઓઈલ સપ્લાય ચેઈન ઐતિહાસિક દબાણનો સામનો કરી રહી છે અને ક્રૂડના ભાવોમાં સતત વધારો થઈ રહ્યો છે.

### રશિયા પણ ભારતને ક્રુડ આપવા તત્પર

અમેરિકાના આ ૩૦ દિવસના 'ટેમ્પરરી ડિસ્પેન્સેશન' (અસ્થાયી છૂટ) નિર્ણયથી છેલ્લા કેટલાય સમયથી સમુદ્રમાં લંગરાયેલા રશિયન ઓઈલના ટેન્કરો માટે ભારતનો રસ્તો સાફ થઈ ગયો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલની સપ્લાય ચેઈન ખોરવાઈ છે, ત્યારે આ નિર્ણયથી ભારતીય રિફાઈનરીઓને શ્વાસ લેવાનો સમય મળશે અને દેશમાં ઈંધણની અછતનો ખતરો ટળશે. બીજી તરફ રશિયાએ પણ ભારતને ક્રુડ આપવામાં આતુરતા દેખાડી છે.

વિશ્વાસનો સાદ, વિશ્વનો સાથ

# આજના યુદ્ધ કાળમાં "વિશ્વ શાંતિ" માટે પ્રાર્થનાનું મહત્વ વિશેષ: આજે વિશ્વ પ્રાર્થના દિવસ

## વિશ્વ શાંતિનો મંત્ર, પ્રાર્થનાનો પવિત્ર અવસર, બહાર ભલે ગમે તેટલો કકળાટ હોય, ભીતરની શાંતિ માટે આજે સાથે મળીને પ્રાર્થના કરીએ, માત્ર માંગવા માટે નહીં, આભાર માનવા માટે પણ પ્રાર્થના કરીએ: પ્રાર્થના એ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ એક આધ્યાત્મિક શસ્ત્ર છે

પ્રાર્થના એ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ એક આધ્યાત્મિક શસ્ત્ર છે, જે માનવ હૃદયના દુઃખ, ક્રોધ અને ભયને શાંત કરીને સર્વત્ર શાંતિની લહેરો લહેરાવે છે. યુદ્ધના ક્ષેત્રોમાં જ્યાં લોકોના જીવન નાશ પામે છે, ત્યાં પ્રાર્થના એક આશાનું પ્રકાશસ્તંભ બને છે. ઈતિહાસ જુએ તો, મહાત્મા ગાંધીજીએ અહિંસા અને પ્રાર્થનાની શક્તિથી ભારતને આઝાદી અપાવી. આજે પણ, વિશ્વના અનેક નેતાઓ અને સામાન્ય લોકો દરરોજ શાંતિ માટે પ્રાર્થના કરે છે, જે વૈજ્ઞાનિક રીતે પણ તણાવ ઘટાડીને માનસિક શાંતિ આપે છે. પ્રાર્થના દ્વારા આપણે એકબીજાના પ્રત્યે સહાનુભૂતિ જગાડીએ છીએ, જે યુદ્ધને બંધ કરવાની પ્રથમ પગલું છે.



તે વિશ્વને એકત્વના સૂત્રે બાંધે છે અને ભવિષ્યમાં શાંતિપૂર્ણ વિશ્વનું સ્વપન જોવાની શક્તિ આપે છે.

આજે વિશ્વ પ્રાર્થના દિવસ છે, ત્યારે આપણે બધા વિશ્વમાં શાંતિનો સંદેશ લહેરાવીએ. ઈતિહાસ જોઈએતો નાઈજીરીયામાં વિશ્વ પ્રાર્થના દિવસ ચળવળ નાઈજીરીયાની મહિલાઓની એકતા અને શક્તિનો એક શક્તિશાળી પુરાવો છે. ૧૯૬૧ માં રજૂ કરાયેલ, આ ચળવળ દેશભરમાં વિવિધ ખ્રિસ્તી સંપ્રદાયોની મહિલાઓને આવરી લેવા માટે વિકસ્યું છે, જે વિશ્વવ્યાપી સહકાર અને આધ્યાત્મિક એકતાને પ્રોત્સાહન આપે છે. તેની સ્થાપનાથી, આ દિવસે પરિવારો અને સમુદાયોને અસર કરતા સામાજિક, રાજકીય, ધાર્મિક અને આર્થિક મુદ્દાઓને સંબોધવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. ઓગસ્ટ ૨૦૧૭ માં બ્રાઝિલમાં ઠઉડ ઈન્ટરનેશનલ કમિટીની બેઠકમાં આ દિવસ નાઈજીરીયાને ૨૯૨૬ માટે લેખક સમિતિ તરીકે પસંદ કરવામાં આવ્યું હતું, જેનો વિષય હતો, 'હું તમને આરામ આપીશ: આવો' વિશ્વ પ્રાર્થના દિવસ એ ખ્રિસ્તી મહિલાઓ દ્વારા સંચાલિત એક વૈશ્વિક વૈશ્વિક ચળવળ છે

જે શાંતિ અને ન્યાય માટે પ્રાર્થના અને કાર્યમાં જોડાવા માટે દુનિયાભરના લોકોનું સ્વાગત કરે છે. આ વર્ષની ઉજવણી થીમ દ્વારા તેમનો મહિમા કરે છે જે આપણને " રાષ્ટ્રોમાં ભગવાનનો મહિમા કરો, બધી પેઢીઓમાં તેમને શોધો " માટે પ્રોત્સાહિત કરે છે. આજે વિશ્વભરના લોકોમાં શાંતિ, એકતા અને આધ્યાત્મિકતા પ્રત્યેની ભાવનાને મજબૂત બનાવતો ખાસ દિવસ છે, જે માર્ચ મહિનાના પ્રથમ શુક્રવારે ઉજવાય છે. લોકોને પ્રાર્થના દ્વારા માનવતા, સહાનુભૂતિ અને પરસ્પર સમજૂતીનો સંદેશ આપે છે. આ દિવસે વિવિધ ધર્મ, સંસ્કૃતિ અને દેશોના લોકો એક સાથે મળીને વિશ્વમાં શાંતિ અને સુખાકારી માટે પ્રાર્થના કરે છે.



આજના યુદ્ધોના કાળમાં વિશ્વ શાંતિ માટે પ્રાર્થનાનું મહત્વ અમર્યાદ છે. જ્યારે બોમ્બોની ગર્જના અને વિનાશના ક્ષણો વિશ્વને ભયભીત કરે છે, ત્યારે પ્રાર્થના એક અદશ્ય શક્તિ બને છે જે હૃદયોને જોડે છે, ક્રોધને શાંત કરે છે અને માનવતાના સ્વરને જાગૃત કરે છે. તે માત્ર શબ્દો નથી, પરંતુ આત્માની પુકાર છે જે યુદ્ધના અંધકારને પ્રકાશિત કરીને શાંતિના પથ પર લઈ જાય છે.યુદ્ધના કાળમાં પ્રાર્થનાની શાંતિ-શક્તિઆજે વિશ્વ યુદ્ધોના કઠોર સમયમાં જ્યાં દરેક દિવસ વિનાશની ખબરો લાવે છે, ત્યાં વિશ્વ શાંતિ માટે પ્રાર્થનાનું મહત્વ અત્યંત વિશિષ્ટ બને છે. વિશ્વની એકતા અખંડિતા માટે પણ શાંતિ પ્રાર્થનાની જરૂર છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે પ્રાર્થના માત્ર ધાર્મિક ક્રિયા નથી, પરંતુ તે મનને શાંતિ આપતી અને સકારાત્મક વિચારશક્તિ વધારતી શક્તિ છે. પ્રાર્થના દ્વારા વ્યક્તિ પોતાના મનને શુદ્ધ બનાવે છે અને સમાજમાં પ્રેમ, દયા અને સહકારની ભાવના ફેલાવવાનો સંકલ્પ કરે છે. પ્રાર્થના હૃદયથી હૃદયનો સેતુ છે.તે અંતરના નાદથી વિશ્વશાંતિ તરફ એક ડગલું છે. શાળાની પ્રાર્થના પણ અંતર મનનો અંતર્યામી સાથે જોડતો સંવાદ છે. પ્રાર્થના એ આત્માનો ખોરાક છે. આદીકાળથી આપણે સૌ સવાર-સાંજ આપણા ઘરમાં કે નજીકના મંદિરે કરતા આવ્યા છીએ. નાના ગામડામાં પાદરમાં મંદિરે સવાર-સાંજ થતી પ્રાર્થના-આરતી તન-મનમાં ઉત્સાહ ભરી દે છે. આરતી ટાણે વાગતી ઝાલરના લય બદ્ધ ઝણકારને કારણે આપણે એ સમયને ઝાલર ટાળું કહીએ છીએ. આજે નાતાલનો દિવસ છે. ભગવાન ઈસુ પાસે કરેલી ભૂલોનો એકરાર ખુલ્લા દિલેથી કરીએ અને બીજાનું ભલુ કરીએ કે ઈચ્છીએ એ જ નાતાલની સાચી પ્રાર્થના હોય શકે. હાથ જોડીને, આંખો બંધ કરીને, અને હૃદય ખુલ્લા રાખીને, ખંડોમાં. વિશ્વ પ્રાર્થના દિવસ લોકોને એક ઊંડા, સહિયારા ક્ષણમાં જોડે છે. તે ફક્ત સેવા જ નથી - તે એક વૈશ્વિક સ્તરે અવાજોની લહેર છે, જે એકસાથે ઉઠે છે. દર વર્ષે, એક દેશ પ્રાર્થનાઓ લખે છે, જે બીજાઓને તેના આનંદ અને સંઘર્ષોમાં એક બારી આપે છે. વિવિધ સંસ્કૃતિના લોકો ફક્ત સાંભળવા માટે જ નહીં, પણ કાળજી લેવા માટે પણ ભેગા થાય છે. આ જોડાણ શબ્દોથી ઘણું આગળ વધે છે. આ દિવસ એક મજબૂત સંદેશ આપે છે: આપણે ગમે ત્યાં રહીએ, આપણે બધા પડકારોનો સામનો કરીએ છીએ. બીજાઓનું સાંભળવાથી આપણને દયાળુ અને વધુ જાગૃત બનવામાં મદદ મળે છે.

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

પ્રાર્થના દ્વારા કહેવામાં આવેલી વાર્તાઓ સમજણને ઉત્તેજિત કરે છે, દૂરના સ્થળોને નજીકનો અનુભવ કરાવે છે. આ એકતાનો દિવસ છે, આશા અને કાળજીથી ભરેલો છે. સાથે મળીને, લોકો શીખે છે કે ક્રિયા અને સહાનુભૂતિ સમુદ્રોને પાર કરી શકે છે, વાસ્તવિક પરિવર્તન લાવી શકે છે. ૧૮૮૭માં, બ્રુકલિન, ન્યૂ યોર્કની મેરી એલેન ફેરચાઈલ્ડ જેમ્સે ગૃહ મિશન પર ધ્યાન કેન્દ્રિત કરીને રાષ્ટ્રીય પ્રાર્થના દિવસની હાકલ કરી. આ ચળવળનો વેગ ચાલુ રહ્યો, અને ૧૯૨૭ માં, તેને સત્તાવાર રીતે મહિલા વિશ્વ પ્રાર્થના દિવસ નામ આપવામાં આવ્યું. શાળામાં સદીઓથી પ્રારંભે સુંદર સ્વરમાં સૌ બાળકો પ્રાર્થના કરીને સરસ્વતી દેવીની અર્ચના, આરાધના કરે છે. તમામ શાળા સ્ટાફ મોટા ફળીયા કે હોલમાં બાળકો સાથે જ નીચે બેસીને લયબદધ પ્રાર્થના ગાતા હોય ત્યારે રસ્તે નિકળતા માનવી પણ ઈશ્વરને યાદ કરવા લાગતો હતો. શાળા દુનિયામાં એક જ સ્થળ હશે કે જ્યાં વિદ્યાવર્ગ પ્રારંભે ઈશ્વરની વંદના થતા હોય, બાકી સરકારી ઓફિસમાં પ્રારંભે કયારેય થતી નથી, ત્યાં ફાઈલો હોય ને શાળામાં જીવતી ફાઈલો હોય ફરક માત્ર એટલો જ. સમુહ પ્રાર્થનાનો અનેરો આનંદ હોય છે. ખરા હૃદયથી થતું તમામ કાર્ય શ્રેષ્ઠત્તમ હોય છે તેથી જ બચપણની આપણી શાળાની પ્રાર્થના આજે પણ યાદ આવે છે ને જયારે મોકો મળે ત્યારે ગાઈએ પણ છીએ.

## વિશ્વ પ્રાર્થના દિવસ વિશ્વભરના લોકોમાં શાંતિ, એકતા અને આધ્યાત્મિકતા પ્રત્યેની ભાવનાને મજબૂત બનાવતો ખાસ દિવસ છે: વિશ્વ પ્રાર્થના દિવસે ખ્રિસ્તી મહિલાઓ દ્વારા સંચાલિત એક વૈશ્વિક ચળવળ છે, જે ૧૯૬૧થી ઉજવાય છે, આજે વિશ્વના ૧૭૦ થી વધુ દેશો તેમાં જોડાયા છે

# રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે ચાર્જ સંભાળતા સંદીપ સાગલે

**અબતક, રાજકોટ**

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે સંદીપ સાગલે ચાર્જ સંભાળ્યા બાદ આગામી દિવસોમાં યોજનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

ભારતના ચૂંટણીપંચે જાહેર કરેલા આદેશ બાદ સંદીપ સાગલેએ ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી તરીકે ચાર્જ સાંભળ્યો છે. પ્રથમ દિવસથી જ પ્રોએક્ટિવ એપ્રોચ દાખવતા તેમણે તમામ શાખાઓના અધિકારીઓ સાથે રાજ્યવ્યાપી તંત્રની વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. જેમાં ચૂંટણી સંચાલન, સંકલન, મતદારયાદી, મીડિયા સેલ, ફરિયાદ, આઈ.ટી. સહિતની વિવિધ શાખાઓના જવાબદાર અધિકારીઓ પાસેથી મુખ્ય નિર્વાચન અધિકારીએ વર્તમાન સ્થિતિનો તાગ મેળવી, જરૂરી સૂચનો આપ્યા હતા. જેમાં તેમણે રાજ્યથી માંડી જિલ્લા સુધી તમામ સ્તરે તાલીમ સુયોગ્ય રીતે થાય તેના પર ભાર મુક્યો હતો. તાલીમ મોડ્યુલમાં રચનાત્મકતા લાવવા તાકીદ કરી હતી. આમ, આગામી સમયમાં યોજનાર ચૂંટણીઓ, મતદાર યાદીના સંક્ષિપ્ત સુધારણા સહિતના વિવિધ આયોજનો માટે મુખ્ય નિર્વાચન અધિકારીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં સમગ્ર સ્ટાફ સજ્જ જોવા મળ્યો છે.





સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે ધિકારીઓને માર્ગદર્શન આપ્યું

# 'સ્માઈલ પરિવાર' દ્વારા હેમંતદા અને મુકેશજીના સદાબહાર ગીતોની સંગીત સંધ્યા યોજાશે

**૧૪ માર્ચે મણિયાર હોલ ખાતે સુર અને સેવાનો ત્રિવેણી સંગમ; જાણીતા ગાયકો જૂની યાદો તાજી કરશે**

**અબતક, રાજકોટ**

શહેરના સંગીત પ્રેમીઓ માટે આગામી શનિવારની રાત યાદગાર બની રહેશે. પ્રીતિ શાહ સંચાલિત 'સ્માઈલ પરીવાર' દ્વારા ભારતીય સંગીત જગતના બે દિગ્ગજ ગાયકો હેમંત કુમાર અને મુકેશજીની સ્મૃતિમાં ''એક શામ હેમંતદા મુકેશજી કે નામ'' શીર્ષક હેઠળ એક ભવ્ય સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.





આ સંગીતમય કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહી શોભા વધારશે. સંગીતના ચાહકો માટે જાણીતા કલાકારો સુનિલ શાહ અને અશ્વીની મહેતા પોતાના સુમધુર કંઠે હેમંતદા અને મુકેશજીના ક્લાસિક ગીતો રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે. સમગ્ર કાર્યક્રમનું સંગીત સંચાલન મ્યુઝિક એરેન્જર બીપીન મકવાણા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવશે, જ્યારે દિપક જોષી પોતાની આગવી શૈલીમાં એન્કરિંગ કરી કાર્યક્રમમાં પ્રાણ ફૂંકશે.

આ કાર્યક્રમ તા. ૧૪-૦૩-૨૦૨૬, શનિવારના રોજ રાત્રે ૯:૦૦ કલાકે જયુબેલી બાગની અંદર આવેલા મણિયાર હોલ ખાતે યોજાશે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૬-૦૩-૨૦૨૬ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૨૦ ગુજરાતી મુવી (ડેની જીગર)
૦૨:૨૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (શીખ કબાબ)+(વેજ.કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રાકેશ ચાંગાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૭-૦૩-૨૦૨૬ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી.કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૭-૩ -૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ ચોથ
**નક્ષત્ર** ચિત્રા
**યોગ** ધ્રુવ **કરણ:** કૌલવ
**સુર્યોદય** ૭.૦૩ **સુર્યાસ્ત:** ૬.૫૩
**ચંદ્ર રાશી** તુલા
**રાશિ અક્ષર** ર.ત.
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# એસટી નિગમે હોળી-ધૂળેટીએ તમામ રેકોર્ડ તોડ્યાં: ૭૪૦૦ એક્સ્ટ્રા ટ્રીપ

## ૩.૧૪ લાખ મૂસાફરોને સલામત પરિવહનની સેવા પુરી પાડી: ના.મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા

**અબતક, રાજકોટ**

હોળી અને ધૂળેટીના પર્વ દરમિયાન મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કરવામાં આવેલું એક્સ્ટ્રા બસ સંચાલન ખૂબ જ સફળ રહ્યું હતું. ચાલુ વર્ષે નિગમે ગત વર્ષના તમામ રેકોર્ડ તોડી મુસાફરોને શ્રેષ્ઠ સુવિધા પૂરી પાડી છે. નિગમ દ્વારા આ વર્ષે ૭૪૦૦થી વધુ વધારાની ટ્રીપ દ્વારા ૩.૧૪ લાખ મુસાફરોને સલામત પરિવહન સેવા પૂરી પાડવામાં આવી છે. હોળી-ધૂળેટીના પર્વ પર જ્યારે નાગરીકો પોતાના વતન અને પરિવાર સાથે ઉત્સવ મનાવવા આતુર હોય છે, ત્યારે એસ.ટી. નિગમ તેમની ખુશીમાં સાથીદાર બન્યું છે. તા. ૨૭ ફેબ્રુઆરીથી તા.૦૪ માર્ચ ૨૦૨૬ દરમિયાન નિગમ દ્વારા કુલ ૭૪૦૦ જેટલી વધારાની ટ્રીપનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું. આ વિશેષ સંચાલન દ્વારા રાજ્યના અંદાજે ૩.૧૪ લાખ મુસાફરોએ એસ.ટી. નિગમની સેવાનો લાભ લીધો છે.

હોળીના પર્વ પર ડાકોર રણછોડરાયજીના દર્શનનું વિશેષ મહત્વ હોવાથી, નિગમ દ્વારા ડાકોર ખાતેથી સૌથી વધુ સંચાલન કરવામાં આવ્યું હતું. રણછોડરાયજીના દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ માટે ખાસ ૩૬૦૦ ટ્રીપ ચલાવવામાં આવી હતી, જેના દ્વારા ૧.૩૨ લાખ દર્શનાર્થીઓને પરિવહન સેવા પૂરી પાડવામાં આવી.

ગત વર્ષે નિગમ દ્વારા ૭૧૦૦ ટ્રીપ ચલાવીને ૨.૮૦ લાખ મુસાફરોને સેવા આપવામાં આવી હતી. જેની સરખામણીએ આ વર્ષે ટ્રીપની સંખ્યામાં અને મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જે એસ.ટી. નિગમની કાર્યક્ષમતા દર્શાવે છે. મુસાફરોના ભારે ધસારાને ધ્યાને રાખી મુખ્ય શહેરો ખાતેથી વિશેષ ટ્રીપનું સંચાલન કરાયું હતું. જેમાં અમદાવાદથી ૬૮૭ ટ્રીપ, હિમતનગરથી ૭૧૬ ટ્રીપ, સુરતથી ૪૯૬ ટ્રીપ, વડોદરાથી ૨૫૫ ટ્રીપ, જુનાગઢથી ૨૨૦ ટ્રીપ, રાજકોટથી ૧૩૧ ટ્રીપ ઉપરાંત સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, દાહોદ, ગોધરા, દેવગઢ બારિયા, સંતરામપુર અને લુણાવાડા જેવા મહત્વના કેન્દ્રો પરથી પણ પૂરતી સંખ્યામાં બસો દોડાવવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ સફળ આયોજન બદલ એસ.ટી. નિગમના અધિકારીઓ અને કર્મચારીઓ ખાસ કરીને ડ્રાઈવર-કંડકટરોને અભિનંદન પાઠવ્યા છે અને જણાવ્યું છે કે, રાજ્ય સરકાર નાગરિકોને તહેવારો દરમિયાન કોઈ પણ અગવડ વિના સલામત અને સમયસર પરિવહન સેવા પૂરી પાડવા માટે કટિબદ્ધ છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૭.૩.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ ચોથ, ચિત્રા નક્ષત્ર, ધ્રુવ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ તુલા (ર,ત) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય, શુભ દિન.
**વૃષભ (બ,વ,ઉ)** : સવાર બાજુ નો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓ થી સાવધ રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવું.
**મિથુન (ક,છ,ઘ)** : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.
**કર્ક (ડ,હ)** : જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.
**સિંહ (મ,ટ)** : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ)** : બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબતમાં સારું રહે.
**તુલા (ર,ત)** : તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈક કરી બતાવી શકો.
**વૃશ્ચિક (ન,ય)** : તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય, સિફતથી કામ લેવું ગુસ્સામાં આવી નિર્ણયો ના કરવા સલાહ છે .
**ધન (ધ,ભ,ફ,ઢ)** : સગા સ્નેહી મિત્રો થી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.
**મકર (ખ,જ)** : વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**કુંભ (ગ,સ,શ)** : ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારોથી સારું રહે, લાભદાયક દિવસ.
**મીન (દ,ચ,ઝ,થ)** : અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો.

## સૂડોકુ -૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૫ | ૬ | | |
| | | | | | ૪ | | ૧ | ૭ |
| | | | ૯ | | ૮ | ૨ | | |
| | ૮ | ૯ | | | ૨ | | | |
| | | | | | | ૯ | | |
| ૧ | | ૩ | | ૯ | | | ૪ | |
| | ૯ | | | | | ૭ | | |
| | ૭ | | | | | ૮ | ૬ | ૨ |
| | | | ૬ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૩ |
| ૩ | ૯ | ૫ | ૭ | ૮ | ૪ | ૨ | ૬ | ૧ |
| ૨ | ૧ | ૭ | ૬ | ૯ | ૩ | ૮ | ૪ | ૫ |
| ૯ | ૫ | ૮ | ૪ | ૩ | ૭ | ૧ | ૨ | ૬ |
| ૬ | ૭ | ૪ | ૧ | ૨ | ૮ | ૩ | ૫ | ૯ |
| ૧ | ૨ | ૩ | ૫ | ૬ | ૯ | ૪ | ૮ | ૭ |
| ૮ | ૬ | ૨ | ૩ | ૧ | ૫ | ૯ | ૭ | ૪ |
| ૭ | ૩ | ૯ | ૮ | ૪ | ૬ | ૫ | ૧ | ૨ |
| ૫ | ૪ | ૧ | ૯ | ૭ | ૨ | ૬ | ૩ | ૮ |

## શ્રીલંકા પાસે ઈરાની નૌકાદળનું જહાજ સબમરીન હુમલામાં ડૂબ્યું છે

અગાઉ અત્રે લખ્યા મુજબ દરિયામાં ગતિવિધિ વધી છે અને અત્રે લખ્યું હતું કે દરિયો કાટમાળ માંગે છે તેમ શ્રીલંકા પાસે ઈરાની નૌકાદળનું જહાજ સબમરીન હુમલામાં ડૂબ્યું છે તો ગ્રહણ પછી એક માસ અશાંતિ રહે અને યુદ્ધ વધે તે મુજબ હજારથી ઉપર લોકો યુદ્ધમાં હતાહત થયા છે જે સમગ્ર માનવજાત માટે ચિંતાનો વિષય છે તો અત્રે ૨૦૨૬ શરૂઆત પહેલા જ લખેલું કે બુધ હોવાથી આર્થિક ક્રિપ્ટો કરન્સી ને બેન્કિંગ નિકાસમાં ધરમૂળથી મુજબ વાતાવરણ બની સંદિગ્ધ કારણોસર ભૂકંપ ચેતવણી સ્વરૂપ ઘટના અમેરિકાની ટેક્નોલોજી અપને વિનાશક ઉપયોગ પણ આહત થતા બાબતોમાં,મુદ્રામાં વ્યવસ્થા અને આયાત ફેરફાર જોવા મળે તે રહ્યું છે અને ઈરાનમાં પણ નોંધાયો છે જે ગણી શકાય અને એડવાન્સ એ આઈનો પણ સામે આવશે. હાલ આપણે આકાશિક રેકોર્ડ વિષે વાત કરી રહ્યા છીએ ત્યારે એ જાણવું રસપ્રદ બની રહેશે કે ભવિષ્ય માટે નવા સારા આકાશિક રેકોર્ડ બનાવવામાં દિવ્ય વસ્તુ પણ સારી એવી ભૂમિકા ભજવે છે જે રીતે આકાશિક રેકોર્ડથી આપણે જન્મોજન્મના રેકોર્ડ જોઈએ છીએ તે રીતે ભવિષ્ય માટે પણ સુંદર નવા કાર્મિક એકાઉન્ટ માટે અને દિવ્ય કાર્ય માટે આપણા ઘર અને વ્યવસાયના સ્થળનું વાસ્તુ અનુકૂળ હોવું જોઈએ વળી આર્થિક સધ્ધરતા માટે શ્રી વાસ્તુ હોય તો સારા વાઈબ્રેશનથી નવા હકારાત્મક આકાશિક રેકોર્ડ બને છે જે આપણા જન્મોજન્મના ધ્યેયને સાકાર કરવામાં મદદરૂપ સાબિત થાય છે અને જો વાસ્તુદોષ હોય તો આપણા ધ્યેય અને સફળતામાં રુકાવટ આવતી જોવા મળે છે.!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

### રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન

# સુરેન્દ્રસિંહ વાળાના આંગણે અલૌકિક ધર્મોત્સવ: પૂ.લાલબાપુની પધરામણી

## સંત શિરોમણીના પાવન પગલાથી ભાવનગરના થોરાળાની ભૂમિ પણ બની ધન્ય ધન્ય

### હજારો ધર્મ પ્રેમી જનતાએ ભક્તિના મહાસાગરમાં ડૂબકી લગાવી: વાળા પરિવાર બન્યો ધર્મોત્સવનો યજમાન









**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકાની સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાના આંગણે તાજેતરમાં એક અલૌકિક આધ્યામિક અવસરની ઉજવણી કરવામાં આવી હતી. સંત શિરોમણી પૂ.લાલબાપુની પાવનકારી પધરામણી તેઓના આંગણે થઈ હતી.હજારો ધર્મ પ્રેમી જનતાએ ધર્મોત્સવના મહાસાગરમાં ડૂબકી લગાડવા માટે વાળા પરિવાર નિમિત્ત બન્યો હતો.

સૌરાષ્ટ્ર હંમેશાથી મહાપુરૂષો રૂપી મોતીઓ આપનાર સાગર રહ્યો છે પરંતુ સમય જતા કળિયુગે પોતાની પકડ મજબૂત કરી હોઈ ત્યારે એ સાગરમાંથી મોતી ખૂટી ગયા હોઈ તેવું લાગવા માંડ્યું હતુ.પૂ.લાલબાપુ જેવા સંત આપી સૌરાષ્ટ્રએ ફરી એક વાર પોતાનો પરચો બતાવ્યો છે.૧૫ જ વર્ષની બાળ અવસ્થામાં એક બાળકને જયારે દુનિયાના બધા રંગોની હજી પૂર્ણ રૂપે ભાન પણ ન થતી હોઈ ત્યારે માત્ર ૧૫ વર્ષની આયુમાં પૂ.

લાલબાપુએ ભેખ લીધો હતો.આકરી તપસ્યા હોઈ ત્યારે આવા તેજસ્વી સંત થવાય અને એમાંના એક લાલબાપુ છે.સંત શિરોમણી શ્રી શામળા બાપા જેવા સંતો ના જ ખોળામાં રમી મોટા થયા હોઈ એવા વ્યક્તિને સંતોના ચરણની સેવાનો લાભ તો ગળસુંથી માં જ મળ્યો હોઈ.

સુરેન્દ્રસિંહ વાળાના ભક્તિ ભાવ અને કુશળતાથી થોરાળામાં આ પધરામણી પ્રસંગ જાણે મહોત્સવ બની ગયો હોઈ તેવું લાગતું હતું.ભવ્ય આયોજન, ભવ્ય સ્વાગત સમારોહ, ભવ્ય ધર્મ સભા, ભવ્ય ભોજન પ્રસાદ, ભવ્ય ડેકોરેશન ,જીપ, ઘોડેસવારો, બેન્ડ વાજા, ફટાકડા, ફુલહાર અને ગ્રામ્ય લોકોથી જાણે સંતનું ફુલેકું નીકળ્યું હોઈ તેવો સ્વાગતનો નજારો જોવા મળ્યો હતો.

સંત શ્રી શામળા બાપા આશ્રમના પટાંગણમાં વિશાળ ડોમ સ્ટેજ, સ્ટેજ પર ગાદીપતિ તરીકે બિરાજમાન પૂ.લાલબાપુ



સાથે પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર ભાર્ગવ બાપુ, પૂજ્ય રાજૂ ભગત, પૂજ્ય દોલું ભગત અને અન્ય મહાનુભાવો સ્ટેજને સુશોભિત કરી રહ્યા હતા. વિશાળ મંડપ, એલઈડી સ્ક્રીન, સાઉન્ડ, શ્રી લાલબાપુની સંતવાણી અને પોતાના વક્તવ્યથી સુરેન્દ્રસિંહ વાળા એ વાતાવરણ માં જોશ અને ઉમંગ ભરી દીધો હતો. વાળાંકના ગામોથી વાળા રાજવંશી, અન્ય ગામોથી ગામત્રુ અને શ્રી લાલબાપુના સેવક ગણ તરીકે પધારેલા મહેમાનો અને અન્ય મહેમાનો પણ એ સાત્વિક અને સ્વાદિષ્ટ વિગેરે વિગેરે વાનગીઓનો પ્રસાદ ગ્રહણ કર્યો સાથો સાથ ઉતારા વ્યસવથાની પણ કાળજી લેવામાં આવી હતી.

આકર્ષક લાઈટિંગ અને રંગબિરંગી ફૂલોથી આશ્રમ, ઘર અને સમસ્ત ગામને સજાવવામાં આવ્યું હતું. થોરાળા તો જાણે અયોધ્યામાં ભગવાન શ્રી રામ ના આગમનથી દિવાળી નો માહોલ હોઈ તેવું પ્રત્યક્ષ થાય તેવું શણગારવામાં આવ્યું હતું.સંતવાણીનો રસપાન કરવા આવેલ ધર્મનિષ્ઠ લોકોમાં રાજકોટથી પણ અનેક હસ્તીઓ જેમ મેયર, કોર્પોરેટરો અન્ય રાજનૈતિક અને સામાજિક અગ્રણીઓ હાજરી આપી હતી.પૂ. લાલબાપુના સામૈયા, બાપુની આરતી, દર્શનાભિલાષીને પ્રત્યક્ષ દર્શન અને આશીર્વાદથી વંચિત લોકોને ચરણ સ્પર્શની તક સંભવ કરાવતા અને પધારેલા સમસ્ત સમાજના સ્ત્રીઓને પહેરામણી, સમસ્ત સમાજના લોકોને પ્રસાદ. સમસ્ત વાળા સમાજને ગૌરવાન્વિત કરે એવા એક અલૌકિક સ્વપનને હકીકતના રૂપમાં સાકાર કરતા સુરેન્દ્રસિંહ વાળા પર આવા ધાર્મિક અવસર બદલ અભિનંદન વર્ષા થઈ રહી છે.

### સેવા પરમો ધર્મ..

# બોલબાલા ટ્રસ્ટ દ્વારા વડીલો માટે હેલ્થ ચેકઅપ કેમ્પની સાથે અશક્ત ગૌમાતાઓને દેશી ઘીના લાડવા જમાડાયા

### માનવસેવાની સાથે સાથે જીવ દયાના સમન્વય સમા બોલબાલાના સેવાયજ્ઞની ચોમેર સરાહના

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર માં સમાજ સેવા સાથે ધર્મ પારાયણતા માટે જાણીતી સંસ્થા શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સીનીયર સીટીઝનો ના આરોગ્ય નિદાન સેવાયજ્ઞ સાથે અબોલ પશુઓ પ્રત્યેની કરુણા દાખવતા એક નવતર અભિયાન નું સમન્વય કરવામાં આવ્યું હતું.

સિનિયર સિટીઝનો માટેમેડિકલ ચેકઅપ નિદાન માર્ગદર્શન જાગૃતિ કાર્યક્રમની સાથે બોલબાલા ટ્રસ્ટ દ્વારા જીવ દયા અભિયાન અંતર્ગત શહેરમાં અશક્ત નિરાધાર, વૃદ્ધ, બીમાર ગૌમાતા ઓ ને ચોખ્ખા ઘીના



૭૦૦કિલો લાડવા જમાડીને માનવ સાથે પશુ સેવાને ધર્મ પારાયણતાનો બેવડો સમન્વય કર્યો હતો.

મારવાડી કોલેજ ખાતે ફિઝિયોથેરાપી સેન્ટરમાં યોજાયેલા સિનિયર સિટીઝન સભ્યો માટેના નિદાન માર્ગદર્શન અને જાગૃતિ માટેના કાર્યક્રમોમાં ડોક્ટરો ,આરોગ્ય કર્મચારી દ્વારા બ્લડપ્રેશર, બ્લડ સુગર ચેકઅપ ,આરોગ્ય સંબંધિત પ્રાથમિક તપાસ કરીને તેમના આરોગ્ય મુજબ યોગ્ય સલાહ દવાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ માટે ડોક્ટર આશિષ ઠક્કર નીટીમે આરોગ્ય જાગૃતિ માર્ગદર્શન સત્રમાં નિયમિત કસરત સંતુલિત આહાર માનસિક સ્વાસ્થ્ય દૈનિક જીવનમાં સકારાત્મકતા જાળવવા માટે હિમાયત કરી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સિનિયર સિટીઝન જોડાયા હતા. બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાયના

(અનુ. આઠમા પાને)

### વડતાલધામના આંગણે આધ્યાત્મિકતા અને રાષ્ટ્રભક્તિનો સંગમ

# આરએસએસના પ્રમુખ મોહન ભાગવતે કર્યા લક્ષ્મીનારાયણ દેવના દર્શન

### સારંગપુરના કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીએ 'કિંગ ઓફ સાળંગપુર'ની મૂર્તિ અર્પણ કરી સરસંઘચાલકનું કર્યું ભવ્ય સ્વાગત

**અબતક, રાજકોટ**

યાત્રાધામ વડતાલ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતજીએ શુભેચ્છા મુલાકાત લેતા સમગ્ર સંકુલમાં ભકિત અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આ મુલાકાત દરમિયાન તેમણે વડતાલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન આદિ ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણ દેવ અને હરિકૃષ્ણ મહારાજ સહિતના દેવોના ભાવપૂર્વક દર્શન કર્યા હતા. દર્શન બાદ તેમણે સંતો સાથે ગહન આધ્યાત્મિક ચર્ચા કરી



આશીર્વચનનો લાભ લીધો હતો.

મુલાકાત દરમિયાન સરસંઘચાલકે વડતાલધામના સમૃદ્ધ આધ્યાત્મિક વારસા અને ઐતિહાસિક મહત્વ વિશે ઊંડી જાણકારી મેળવી હતી. મંદિરના પવિત્ર પરિસરમાં ભક્તિભાવપૂર્વક

(અનુ. આઠમા પાને)

# આર્યનગર,શિવશ્રૃષ્ટિ પાર્ક સહિત સોસાયટીની શેરી- ગલીઓ પેવીંગ બ્લોકથી મઢાશે

### ધારાસભ્ય ઉદય કાનગડે વિકાસ કામોનું કર્યુ ખાતમુહુર્ત



**અબતક, રાજકોટ**

રાજકોટ: વિધાનસભા ૬૮ વોર્ડ નં.૫ માં આર્યનગર વિસ્તારની વિવિધ સોસાયટીઓમાં વિકાસને નવી દિશા આપતા અનેક મહત્વપૂર્ણ કામોનું ખાતમુહુર્ત ધારાસભ્ય ઉદય કાનગડના વરદ હસ્તે કરવામાં આવયું હતું.

વોર્ડ નં.૫ માં શિવશ્રૃષ્ટિ પાર્ક ૧ અને ૩ પ્રજાપતિ સોસાયટી તથા અવધપુરી સોસાયટીના કોમન પ્લોટમાં, તેમજ કેયુર પાર્ક, રત્નદીપ સોસાયટી, વલ્લભનગર અને રણછોડનગરમાં રોડ સાઈડના પડખામાં જનભાગીદારીથી પેવીંગ બ્લોક નાખવાના કામો હાથ ધરવામાં આવ્યા હતા. ઉપરાંત

(અનુ. આઠમા પાને)

# મેદસ્વીતા સામે લડવા અમદાવાદમાં દેશ-વિદેશના ૫૦૦ આરોગ્ય નિષ્ણાતોનું મનોમંથન

### અમદાવાદ ખાતે યોજાયેલા ઓસીકોનમાં આર્ટિફીશીયલ ઈન્ટેલીજન્સ આધારિત સારવાર, રોબોટીક્સ સર્જરીની તાલીમ તેમજ વજન ઘટાડવા બેરિયાટ્રીક સર્જરી અને નવી દવાઓના સંશોધન વિશે ચર્ચા કરાય

**અબતક, રાજકોટ**

અમદાવાદના શેલા વિસ્તારમાં આવેલા 'ધ ફોરમ, ક્લબ ૦૭' ખાતે ૨૫ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન 'ઓબેસિટી એન્ડ મેટાબોલિક સર્જરી સોસાયટી ઓફ ઈન્ડિયા' (OSSI) દ્વારા ૨૩મી રાષ્ટ્રીય કોન્ફરન્સ OSSICON 2026 સફળતાપૂર્વક યોજાઈ. દેશમાં ઝડપથી વધી રહેલી મેદસ્વીતા અને તેની સાથે જોડાયેલી બીમારીઓ સામે અસરકારક ઉપાયો શોધવા માટે દેશ-વિદેશના ૫૦૦થી વધુ ડોક્ટરો અને આરોગ્ય નિષ્ણાતોએ ભાગ લીધો.કોન્ફરન્સમાં બેરિયાટ્રિક સર્જન, એન્ડોક્રિનોલોજિસ્ટ, ફિઝિશિયન,




ડાયેટિશિયન, ફિઝિયોથેરાપિસ્ટ અને સાયકોલોજીસ્ટ સહિત વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા. દક્ષિણ કોરિયા, અમેરિકા, યુકે, ચિલી, જાપાન અને નેપાળ જેવા દેશોના નિષ્ણાતોએ આધુનિક સારવાર પદ્ધતિઓ અને સંશોધન અંગે પોતાના અનુભવ શેર કર્યા.આ કાર્યક્રમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત સારવાર, રોબોટિક સર્જરીની તાલીમ તેમજ વજન ઘટાડવાના આધુનિક ઉપાયો જેવી કે બેરિયાટ્રિક સર્જરી, ગેસ્ટ્રિક બલૂન અને નવી દવાઓ અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી.કે.ડી.હોસ્પિટલ કોન્ફરન્સ સેક્રેટરીએટ તરીકે આ રાષ્ટ્રીય કાર્યક્રમને સફળ બનાવવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. નિષ્ણાતોના મત મુજબ, મેદસ્વીતા સામે જાગૃતિ અને આધુનિક સારવાર પદ્ધતિઓ દ્વારા સ્વસ્થ સમાજ અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં મદદ મળશે.

# વાડ જ ચીભડાં ગળે... સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકની મેટોડા બ્રાન્ચ મેનેજરે ગ્રાહકોના ડોક્યુમેન્ટ પર રૂ.૩૪ લાખની લોન લઇ લીધી !

## કારખાનેદાર, બ્યુટી પાર્લર સંચાલિકાની જાણ બહાર તેમના નામે લોન મેળવી વાપરી નાખીઃ હોદાનો ગેરૂપયોગ કરી ખોટી રીતે એલટીસીની રકમનો ક્લેઈમ મંજુર કરી લીધો

## પાક ધિરાણની મંજુરી લીધા વગર જ માતાના નામે ધિરાણ લઈ ત્રણ વર્ષમાં બેંકને મોટું આર્થિક નુકશાન પહોંચાડ્યુંઃ રાજકોટના દલસુખ ડઢાણીયા સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર ગ્રામિણ બેંકની મેટોડા શાખામાં વાડ જ ચીભડાં ગળે તેવો ઘાટ ઘડાયો હતો. બ્રાન્ચ મેનેજરે ગ્રાહકોના ડોક્યુમેન્ટ વાપરી રૂ.૩૪ લાખની લોન લઈ બેંક સાથે વિશ્વાસઘાત કરતાં ફરીયાદ નોંધાઈ હતી.

હોદાનો દુરુપયોગ કરી પોતે જ ગ્રાહક હોવાની કાગળમાં ઓળખ આપી કારખાનેદાર, બ્યુટી પાર્લર સંચાલક બની રૂપીયા પડાવ્યાં હતાં.

બનાવ અંગે હાલ જૂનાગઢમાં રહેતાં મૂળ કુતિયાણાના ખાગેશ્રી ગામના વતની જયંતિલાલ જીવણભાઈ ખાંટ (ઉ.વ.૬૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દલસુખ હરી ડઢાણીયા (રહે. પાટીદાર ચોક, શિલ્પન ઓનેક્સ સામે, રાજકોટ) નું નામ આપતાં મેટોડા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ અગાઉ સૌરાષ્ટ્ર ગ્રામિણ બેંક (ગુજરાત ગ્રામિણ બેંક) રીજીયોનલ ઓફિસ જુનાગઢ ખાતે મેનેજર તરીકે વર્ષ ૨૦૧૯ માં ફરજ બજાવતા હતા, તે પહેલા મેટોડા જી.આઈ.ડી.સી. શાખા સૌરાષ્ટ્ર ગ્રામિણ બેંકમાં મેનેજર તરીકે ડી.એચ.ડઢાણીયા ફરજ બજાવતા હતા.

દલસુખ ડઢાણીયા મેટોડા શાખામાં તા.૨૮/૦૧/૨૦૧૫ થી તા.૧૭/૦૩/૨૦૧૮ સુધી શાખા પ્રબંધક તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે તેઓએ બોગસ ખાતા ખોલેલ હોવાની હકિકત ઓડીટમાં ધ્યાનમાં આવતા બેંકના વીજીલન્સ ડીપાર્ટમેન્ટએ તપાસ કરી ૩૧/૦૧/૨૦૨૬ ના રોજ પોલીસમાં ફરિયાદ દાખલ કરવા હુકમ કર્યો હતો.

આરોપી દલસુખ દઢાણીયાએ રાજકોટના વિનોદભાઈ જમનભાઈ બુસાના નામે તેમના કોઈ દસ્તાવેજો કે કે.વાય.સી ડોક્યુમેન્ટ લીધા વિના તેમની જાણ બહાર રૂપિયા ત્રણ લાખની મર્યાદા વાળી કેશ ક્રેડિટ સુવિધા એકાઉન્ટ બેંકમાં ચાલુ કરી તા.૩૦/૧૨/૨૦૧૭ ના રૂ.૯૦ હજાર રોકડા ઉપાડેલા અને રૂ.૮૫ હજાર બાલાજી એન્જીનિયર્સ (શાપર) ના ખાતામાં જમા કરાવેલ. ત્યાર બાદ તા.૦૯/૦૧/૨૦૧૮ ના રોજ રૂ.૭૦ હજાર રોકડા મેળવી તા.૨૧/૦૨/૨૦૧૮ ના આ ખાતામાં રૂ.૧.૩૦ લાખ રોકડા જમા કરાવેલ હતા.

ત્યારબાદ ડી.એચ.દઢાણીયાની બદલી મેટોડાથી આણંદપર ખાતે થઈ જતા ત્યાથી તેઓએ રૂ.૨૫ હજાર વિનોદભાઈ બુસાના ખાતામા જમા કરાવેલા તે પછી તેઓએ રૂ.૨૦ હજારનો ચેક મોટી મોલડી શાખા (ચોટીલા) માંથી વટાવેલ હતા. ત્યારબાદ મેનેજર તરીકે જીતેશભાઈ જોષી આવતા તેઓએ બાલાજી એન્જીનીયરીંગ શાપર ખાતે ઈન્સપેક્શનમા ગયેલ ત્યારે ધ્યાને આવેલ કે, આ બાલાજી એન્જીનીયરીંગના તેજશભાઈ હરીકાંતભાઈ પંડયા વાળા મળતા ન હોય શંકાસ્પદ લાગતા તેની તપાસ કરતા આ ખાતાધારક વિનોદભાઈ બુસા એકાઉન્ટના કોઈ ડોક્યુમેન્ટ અમને આવેલ નહી.

આ બાબતે વિનોદભાઈ બુસાનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે, પોતાનુ કોઈ બેંક એકાઉન્ટ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકમાં છે જ નહી, જેથી તપાસ ટીમે આ બાબતે તપાસ કરતા આ એકાઉન્ટ જે તે વખતના બ્રાંચ મેનેજર ડી.એચ.ડઢાણીયાએ બેંક લોન વાપરવા માટે ખોલાવેલ હોવાનું સામે આવેલ હતું.

જેમા તા.૩૦/૧૨/૨૦૧૭ થી તા.૦૫/૦૫/૨૦૧૮ દરમ્યાન કુલ રૂ.૪.૫૦ લાખના ગેરકાયદેસર નાણાકીય વ્યવહાર કરેલા છે. જેથી આ બ્રાંચ મેનેજર ડી.એચ. ડઢાણીયાના સમયગાળા દરમ્યાન ઓપન થયેલા તમામ એકાઉન્ટોની તપાસ કરતા જાણવા મળેલ કે, બાલાજી એન્જીનીયર્સ શાપર વેરાવળના પ્રોપ્રાઈટર તેજશ પંડ્યાને તેમના એકાઉન્ટ નંબર ઉપર તેમની કંપનીમાં આવતા રૂ.૩૨.૧૩ લાખની બે ઈન્ડકશન હીટર મશીન ઉપર રૂ.૨૪ લાખની ટર્મ લોન આપવામા આવેલ હતી, જેનું પેમેન્ટ સાંઈનાથ એન્જીનીયરીંગ વર્કસ નામની કંપનીમાં કરવામાં આવેલ હતુ. જેથી લોન માટે આવેલ અરજી બાબતે તપાસ કરતા જાણવા મળેલ કે, મેનજર ડી.એચ.ડઢાણીયાએ આ પેઢીના સીબીલ રિપોર્ટ અને બેંક સ્ટેટમેન્ટ અને બેલેન્સ શીટ ધ્યાને લીધા વિના અને સ્થળ પરીક્ષણ કે પાર્ટીનું બેક ગ્રાઉન્ડ ચેક કર્યા વગર આટલી મોટી લોન મંજુર કરવા માટે ભલામણ કરેલ હતી.

લોન માટે જે કવોટેશન આપવામા આવેલ હતુ. તે મશીન એગ્રીકલ્ચર પ્રોડકટસ અંગેનુ જણાયેલ અને મશીનરી લોન ઉપર પણ પુર્ણ કિંમતનો વિમો લીધેલ ન હતો, બેંકનો ચાર્જ મુવેબલ એસેટ માટે સરસાઈમાં રજીસ્ટર કરવામાં આવેલ નહી, આ તેજશભાઈ પંડ્યા કોઈ બાલાજી એન્જીનીયર્સના માલીક છે જ નહી, પરંતુ આ કંપનીમાં નોકરી કરતા હતા. અને કંપનીનો ભાડા કરાર પણ રાજકોટના મનીષભાઈના નામનો છે, બાલાજી એન્જીનીયર્સમાં ચાર ભાગીદારો હોય જેમાંથી એક ભાગીદાર ભાવેશભાઈને આ તેજસ પંડ્યા બાબતે પુછતા તેઓ આ બાલાજી એન્જીનીયર્સમાં માલીક નથી પરંતુ માર્કેટીંગનું કામ કરે છે તેવુ જણાવેલ છે. તેમજ ડી.એચ.ડઢાણીયાએ શાપરના કેવીન મેંદપરાના નામે રૂ.૨ લાખની મશીનરી લોન, ખીરસરાના પ્રીતીબેન પાટડીયાના બેંક એકાઉન્ટમાં બ્યુટી પાર્લરનો સામાન લેવા માટે બેંકમાં રૂ.૨ લાખની ટર્મ લોન, તેમજ આરોપીએ એડમીનીસ્ટ્રેટીવ પાસેથી પાક ધીરાણ અંગેની મંજુરી લીધા વગર જ તેમના માતા વજીબેન હરીભાઈ ડઢાણીયાના નામે રૂ. ૩ લાખ મંજુર કરી લઈ લીધેલ છે. જે અંગે પોતાને સત્તા ન હોવા છતા પોતે સત્તાનો દુરૂપયોગ કરી પાક ધીરાણ લોન પોતાની માતાના નામે મંજુર કરેલ છે. તેમજ તા.૨૮/૦૭/૨૦૧૨ ના રૂ.૨૪,૯૧૨ નું ખોટી રીતે એલ.ટી.સી.ની રકમનો ક્લેઈમ રજુ કરી મંજુર કરાવેલ છે. જેથી આરોપીએ ત્રણ વર્ષના પોતાના સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક મેટોડા શાખામાં ફરજ કાળ દરમ્યાન બેંકના ખાતા ધારકોના એકાઉન્ટ પોતાના અંગત ઉપયોગ માટે વાપરી પોતાની બ્રાંચ મેનેજર તરીકેની સત્તાનો કે હોદ્દાનો દુરૂપયોગ કરી બીજાના ડોક્યુમેન્ટસ વાપરી તે આધારે લોન મેળવી બેંક સાથે વિશ્વાસઘાત કરી રૂ. ૩૪ લાખથી વધુની ગેરરીતી તથા ગેરવહિવટ કરી બેંકના નિતિ નિયમોનુ ઉલ્લંઘન કરી નાણાકીય નુકશાન કરતાં ફરીયાદ નોંધાવી હતી.

# પ્રેમલગ્ન કરનારી પરિણીતા સાથે પતિ મારકૂટ કરી ત્રાસ ગુજારતો

## કામે જાઉં છું કહી બે મહિને પરત આવતા પત્નીએ પૂછા કરતા ફરી ફટકારીઃ પતિ વિરૂધ્ધ ફરિયાદ

**અબતક, રાજકોટ**

શાપરની પરિણીતાએ પતિ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ આપ્યાની કુવાડવા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પ્રેમલગ્ન કરનારી પરિણીતાને થોડા વર્ષો સારી રીતે રાખ્યા બાદ મારકૂટ શરૂ કરી દેતાં તેણીએ ફરિયાદ નોંધાવી હતી.

રાજકોટ તાલુકાના તરઘડીયા ગામે માવતરે રહેતી ક્રિષ્નાબેન (ઉ.વ. ૨૫) નામની પરિણીતાએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે શાપર વેરાવળમાં રહેતા પતિ વિજય કરશનભાઈ રાઠોડનું નામ આપ્યું છે. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૭/૧/૨૦૨૨ ના રોજ જુના વાઘણીયા ગામ ખાતે જસદણના ભાડલાના વતની વિજય કરશનભાઈ રાઠોડ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. લગ્નજીવન થકી સંતાનમાં એક પુત્ર જય(ઉ.વ.૪) છે.

ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, લગ્ન થયા બાદ પતિ વિજય સાથે શાપર વેરાવળ રહેતી હતી. લગ્નના ત્રણ વર્ષના સમયગાળા સુધી પતિ સારી રીતે રાખતો હતો બાદમાં પતિ અવારનવાર કામ કરવા બાબતે તથા ઘર ખર્ચના પૈસા માંગે તો તે બાબતે ઝઘડાઓ કરી મારકૂટ કરતો હતો. પરંતુ લગ્નજીવન ટકાવવા માટે પરિણીતા કંઈ કહેતી ન હતી. અગાઉ પતિ શાપરમાં પત્નીને એકલા મૂકી અમદાવાદ કામ કરવા જાઉં છું તેમ કહી જતો રહ્યો હતો બાદમાં બે મહિના બાદ ઘરે આવ્યો હતો. તે સમયે આ કયાં ગયા હતા તેમ પૂછતા તે એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ઝઘડો કરી માર મારવા લાગ્યો હતો.

ગઈ તા. ૫-૧૧-૨૦૨૪ ના પરિણીતાએ પતિ પાસે પોતાના સોનાના દાગીના માંગતા પતિએ ફરી ઝઘડો કરી મારમાર્યો હતો અને પતિએ કહ્યું હતું કે મારી પાસે દાગીના નથી તેમ કહી માર મારતા પરિણીતાએ માતાને ફોન કરતા તેઓ અહીં આવી દીકરીને અને નવાસાને તેડી ગયા હતા. ત્યારથી પરિણીતા અહીં માવતરના ઘરે તરઘડીયા રહેવા માટે આવી ગયા છે. બાદમાં પતિ દ્વારા સમાધાનના કોઈ પ્રયાસો કરવામાં ન આવતા અંતે પરિણીતાએ પતિ વિરુદ્ધ કુવાડવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# બુટલેગર રજાક નોતિયાર અને ચીટર દર્પણ મણવર પાસાના પાંજરે પુરાયા

## ક્રાઈમ બ્રાન્ચે વોરંટની બજવણી કરી બંનેને અમદાવાદ જેલ ખાતે ધકેલ્યા

**અબતક, રાજકોટ**

ક્રાઈમ બ્રાન્ચે દારૂ સહિતના ગુનામાં સંડોવાયેલ દૂધસાગર રોડના બુટલેગર રજાક નોતિયાર અને ચીટિંગના ગુનામાં સંડોવાયેલ સ્પીડવેલ ચોક નજીક રહેતા દર્પણ મણવરને પાસાના પાંજરે પૂર્યા છે. પોલિસેં પાસા વોરંટની બજવણી કરી બંનેને અમદાવાદ જેલ ખાતે ધકેલી દીધા હતા.



પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલિસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલિસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા વારંવાર ગુના આચરતા શખ્સો વિરુદ્ધ અસરકારક અટકાયતી પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા દારૂ અને મારામારીના ત્રણ ગુનામાં પોલિસ ચોપડે ચડી ચૂકેલ બુટલેગર રજાક ગુલાબભાઈ નોતિયાર (ઉવ ૨૭ રહે. માજોઠીનગર શેરી નં.-૧, દૂધસાગર રોડ, રાજકોટ) અને છેતરપિંડીના ચાર ગુનામાં સંડોવાયેલ દર્પણકુમાર મનસુખલાલ મણવર (ઉવ ૪૦ હાલ રહે. કોસમોસ એપાર્ટમેન્ટ, સ્પીડવેલ ચોક, કાલાવડ રોડ, રાજકોટ) વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી હતી. જે દરખાસ્તને પોલિસ કમિશ્નરે મંજુર કરતા ક્રાઈમ બ્રાન્ચે પાસા વોરંટની બજવણી કરી બંને શખ્સોને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ધકેલી દીધા હતા. આ કામગીરી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર, સી એચ જાદવ, પીએસઆઈ એસ વી ચુડાસમા, એએસઆઈ ભરતભાઈ વનાણી, ઘનશ્યામભાઈ મેણીયા, અનિલભાઈ સોનારા, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ સોલંકી, ગિરિરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા, રાજેશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવી હતી.

# રૂખડીયાપરાની સગીરા અને અપહરણકર્તાને પશ્ચિમ બંગાળ ખાતેથી શોધી લેવાયા

## લગ્નની લાલચ આપી ઉઠાવી જનાર શખ્સ વિરૂધ્ધ પોક્સો, દુષ્કર્મની કલમોનો ઉમેરો કરાયોઃ પ્ર.નગર પોલિસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

શહેરના રૂખડીયાપરા વિસ્તારમાંથી ત્રણ માસ પૂર્વે ભેદી રીતે ગુમ થયેલી ૧૪ વર્ષીય સગીરાને પશ્ચિમ બંગાળ ખાતેથી શોધી લેવાઈ હતી. પ્ર.નગર પોલિસે સગીરાનું અપહરણ કરી જનાર શખ્સની ધરપકડ કરી ફરિયાદમાં દુષ્કર્મ-પોકસો એક્ટ સહીતની કલમોનો ઉમેરો કરી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.



સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો ગત તા. ૧૧/૧૨/૨૦૨૫ ના રોજ રૂખડીયાપરાની ૧૪ વર્ષીય સગીરા બેનના ઘરે જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ ભેદી રીતે ગુમ થઈ જતાં સગીરાની માતાએ પ્ર.નગર પોલિસ મથકમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા શરીર સંબંધિત અને મિલકત સંબંધિત ગુનાઓ ડિટેક્ટ કરવા આપવામાં આવેલી સૂચનાને પગલે પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ વી આર વસાવાની માર્ગદર્શન હેઠળ અનડીટેક્ટ ગુનાઓ ડિટેક્ટ કરવા માટે પીએસઆઈ જે બી રાણીંગાની ટીમે ટેકનિકલ સોર્સ તથા હ્યુમન રિસોર્સથી ચોક્કસ હકીકત મેળવી પશ્ચિમ બંગાળના પૂર્વ બર્ધમાન જિલ્લાના બોરા ગામ ખાતેથી અપહરણ કરનાર આરોપી રાજેશ મહાદેબ સંતરાની ધરપકડ કરી સગીરાને મુક્ત કરાવી પરિવારના હવાલે કરી હતી. વધુમાં રાજેશ સંતરાએ સગીરા સાથે શારીરિક સંબંધ બાંધ્યાની ખરાઈ થતાં પોલિસેં અપહરણના ગુનામાં દુષ્કર્મ અને પોક્સો એક્ટની કલમોનો ઉમેરો કરી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે, અગાઉ સગીરા એક કારખાનામાં મજૂરી કરવા જતી હતી ત્યારે તેનો પરિચય રાજેશ સંતરા સાથે થતાં બંને વચ્ચે મિત્રતા બંધાઈ હતી. જે બાદ રાજેશ સગીરાને લગ્નની લાલચ આપી પશ્ચિમ બંગાળ ખાતે ભગાડી ગયો હતો.

આ કામગીરી પ્ર. નગર પોલિસ મથકના પીઆઈ વી આર વસાવા, સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ જે બી રાણીંગા, એમ જે વરુ, હેડ કોન્સ્ટેબલ કિશોરભાઈ ચુડાસમા, મહિલા કોન્સ્ટેબલ ક્રિષ્નાબેન્ક સીતાપરા દ્વારા કરવામાં આવી હતી.

# માયાણી ચોક નજીક ત્રણ માસ્ટર આઈડી પર જુગાર રમતો એસ્ટેટ બ્રોકર પ્રિતેશ ઝડપાયો

## મિત્ર દર્શન જેન્તી ગોરસીયા પાસેથી ઓનલાઈન આઈડી મેળવી જુગાર રમતો 'તો, તેની પણ ધરપકડઃ બુકી અંગે પોલિસે મોં સીવ્યુ

**અબતક, રાજકોટ**

હાલમાં ટી-૨૦ વર્લ્ડકપ અંતિમ તબક્કામાં છે. ત્યારે પંટરો નસીબ અજમાવી રહ્યા છે. દરમિયાન માયાણી ચોકમાં ત્રણ માસ્ટર આઈડી પર જુગાર રમતાં એસ્ટેટ બ્રોકર અને એક વેપારીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી કાર્યવાહી કરી હતી. જો કે, મુખ્ય બુકી સુધી પહોંચવામાં પોલીસના હાથ ટૂંકા પડ્યા હોય તેવું સામે આવી રહ્યું છે.

દરોડાની વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં એએસઆઈ અનીલભાઈ સોનારા, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ સોલંકી અને કોન્સ્ટેબલ રાજેશભાઈ ચાવડા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે માયાણી ચોકમાં બાલાજી પાઉભાજી દુકાનની સામે જાહેરમાં એક શખ્સ જે પોતાના મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચ, કસીનો તથા અન્ય અલગ-અલગ ગેમ્સમાં આઈ.ડી. રાખી જુગાર રમતો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ તેનુ નામ પુછતા પોતાનુ નામ પ્રિતેષ ધીરજલાલ વોરા (ઉ.વ.૩૩, ધંધો જમીન મકાન લે-વેંચ, રહે. રાધાનગર સોસાયટી, શેરી નં.૭, નાના મવા રોડ, પી.જી.વી.સી.એલ.ની ઓફીસ પાછળ) હોવાનું જણાવ્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે તેનો મોબાઈલ ફોન લઈ તપાસ કરતાં તેમાં ૯૯એક્સ.કોમ તથા ઓલ પેનલ્સ એકસ.એપ, રૂપિસ૭૭૭.કોમ નામની અલગ અલગ કુલ ૩ યુઝર આઈડીઓ સર્ચ કરી ખોલેલ જોવામાં આવેલ જે આઈડી બાબતે પુછપરછ કરતા જણાવેલ કે, પોતે ત્રણેય આઈડીઓ પોતાની સાથે રહેલ પોતાના મિત્ર દર્શન જેન્તી ગોરસીયા (ઉ.વ.૩૦, ધંધો વેપાર, રહે. પરમેશ્વર પાર્ક સોસાયટી, શેરી નં.૨, માયાણી ચોક, નાના મૌવા રોડ) પાસેથી લીધેલ હોવાનુ જણાવેલ હતું.

જે બાદ દર્શનની અટક કરી તેના મોબાઈલ ફોનમાં તપાસ કરતાં પ્રિતેષ વોરાને ત્રણેય આઈડી પૈકી રૂપિસ ૭૭૭ આઈડીની લીંક તથા યુઝરનેમ અને પાસવર્ડ શેર કરેલ જોવામાં આવેલ હતાં. હાલ પોલીસે બંને શખ્સોની ધરપકડ કરી.

# રેલનગરમાં રહેતી મહિલાને હેડ કોન્સ્ટેબલની ઓળખ આપનાર શખ્સે દેહ ચૂંથ્યો

## મૂળ એમપીની મહિલા સાથે ફેસબુકથી સંપર્ક કેળવી પ્રેમજાળમાં ફસાવી, લગ્નની લાલચ આપી ઘરે ઘસી જઈ અવારનવાર દુષ્કર્મ ગુજાર્યો

## હવસ સંતોષી ફોન સ્વીચ ઓફ કરી ભૂગર્ભમાં ઉતરી જનાર અમિતસિંગ વિરુદ્ધ પ્ર.નગર પોલિસ મથકમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રેલનગરમાં એકલી રહેતી મૂળ એમપીની ૩૮ વર્ષીય મહિલાને હેડ કોન્સ્ટેબલની ઓળખ આપી ફેસબુક મારફતે સંપર્કમાં આવેલ શખ્સે લગ્નની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ ગુજાર્યો હતો. જે મામલે પ્ર. નગર પોલીસે દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે રેલનગર વિસ્તારમાં રહેતી ૩૮ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે અમિતસિંગ પ્રભાતસિંગ ચૌહાણ (રહે રાજકોટ)નું નામ આપતા પ્ર.નગર પોલીસે બીએનએસની કલમ ૬૯ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

જે અંગે વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, ફરિયાદી મહિલા મૂળ મધ્યપ્રદેશના વતની છે અને હાલ તેઓ રાજકોટમાં એકલા રહે છે, તેમજ પોતે અપરિણીત પણ છે. ગઈ તા.૦૩-૦૫-૨૦૨૫ ના રોજ તેઓ ફેસબુકના માધ્યમથી આરોપી સાથે સંપર્કમાં આવેલા હતા. જે બાદ બંને વચ્ચે મિત્રતા થતા વાતચીત કરતા હતા. જે દરમિયાન આરોપીએ પોતે રાજકોટ પોલીસમાં હેડ કોન્સ્ટેબલ હોવાની પણ ઓળખ આપી હતી. જે બાદ મહિલા જે ઘરે રહે છે, ત્યાં આરોપી પહોંચ્યો હતો અને પ્રથમ પ્રેમ જાળમાં ફસાવી હું તારી સાથે જ લગ્ન કરીશ તેમ કહી વિશ્વાસ કેળવ્યો હતો. .

જે બાદ તે મહિલાના ઘરે અવારનવાર આવતો અને લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધતો હતો. જે બાદ મહિલાએ તેને લગ્ન બાબતે વાત કરતાં તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. જે બાદ ગઈ તા.૨૧-૦૨-૨૦૨૫ ના તે પોતાનો ફોન સ્વીચઓફ કરી અને રાજકોટમાંથી જ ભાગી ગયો હતો. જે બાદ મહિલાને પોતાના શરીરનું શોષણ થયાનું સામે આવતા તરત જ પોલીસ મથકે દોડી આવી હતી અને પ્ર. નગર પોલીસ મથકના પીઆઈ વી.આર.વસાવા અને ટીમે તુરંત જ ગુનો દાખલ કરી પીએસઆઈ ડી.એસ.ગજેરા અને ટીમે આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# એરપોર્ટ રોડ પરથી ચોરાઉ રીક્ષા સાથે ઈમરાન અને ઈરફાન ઝડપાયા

## અમદાવાદ અને ગુંદાળા ગામના શખ્સને પકડી રીક્ષા કબ્જે : ગાંધીગ્રામ પોલિસ મથકમાં નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલાયો

**અબતક, રાજકોટ**

શહેરના એરપોર્ટ રોડ પરથી ચોરાઉ રીક્ષા સાથે ક્રાઈમ બ્રાન્ચની ટીમે બેલડીની ધરપકડ કરી હતી. અમદાવાદ અને ગુંદાળા ગામના શખ્સોને દબોચી ક્રાઈમ બ્રાન્ચે ગાંધીગ્રામ પોલિસ મથકમાં નોંધાયેલ રીક્ષાચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

ઉચ્ચ પોલિસ અધિકારીઓ દ્વારા મિલકત સંબંધી ગુનાઓ તેમજ વાહન ચોરી, મોબાઈલ ચોરી, રીક્ષા ચોરી અને પેસેન્જરનો લૂટી લેવાના બનાવો અટકાવવા તથા આ પ્રકારના ગુનાઓ ડિટેક્ટ કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર અને સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર કે ગોહિલની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ સંજયભાઈ દાફડા, હેડ કોન્સ્ટેબલ પ્રતીકસિંહ રાઠોડ, મુકેશભાઈ સબાડ અને જયેન્દ્રસિંહ પરમારને મળેલી ખાનગી હકીકતના આધારે એરપોર્ટ રોડ પર જૈન દેરાસર પાસેથી ઈમરાન ઉર્ફે મુકેશ ઈસુબભાઈ શેખ (ઉવ ૨૯ હાલ રહે. અમદાવાદ,બાપુનગર) અને ઈરફાન નિઝામભાઈ સર્વદી (ઉવ ૨૪ મૂળ રહે ગુંદાળા ગામ, હાલ રહે. માંડા ડુંગર વિસ્તાર, આજીડેમ, રાજકોટ)ની ધરપકડ કરી રૂ. ૨૫,૦૦૦ ની કિંમતની જીજે-૦૩એએકસ-૫૩૭૫ નંબરની રીક્ષા કબજે કરી ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાયેલ વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. ઝડપાયેલ શકશો પૈકી ઈમરાન ઉર્ફે મુકેશ વિરુદ્ધ ચોરી સહિતના ત્રણ ગુના જ્યારે ઈરફાન વિરુદ્ધ ચોરી, હુમલા સહિતના ચાર ગુના નોંધાઈ ચૂક્યાનું સામે આવ્યું હતું.

આ કામગીરી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર, સી એચ જાદવ, પીએસઆઈ આર કે ગોહિલ, એએસઆઉ અશોકભાઈ કલાલ, રણજિતસિંહ પઢારીયા, સંજયભાઈ દાફડા, વિજયરાજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ સુભાષભાઈ ધોઘારી, તુલસીભાઈ ચુડાસમા, પ્રતીકસિંહ રાઠોડ, મુકેશભાઈ સબાડ, કોન્સ્ટેબલ સંજયભાઈ ખાખરીયા દ્વારા કરવામાં આવી હતી.


**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **મિતુલ સનતભાઈ દાતાણી** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **મિતુલ સનતકુમાર દાતાણી** હતું અને મેં મારું નવું નામ **મિતુલ સનતભાઈ દાતાણી** રાખ્યું છે. હવેથી મને **મિતુલ સનતભાઈ દાતાણી** તરીકે ઓળખવામાં આવશે.

**સરનામું:મિતુલ સનતભાઈ દાતાણી S/O સનતભાઈ ખરાવડ પ્લોટ, વિરપુર (જલારામ) વિરપુર, જીલ્લો રાજકોટ ગુજરાત – 360380, ભારત**



**:: જાહેર નોટીસ ::**

હું વાનિયા આકાશીદેવી નરેશભાઇ, ધર્મેઃ હિન્દુ, ઉ.વ.આ.૬૫, ધંધોઃ મજૂરીકામ, રહે.જંગલેશ્વર મેઈન રોડ, વેલનાથ ચોક, રાજકોટ. વાળા આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે મારી પુત્રી વાનિયા સવિતા નરેશભાઇનો જન્મ તારીખ ૦૧/૦૫/૧૯૯૩ ના રોજ જંગલેશ્વર મેઈન રોડ, વેલનાથ ચોક, રાજકોટ મુકામે ઘરે થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતાના તથા સરતચૂકના કારણે મારી પુત્રી વાનિયા સવિતા નરેશભાઇના જન્મ અંગેની નોંધ સરકારી રેકર્ડમાં આજદિન સુધી કરવામાં આવેલ નથી. આથી મારી પુત્રી તારીખ ૦૧/૦૫/૧૯૯૩ ના રોજ જન્મ થયેલ છે. તેની જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર સાહેબ શ્રી, રાજકોટ શહેર (પૂર્વે), જૂની કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ રાજકોટ સમક્ષ દાદ મળવા અંગે અમારા વકીલ શ્રી કે. બી. સોલંકી (એડવોકેટ) મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે, આ જન્મ નોંધ સબંધે કોઈપણ ઇશમોને વાંધો કે તકરાર હોય તો આ નોટિસ પ્રસીદ્ધ થયાની તારીખથી દિવસ 30માં લેખિત આધાર-પુરાવા સાથે એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર સાહેબ શ્રી, રાજકોટ શહેર (પૂર્વે), જૂની કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ રાજકોટ સમક્ષ રજૂ કરવા જેની મામ. (પૂર્વે) / મજસ / જન્મ-મરણ રજી. નં.૨૫/૨૦૨૬

રાજકોટ, તા.૦૫/૦૩/૨૦૨૬ એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર સાહેબશ્રી, રાજકોટ શહેર (પૂર્વે)

**અરજદારની સહીઃ** આકાશી દેવી વાનિયા આકાશીદેવી નરેશભાઇ



**પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ૪૭ વર્ષ ૨૦૨૫-૨૬ તા.03/03/૨૦૨૬**

**RDSA મેદાનનો વિકાસ, કાંટાદાર ફેસીંગ સહિત બાઉન્ડ્રી દિવાલ, CC રોડ, અને પાથવેનું બાંધકામ**

**ઈ-ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-૨૦૨૫-૨૬-E-૯૫ કામનું નામ :** રાજકોટ ડિવિઝન :- ૧) RDSA મેદાનનો વિકાસ. ૨) રાજકોટ ખાતે ડિવિઝનલ ડેપો અને સ્ક્રેપ યાર્ડમાં કાંટાવાળા તારની ફેન્સિંગ સહિત બાઉન્ડ્રી દિવાલ, CC રોડનું બાંધકામ અને અન્ય પરચુરણ કામ અને ૩) રાજકોટ કોચિંગ ડેપો ખાતે અન્ડર ફ્લોર વ્હીલ લેથની જોગવાઈના સંબંધમાં પાથવે અને અન્ય સહાયક કામ. **NITની અંદાજીત પડતરઃ** ₹ ૧,૫૬,૭૦,૭૪૬.૦૫ **અર્નેસ્ટ મનીઃ** ₹ ૨,૨૮,૪૦૦.૦૦ **ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** ૨૬-૦૩-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટઃ** www.ireps.gov.in

RJT-207

અમને લાઇક કરો: facebook.com/WesternRly

### તંત્રી લેખ

# બદલાતા વિશ્વમાં યુધ્ધ નહીં, શાંતિ જ છે સમયની માંગ

ઈરાન અને અમેરિકા વચ્ચેનો વધી રહેલો ટકરાવ માત્ર દ્વિપક્ષીય સંઘર્ષ નથી, પરંતુ તે ઉભરતી નવી વૈશ્વિક વ્યવસ્થાની કસોટી છે. વિશ્વ અત્યારે એક એવા પરિવર્તનશીલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે જ્યાં સત્તાના જૂના સમીકરણો તૂટી રહ્યા છે અને નવી વ્યવસ્થા હજુ સ્થિર થઈ નથી. અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનો વર્તમાન તણાવ માત્ર પશ્ચિમ એશિયા પૂરતો સીમિત રહેવાનો નથી. જ્યારે મહાસત્તાઓ સીધા કે પ્રોક્સી યુદ્ધમાં ઉતરે છે, ત્યારે તેની અસર સીમાઓ ઓળંગીને સમગ્ર માનવજાત પર પડે છે.

કોઈપણ મોટા સંઘર્ષનો સૌથી મોટો ફટકો ઉર્જા બજારને પડે છે. જો હોર્મુઝની સામુદ્રધુની મારફતે થતો ગ્લોબલ ઓઈલ સપ્લાય ખોરવાય, તો ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી શકે છે. ભારત જેવા ઉર્જા-આયાતકાર દેશ માટે આ બેવડો પડકાર છે. એક તરફ મોંઘવારીનો માર અને બીજી તરફ આર્થિક વિકાસ પર બ્રેક. ક્રૂડ ઓઈલ મોંઘુ થવાથી ટ્રાન્સપોર્ટેશન, ખાતર, વીજળી અને મેન્યુફેક્ચરિંગ ખર્ચ વધે છે, જેનો સીધો બોજ સામાન્ય નાગરિક પર પડે છે. ગ્લોબલ ફાઈનાન્શિયલ માર્કેટ પહેલેથી જ અસ્થિર છે, ત્યારે લાંબુ યુદ્ધ રોકાણ અને આર્થિક વિકાસને વધુ ધીમો પાડી શકે છે.

યુદ્ધની આ પરિસ્થિતિ ભારત માટે સામાજિક અને વ્યૂહાત્મક રીતે પણ ગંભીર છે. મિડલ ઈસ્ટમાં અંદાજે ૯૦ લાખ ભારતીયો વસે છે. યુદ્ધ ફાટી નીકળે તો તેમની સુરક્ષા જોખમાશે અને તેમના દ્વારા દેશમાં આવતા અબજો ડોલરના રેમિટન્સ પર સીધી અસર પડશે. આ ઉપરાંત, રાતા સમુદ્ર અને અખાતી દેશોમાં તણાવ વધવાથી શિપિંગ ખર્ચમાં વધારો થશે, જે ભારતની નિકાસ અને અર્થવ્યવસ્થા પર દબાણ વધારશે. આવા સમયે ભારતે પોતાના નાગરિકોની સુરક્ષા અને અર્થતંત્રને બચાવવા માટે અત્યંત સાવચેતીપૂર્વક કદમ ઉઠાવવા પડશે.

આવા સંવેદનશીલ સમયે, ભારત માત્ર એક પ્રભાવિત રાષ્ટ્ર નથી, પરંતુ એક સક્ષમ મધ્યસ્થી અને સંતુલનકર્તા બની શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અપનાવવામાં આવેલી 'બહુ-જોડાણ' અને 'વ્યૂહાત્મક સ્વાયત્તતા' ની નીતિ આ સમયમાં નિર્ણાયક સાબિત થઈ રહી છે. ભારત પાસે અમેરિકા અને યુરોપ સાથે મજબૂત વ્યૂહાત્મક ભાગીદારી છે, ઈરાન સાથે ઐતિહાસિક સંબંધો છે, અને ઈઝરાયેલ સાથે ઊંડો સંરક્ષણ સહયોગ છે. આ સંતુલન ભારતને શાંતિની પહેલ માટે એક વિશ્વસનીય મંચ પૂરો પાડે છે. વર્તમાન સમયમાં ભારત બ્રિક્સ (**BRICS**) નું અધ્યક્ષપદ પણ સંભાળી રહ્યું છે, જેમાં ઈરાન પણ હવે સભ્ય છે. આ મંચનો ઉપયોગ કરીને ભારત 'ગ્લોબલ સાઉથ' નો અવાજ બનીને યુદ્ધવિરામ અને બહુપક્ષીય સંવાદ માટે દબાણ કરી શકે છે.

# દીવમાં વિકાસ કાર્યોને વેગવાન બનાવવા પ્રશાસક પ્રફુલ પટેલની તંત્રને તાકીદ

## પ્રશાસકના પ્રવાસ દરમિયાન ગોમતી માતા ખાતે બે નંદઘરનું લોકાર્પણ; વિવિધ પ્રોજેક્ટની ગુણવત્તા અને સમયમર્યાદા અંગે અધિકારીઓને સૂચના





**અબતક, રાજકોટ**

દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવના પ્રશાસક પ્રફુલ પટેલે દીવ જિલ્લાના વિકાસ કાર્યોની સમીક્ષા માટે સત્તાવાર મુલાકાત લીધી હતી. આ દરમિયાન વણાકવારા સ્થિત ગોમતીમાતા ખાતે નવનિર્મિત નંદઘર નં. ૧અને ૭નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ નંદઘરો દ્વારા ગર્ભવતી માતાઓ, ધાત્રી માતાઓ અને ૬ મહિના થી ૬ વર્ષ સુધીના બાળકોને લાભ મળશે.

પ્રશાસકે લાભાર્થીઓને ફ્રૂટ બાસ્કેટ આપી સન્માનિત કર્યા અને આંગણવાડી શિક્ષકો તથા સહાયકો સાથે ચર્ચા કરીને વધુ અસરકારક કામગીરી માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે આંગણવાડી કાર્યકરોએ દીવ જિલ્લાને કુપોષણમુક્ત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ સાથે સરદાર વલ્લભભાઈ પટેલ પંચાયત ઘરનું ઉદ્ઘાટન પણ સરપંચ અને અન્ય જનપ્રતિનિધિઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રશાસકે મલાલા-નાગવા રોડ એલાઈનમેન્ટ, એનેક્સી સર્કિટ હાઉસ અને જલંધર સર્કિટ હાઉસના વિસ્તરણ સહિતના વિકાસ કાર્યોની મુલાકાત લઈ કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કર્યું હતું.

પ્રશાસક પ્રફુલ પટેલે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને કામ સમયસર પૂર્ણ કરવા અને ગુણવત્તા જાળવવા સ્પષ્ટ સૂચનાઓ આપતા જણાવ્યું હતું કે વિકાસ કાર્યોમાં ગુણવત્તા સાથે કોઈ સમાધાન નહીં કરવામાં આવે તેવી તેમણે તાકીદ કરી હતી.

# મોટાપાની સમસ્યા નિયંત્રીત કરવા શારીરિક કસરત-તબીબી માર્ગદર્શન અકસીર

## ગુજરાતમાં વધતી જતી એટલે સિટી સમસ્યા નિવારણ વોકહાર્ટ હોસ્પિટલનું ચિંતન: મનોમંથન



**અબતક, રાજકોટ**

વિશ્વ મોટાપા દિવસ નિમિત્તે વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ દ્વારા ગુજરાતમાં ઝડપથી વધી રહેલા મોટાપાના પ્રમાણ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આરોગ્ય સર્વેક્ષણો અને રાજ્ય સ્તરના આંકડા મુજબ ગુજરાતના મુખ્ય શહેરી વિસ્તારો અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, સુરત અને રાજકોટમાં લગભગ ૨૪% થી ૨૯% વયસ્ક નાગરિકો ઓવરવેઈટ અથવા મોટાપાની શ્રેણીમાં આવે છે.

આધુનિક જીવનશૈલી, લાંબા સમય સુધી બેસી રહેવાની ટેવ, પ્રોસેસ્ડ અને હાઈ-કેલેરી આહાર, વધતું સ્ક્રીન ટાઈમ અને કામકાજનો તણાવ આ બધાં પરિબળો ગુજરાતમાં મોટાપાના વધતા પ્રસાર માટે જવાબદાર માનવામાં આવે છે. મોટાપા સાથે હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, ફેટી લિવર, હાર્ટ ડિસીઝ જેવી જીવનશૈલી આધારિત બિમારીઓનું જોખમ પણ નોંધપાત્ર રીતે વધે છે.

વોકહાર્ટ હોસ્પિટલના ડો. પ્રફુલ કમાણીતથા ડો. પાર્થ વાઘડિયા સિનિયર કન્સલ્ટન્ટ - ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ, હેપેટોલોજિસ્ટ અને એન્ડોસ્કોપિસ્ટ જણાવ્યું હતું કે, મોટાપા (ઓબેસિટી) હવે માત્ર વધેલા વજન સુધી સીમિત નથી રહ્યો, પરંતુ તે એક મેટાબોલિક સંકટ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અમે ૩૦ થી ૪૦ વર્ષની વયના યુવાનોમાં ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલ જેવી સમસ્યાઓમાં નોંધપાત્ર વધારો જોયો છે. ખાસ કરીને પેટની ચરબી હાર્ટ એટેક અને સ્ટ્રોકનું જોખમ વધારે છે, ભલે વ્યક્તિ બહારથી સામાન્ય દેખાતો હોય.

મોટાપા નિયંત્રણ માટે વ્યકિતગત આહાર યોજના, નિયમિત શારીરિક કસરત, મેટાબોલિક મૂલ્યાંકન અને તબીબી માર્ગદર્શન અત્યંત જરૂરી છે. માત્ર વજન ઘટાડવું પૂરતું નથી, પરંતુ સમગ્ર મેટાબોલિક સ્વાસ્થ્ય સુધારવું વધુ મહત્વપૂર્ણ છે.

ગુજરાતમાં મોટાપા સાથે સંકળાયેલી બિમારીઓમાં વધતા પ્રમાણને ધ્યાનમાં રાખીને, વોકહાર્ટ હોસ્પિટલ્સ સમુદાય સ્તરે જાગૃતિ અને વૈજ્ઞાનિક સારવાર દ્વારા આરોગ્ય સુધારવા પ્રતિબદ્ધ બની છે.

### ધીરગુરુદેવના અનુગ્રહથી

# મહારાષ્ટ્રમાં ગૌમાતા લીફટીંગ મશીન અર્પણ



**અબતક, રાજકોટ**

મહારાષ્ટ્રની અનેક ગૌશાળા અને પાંજરાપોળમાં ગૌમાતા અને વાછરડા વગેરેને જીવતદાન મળે તેવા ભાવથી ધીરગુરુદેવના અનુગ્રહથી હિતેશભાઈ જસાણીની પ્રેરણાથી ગૌમાતા લીફટીંગ મશીન વર્ધમાન સંસ્કાર ધામના જીવદયા રત્ન રાજુભાઈ શાહના સહિયારા પ્રયત્નથી બે વર્ષમાં આશરે ૩૪૮ મશીન અર્પણ કરાયા છે. સૌરાષ્ટ્રમાં પણ અર્પણ કરેલ છે. આ મશીનથી ગૌમાતાને પ્રસુતિમાં તેમજ અન્ય બિમારીમાં ખુબ જ સાતા વળે છે. એક મશીનનો નકરો ૨૫ હજાર રાખેલ છે. માસ્વામીની પ્રેરણાથી બીનાબેન અજયભાઈ શેઠએ ૧૫૦ જેટલા મશીનનો લાભ લીધેલ. ૫૦૦ મશીન જરુરીયાત છે. દાતાઓને લાભ લેવા અનુરોધ કરાયો છે. શ્રી વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ મો. નં. ૯૯૭૯૨ ૩૨૩૫૭ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# લીટલ લોર્ડ્સ પ્રી-સ્કૂલનો ૧૮મો વાર્ષિકોત્સવ ઉજવાયો

## બચપન કે દિન થીમ સાથે રાજકોટનો પ્રથમ અઈ જનરેટેડ શો; બાળકોના નોન-સ્ટોપ પરફોર્મન્સે વાલીઓને મંત્રમુગ્ધ કર્યા



**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી લીટલ લોર્ડ્સ પ્રી-સ્કૂલ દ્વારા તાજેતરમાં તેનો ૧૮મો વાર્ષિકોત્સવ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવાયો હતો. આ વર્ષે કાર્યક્રમ બચપન કે દિન થીમ પર આધારિત રહ્યો હતો, જેમાં નાના બાળકોની નિર્દોષ અભિનય અને નૃત્ય રજૂઆત દ્વારા બાળપણની સોનેરી યાદોને સ્ટેજ પર જીવંત કરવામાં આવી હતી.

બાળ કલાકારોએ વિવિધ નૃત્ય અને કલાત્મક પ્રસ્તુતિઓ દ્વારા બાળપણની રમૂજી મસ્તી અને આનંદમય ક્ષણોનું મનોહર ચિત્રણ કર્યું હતું. બાળકોના આત્મવિશ્વાસ અને ઉત્સાહભર્યા પરફોર્મન્સ જોઈને હાજર રહેલા વાલીઓ પોતાના બાળપણના સંસ્મરણોમાં ખોવાઈ ગયા હતા.

આ કાર્યક્રમની ખાસ વાત એ રહી કે રાજકોટમાં પ્રથમ વખત અઈ જનરેટેડ શો રજૂ થયો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંભળાયેલો અવાજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો, જે ટેકનોલોજી અને શિક્ષણના સંગમનું ઉત્તમ ઉદાહરણ બન્યો.

કાર્યક્રમ દરમિયાન એક પછી એક નોન-સ્ટોપ પરફોર્મન્સ રજૂ કરવામાં આવ્યા હતા. સામાન્ય રીતે કાર્યક્રમોમાં વિરામ લેવાતો હોય છે, પરંતુ અહીં નાના ભૂલકાઓએ સતત સ્ટેજ પર પોતાની કલા રજૂ કરી સૌનું દિલ જીતી લીધું હતું.

# આર.ડી.એન.પી. સંસ્થાનો સ્થાપના દિવસ ઉજવાયો

## ૧૦૦થી વધુ લાભાર્થીએ ફિલ્મ સાથે હોળી-ધૂળેટીની મોજ માણી



**અબતક, રાજકોટ**

આર.ડી.એન.પી.પ્લસ (રાજકોટ ડીસ્ટ્રીક્ટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઈડ્સ) સંગઠનની સ્થાપના ૩ માર્ચ ૨૦૦૫ના રોજ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા સમગ્ર રાજકોટ જીલ્લામાં એચ.આઈ.વી. સાથે જીવતા લોકોના લાભાર્થે કરવામાં આવી. આર.ડી.એન.પી.પ્લસએ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા, લોકો માટે, લોકોનું સામુદાયિક સ્વયંસેવી સ્વૈચ્છિક સંગઠન છે. જેનો મુખ્ય હેતુ જીલ્લામાં એચ.આઈ.વી./એઈડ્સ સાથે જીવતા લોકો માટે સક્ષમ વાતાવરણ તથા સારસંભાળ અને દવાઓ મળે તેમજ તેમના માનવ અધિકારોનું રક્ષણ થાય તે છે.

સંસ્થાને ૨૧ વર્ષ પૂર્ણ થયા તેની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થા પ્રમુખ જગદીશ પટેલ, સંસ્થાના બોર્ડ મેમ્બર, સ્ટાફ અને ખાસ સંસ્થાના નાના બાળકો સાથે રાખીને ઉજવણી કરવામાં આવેલ. સ્થાપના દિવસની ઉજવણીમાં બધા બોર્ડ મેમ્બર, સ્ટાફ, બાળકો તેમજ લાભાર્થીઓ સાથે મળી કેક કટીંગ કરી બધાનું મો મીઠું કરાવેલ. આ દિવસે બધા બાળકોને હોળી સપોર્ટ કરવામાં આવેલ તેમાં ખજૂર, ધાણી, દાળિયાનો સપોર્ટ કરેલ. આ દિવસે બાળકોને ભણવા સાથે બીજું જ્ઞાન પણ જરૂરી છે અને સંસ્થા બાબતે પણ શીખવું અને સમજવું જરૂરી છે તેવી જાણકારી સંસ્થાના પ્રમુખ જગદીશ પટેલ દ્વારા આપવામાં આવેલ અને દરેક બાળકોને જે શીખવું હોય તે માટે સંસ્થા હમેંશા તેમના સાથે છે તેવી માહિતી આપેલ.

ધૂળેટી પર્વ સંસ્થાના ૧૧૫ લાભાર્થી સાથે ઉજવવામાં આવેલ. આ રંગ ભર્યા પર્વમાં સંસ્થાના વૃદ્ધ તેમજ અનાથ બાળકોને રાજકોટના સામાજિક કાર્યકર્તા તક્ષભાઈ મિશ્રા દ્વારા રાજકોટના પ્રખ્યાત થિયેટર કોસ્મોપ્લેક્ષમા જય કનૈયાલાલ કી, પિક્ચર જોવા લય ગયેલ. પિક્ચર દરમ્યાન બધાને પોપકોર્નનો લુફ્ત લીધેલ અને રંગથી ધૂળેટી રમેલ અને ત્યારબાદ બધા સભ્યોને સુરુચિ ભોજન લીધેલ.

### સરગમ કલબની ક્રિકેટપ્રેમીઓને ભેટ

# ટી-૨૦ વર્લ્ડકપનો ફાઈનલ મુકાબલો હેમુ ગઢવી હોલમાં નિહાળવા મળશે

## ક્રિકેટ રસિકો તિરંગો લઈ મેચ જોવા આવવા ગુણુભાઈની અપીલ

**અબતક, રાજકોટ**

ટીમ ઈન્ડિયા ટી-૨૦ વર્લ્ડકપમાં વધુ એકવાર દિગ્વિજય બનવા આગેકૂચ કરી રહી છે ત્યારે ભારત - ન્યુઝીલેન્ડ ફાઈનલ મેચ હેમુગઢવી હોલમાં બતાવવાનું સરગમ કલબ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

ટી-૨૦ વર્લ્ડકપમાં ઈંગ્લેન્ડને હરાવીને ભારતની ટીમે ફાઈનલમાં શાનદાર પ્રવેશ કર્યો છે અને તા.૮મીને રવિવારે ફાઈનલમાં ન્યુઝીલેન્ડને હરાવવાના ક્રિકેટ ચાહકોના મનસુબા છે ત્યારે સરગમ કલબે ક્રિકેટપ્રેમીઓની માંગણી અને લાગણીને ધ્યાનમાં રાખીને આ ફાઈનલ મેચ મોટા સ્ક્રીન-18X10 ઉપર દેખાડશે. તા.૮ને રવિવારે હેમુ ગઢવી હોલમાં સાંજે ૬-૪૫ વાગ્યાથી મેચ પૂરો ન થાય ત્યાં સુધી આ મેચનું પ્રસારણ દેખાડવામાં આવશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ મેચ માટે હેમુ ગઢવી હોલમાં વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવશે.

આ મેચ નિહાળવા માટેના પાસ હેમુગઢવી હોલની ટીકીટ બારી ઉપરથી ૭મીએ સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધીમાં મેળવી લેવાના રહેશે. એક વ્યક્તિને બે પાસ આપવામાં આવશે. ગુણવંતભાઈ ડેલાવાળાએ તમામ ક્રિકેટપ્રેમીઓને આ મોટા સ્ક્રીન ઉપર મેચ જોવા આમંત્રણ આપ્યું છે સાથોસાથ મેચ જોવા આવો ત્યારે તિરંગો લઈને આવવા અપીલ કરી છે. આ ફાઈનલ વખતે હેમુ ગઢવી હોલમાં ઢોલ-ત્રાંસા અને નગારાની ધમાલ જોવા-સાંભળવા મળે છે અને એક અનોખો જ માહોલ હોય છે.

# કોઠારીયા નાકા મામાસાહેબ મંદિર ટ્રસ્ટ દ્વારા રવિવારે માતાજીનો પંચાવ માંડવો



**અબતક, રાજકોટ**

રાજકોટના કોઠારિયા નાકા પર બિરાજમાન કોઠારિયા નાકા શ્રી મામા સાહેબ મંદિરના સાનિધ્યમાં આવતી તા.૮/૦૩/૨૦૨૬ ને રવિવાર ના રોજ ખોડીયાર માતાજી ના ૨૪ કલાક ના પંચાવ માંડવાનું આયોજન કરવામાં આવ્યું છે, આ ભવ્ય માતાજીના માંડવામાં સુપ્રસિદ્ધ રાવળ દેવ ધર્મેશભાઈ રાવળ, પ્રતિકભાઈ રાવલ પધારશે, તો બીજી તરફ આ પ્રસંગે બપોરે ૧૦:૩૦ વાગ્યે કુવારીકા પુજન અને ભોજન પ્રસાદ અને રાત્રે મહા પ્રસાદનો લાભ લેવા ભક્તોને શ્રી કોઠારિયા નાકા મામા સાહેબ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ કેવલ પાટડીયા, મંત્રી કરણ પાટડીયા, સહમંત્રી હરેશ વઘેરા, ટ્રસ્ટી વિશાલ સોનારા, ટ્રસ્ટી નારણ ગોહેલ, ટ્રસ્ટી સંજય પોપટ, ટ્રસ્ટી ધવલસિંહ ઝાલા, ટ્રસ્ટી જયપાલસિંહ ઝાલા, ટ્રસ્ટી જીગ્નેશભાઈ લાંભીયા, ખજાનચી મોહિલભાઈ મકવાણા સાથે શ્રી કોઠારિયા નાકા મામા સાહેબ ચેરિટેબલ ટ્રસ્ટના દ્વારા ભકતોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે, આ માતાજીના માંડવામાં રાજકોટના શ્રેષ્ઠીઓ, ભુવાઓ પધારવાના છે, આ માતાજીના માંડવામાં ભકતોને માતાજીના, મામા સાહેબના દર્શને અને પ્રસાદ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ધીરગુરુદેવના સાંનિધ્યે પવઈમાં વર્ધમાન વૈયાચ્ચ ભવનનું ઉદઘાટન

**અબતક, રાજકોટ**

પવઈ સ્થાનકવાસી જૈન સંઘ એટલાન્ટીસ બિલ્ડીંગ બી.-૨૦૬ મેઈન સ્ટ્રીટ હીરાનંદાની ગાર્ડન ખાતે ૨૦૧૮માં પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી મહાવીર ધર્માલય અને આયંબિલ ભવનનું નિર્માણ કરવામાં આવેલ.

તાજેતરમાં નલીનીબેન મહેન્દ્રભાઈ દોશી વર્ધમાન વૈયાવચ્ચ ભવન અને ધન વલ્લભ વિવિધ લક્ષી હોલનું નિર્માણ કરાતા તા. ૮ ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે જીવદયાપ્રેમી મહેન્દ્ર સંગોઈના પ્રમુખ સ્થાને ઉદઘાટન સમારોહ યોજાશે. શતાબ્દી ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. ધીરગુરુદેવ તા. ૬ ને શુક્રવારે સવારે ૭.૩૦ કલાકે પવઈ પધારશે. શનિવારે સવારે ૯.૩૦ કલાકે વ્યાખ્યાન યોજાશે.

# રામચરિત માનસ મંદિરે ઉજવાયો ધુળેટી ઉત્સવ

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે મોરબી રોડ પર રતનપર ખાતે શ્રીરામચરિતમાનસ મંદિરે ધૂળેટીના અવસરે ફુલડોલ ઉત્સવ ઉજવાયો હતો. પૂ.રણછોડદાસજી બાપુ તથા મહામંડલેશ્વર ૧૦૦૮ પૂ.હરિચરણદાસજી બાપુના શુભાશિષથી આયોજિત પ્રાર્થના સત્સંગ સભાખંડમાં સવારે ૧૧-૦૦ કલાકે ધર્મસભાનું આયોજન થયું હતું. જેમાં પૂ.હરિચરણદાસજી મહારાજના ઉત્તરાધિકારી અને રામજી મંદિર ગોંડલના અધ્યક્ષ જયરામદાસજી બાપુ, સદ્‌વિદ્યાધામ ગુરૂકુળના નિર્મળદાસજી સ્વામી, અશોક ભટ્ટ, જનક મહેતા વગેરેએ ઉપસ્થિત રહીને આશીર્વચન આપ્યા હતા. ભાવિકો, પદયાત્રીઓ વગેરે ધર્મસભામાં જોડાયા હતા. શ્લોકોના મંત્રોચ્ચાર સાથે શ્રીરામચંદ્રજી તથા બાલકૃષ્ણલાલની પૂજા-મહાઆરતી થઈ હતી. જેમાં સંતોના હસ્તે પુષ્પ પાંખડીઓનો છંટકાવ થયો હતો. ફૂલડોલ ઉત્સવ ઉજવાયો હતો. બપોરે ૧૨-૦૦ કલાકે રામમંદિરના વિશાળ પટાંગણમાં સર્વે ભાવિકો માટે શુદ્ધ ઘીમાંથી નિર્મિત ભોજન મહાપ્રસાદનું આયોજન થયું હતું. આ તકે સિયારામ મંડળીના સર્વે કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ધીરગુરુદેવની નિશ્રામાં જીવદયા અનુમોદક જસાણી પરિવારનું સન્માન



**અબતક, રાજકોટ**

ઘાટકોપર સ્થા. જૈન મોટા સંઘ, હિંગવાલા લેન ખાતે ધીરગુરુદેવની નિશ્રામાં જીવદયા અનુમોદક પાર્થ અને કુ. દર્શિતા હિતેશભાઈ જસાણી અને શશીકાંતભાઈ ઉદાણી પરિવારે ૬.૨૨ લાખના લાભ લીધેલ છે. ગૌ માતા લીફટીંગ મશીનમાં રકમનો ચેક રાજુભાઈ શાહને અર્પણ કરાયેલ.

# ગુજરાત રાજય મુલ્કી સેવા ટ્રિબ્યુનલમાં ખાલી પડેલી અધ્યક્ષની જગ્યા તાત્કાલીક ભરવા મહેશ દવેની માંગ

**અબતક, રાજકોટ**

જનહીત રજુઆત મંચના અધ્યક્ષ મહેશકુમાર હરજીવનભાઈ દવેએ રાજયના મુખ્યમંત્રીને રજુઆત કરતા જણાવ્યું છે કે ગુજરાત રાજયના મુલ્કી સેવા ત્રિબ્યુનલ ગાંધીનગર ખાતેના ત્રિબ્યુનલના અધ્યક્ષ ની મુદત ઘણાં સમય પહેલા પુરી થઈ ગઈ છે તેમ છતાંય અધ્યક્ષની નિમણુંક સરકાર દ્વારા નહીં કરાતા સેંકડો સરકારી કર્મચારીઓના કેસોનો અત્યંત ભરાવો થયો છે.

આથી ત્રિબ્યુનલના કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે ત્રિબ્યુનલના અધ્યક્ષની નિમણુંક સરકાર વહેલી તકે કરે તો સરકારી કર્મચારીઓના પડતર કેસોનો નિકાલ ત્વરિત થઈ શકે છે તેમ અંતમા મહેશકુમાર હરજીવનભાઈ દવેએ જણાવ્યું છે.

# યુવા સેના ટ્રસ્ટના પ્રમુખના જન્મદિને સમુહ લગ્નમાં ૧૧ દિકરીઓને સાસરે વળાવાશે

## સમુહલગ્ન માટે દિકરીઓના વાળીને વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ ભરવા અનુરોધ

**અબતક, રાજકોટ**

યુવા સેના ટ્રસ્ટ રાજકોટના પ્રમુખ પ્રધ્યુમનસિંહના જન્મદિવસની પુર્વ સંધ્યાએ તા. ૫-૫-૨૦૨૬ મંગળવાર ના રોજ પુજય રણછોડદાસબાપુ કોમ્યુનીટી હોલ આનંદ નગર નિલકંઠ ટોકીઝની સામેનો રોડ આનંદ નગર મેઈન રોડ ખાતે સમાજની નિરાધાર મા બાપ વિહોણી ૧૧ દિકરીઓને પિતાતુલ્ય વાત્સલ્ય સાથે તેમજ ૧૭૫ થી વધુ વસ્તુ કરીયાવર રૂપે ભેટ આપી વિદાય આપવામાં આવશે. આવા અતિ મોંઘવારીના સમયમાં દિકરીઓને પરણાવવી ગરીબ પરિવારો તથા મા બાપ વિનાની અનાથ દિકરીઓને માટે અતિ મુશ્કેલ અને કઠીન છે આવા સમય કાળમાં યુવા સેના ટ્રસ્ટ દ્વારા અનાથ દિકરીઓ તેમજ દિકરીના માતા અથવા પિતા હયાત નથી તથા જરૂરીયાતમંદ દિકરીઓને પ્રથમ અગ્રતા આપવામાં આવશે. આ અવસરે ૧૭૫ થી વધુ કરિયાવર રૂપી વસ્તુ આપીને કન્યાદાનનું પૂણ્ય પ્રાપ્ત કરવા દાતાઓ, સંસ્થાઓના શુભેચ્છકો તેમજ શહેરના શ્રેષ્ઠીઓનો સહયોગ મળતો રહેલ છે. કરિયાવરની વસ્તુ તથા રોકડ રકમ આપનાર દાતાઓના નામ કંકોત્રી માં લખવામાં આવેલ છે. આ સમુહ લગ્નન માં ફોર્મ ભરવા તેમજ વિશેષ માહિતી માટે સેવાભવન, ભોલેનાથ સોસાયટી શેરી નં. ૪, અંકુર વિદ્યાલય મેઈન રોડ, ગુરૂપ્રસાદ ચોક ખાતે રૂબરૂ સંપર્ક કરવો તેમજ સંસ્થાની વધુ વિગત માટે યુવા સેના ટ્રસ્ટના પ્રમુખ પ્રદયુમનસિંહ ઝાલા મો. ૯૯૧૩૩૧૦૧૦૦, યુવા સેના ટ્રસ્ટની ઓફિસ કાર્યાલય મો. ૮૪૬૦૬ ૯૬૧૦૮ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# વકીલોની માતૃ સંસ્થાની ચૂંટણીમાં સિનિયર-જુનિયર ધારાશાસ્ત્રીઓનું ઉત્સાહભેર મતદાન

**૫૦ મત કુટિરોમાં મતદાન ૬ વાગ્યા સુધી ચાલુ રહેશે બપોર ૩ કલાક સુધીમાં ૨૦૦૦ મત પડ્યા હતા ત્રણ સભ્યોની હાઈ પાવર કમિટી અને સીસીટીવી કેમેરાની સતત દેખરેખઃ અમૃતાબેન ભારદ્વાજ, સી.એચ. પટેલ દિલીપભાઈ પટેલ, ભૂમિકા પટેલ અને જીતેન્દ્ર પારેખ સહિત ઉમેદવારોની જીતના દાવા**







## વકીલ મતદાર ભાઈઓએ મારા પર વિશ્વાસ મૂક્યોઃ અમૃતા ભારદ્વાજ




અબતક સાથેની વાતચીત દરમિયાન અમૃતા ભારદ્વાજે જણાવ્યું હતું કે, મને મારા રાજકોટ બહારના ભાઈઓ-બહેનો ઉપર અને રાજકોટના વકીલો ઉપર ખૂબ જ વિશ્વાસ છેકે તે લોકો સાચો નિર્ણય લઈ અને મત આપશે. હું અહીંયા કોઈ મોટા એજન્ડા થી નથી આવી પરંતુ એક વકીલોના હિત માટે કાર્ય થાય તે માટેનો મારો પ્રયાસ છે. લોકો ના મૃત્યુ પછી તેમને તેમનો વેલ્ફેર નથી મળતું તે ખૂબ મોટો પ્રશ્ન છે તે માટેનો મારો પ્રયાસ રહેશે કે તેમાં રહેલા પ્રશ્નોનું નિવારણ લાવવું. અભય ભાઈએ હર રમેશ માટે વકીલોના હિત માટે લડ્યા છેતેમનો કોઈ પણ જાતનો આમની અંદર સ્વાર્થ હતો નહીં જુનિયર વકીલોને વધુમાં વધુ જાણકારી મળે અને તે લોકોને લાભ થાય તે માટેનો પ્રયાસ રહેતો હતો.

**અબતક, રાજકોટ**

રાજ્યભરના વકીલોની માતૃ સંસ્થા ગુજરાત બાર કાઉન્સિલની પ્રતિષ્ઠાભરી અને રસાકસી ભરી રાજકોટ સહિત રાજ્ય ભરના ૧૫૦થી વધુ મતદાન મથકો પર સીસીટીવી કેમેરા સહિતના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે વકીલો દ્વારા શરુ થયેલા મતદાનમાં રાજકોટ ખાતે સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધીના પ્રથમ બે કલાકમાં ૯૦૦ મત પડ્યા બાદ બપોરે ૩ સુધીમાં આશરે.૨૦૦૦ વકીલોએ મતદાન કર્યું છે. સાંજે છ વાગ્યા સુધી મતદાન ચાલુ રહેનાર છે.

રાજ્યભરમાં કાનૂની વર્તુળોમાં ભારે ઉત્તેજના જગાવનારી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની આ ચૂંટણીમાં રાજકોટ માંથી જાણીતા ધારાશાસ્ત્રી સ્વ અભયભાઈ ભારદ્વાજ ના પુત્રી અને સમરસ પેનલના અમૃતાબેન ભારદ્વાજ, સી.એચ. પટેલ ઉપરાંત બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પૂર્વ ચેરમેન દિલીપભાઈ પટેલ, ભૂમિકા પટેલ અને જીતેન્દ્ર પારેખ ઉમેદવારી નોંધાવી છે. તમામ ઉમેદવારો દ્વારા ઓફિસ તો ઓફિસ અને જમણવાર સહિતની બેઠકો દ્વારા પ્રચાર પ્રસાર કરી જીત માટે એડી ચોટીનું ચોર લગાવવામાં આવ્યું હતું.બાર કાઉન્સિલમાં વિજય થશે તે અંગે તરેહ તરેહની ચર્ચા એ જોર પકડ્યું છે બાર કાઉન્સિલમા વકીલ સમાજમાં પ્રતિનિધિત્વ અને સમાનતા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ગુજરાત બાર કાઉન્સીલમાં હવે પાંચ મહિલા વકીલો પ્રતિનિધિત્વ કરશે. બાર કાઉન્સિલના કુલ ૨૫ સભ્યો પૈકી પાંચ મહિલા બેઠકો સહિત ૨૩ સભ્યોની ચૂંટણીમાં ૭૯ પુરૂષ અને ૨૦ મહિલા એમ ૯૯ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં રાજ્યભરના ૭૭ હજારથી વધુ વકીલ મતદારો મતદાન કરશે. તેમાં રાજકોટ સહિત રાજ્યભરમાં મળી કુલ ૧૫૦થી વધુ મતદાન મથકો પર પોલિંગ બુથ પર ૪૫૦ પોલિંગ ઓફિસરો ફરજમાં તૈનાત કરાયા છે. રાજકોટમાં નવા કોર્ટ બિલ્ડીંગ ખાતે સવારે ૧૦૦૦ વાગ્યાથી સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર રચાયેલી હાઈપાવર ઈલેકશન કમિટીની નીગરાની સીસી ટીવી કેમેરા હેઠળ પ્રથમવાર મતદાન શરૂ થયું હતું. જેમાં રાજકોટ ખાતે નોંધાયેલા ૪૪૦૧ મતદારોમાંથી સવારે ૧ કલાકના મતદાનમાં ૯૦૦ મત પડ્યા હતા. જેમાં સવારે ૧૦૦૦ કલાકે મતદાનનો પ્રારંભ થતાં પ્રદેશ ભાજપ લીગલ સેલના સહ કન્વીનર અનિલભાઈ દેસાઈ શહેર ભાજપ લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ એસોસિએશનના પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ પટેલ પરેશભાઈ મારુ બકુલભાઈ રાજાણી તુલસીદાસ ગોંડલીયા બારના ઉપપ્રમુખ સિધ્ધરાજસિંહ જાડેજા તુષાર ગોકાણી, ડીજીપી એસ.કે. વોરા, સુરેશ ફળદુ, પિયુષ શાહ, પ્રમુખ સુમિત વોરા, સેક્રેટરી નીલેશ પટેલ, સ્તવન મહેતા, અંશ ભારદ્વાજ, કુલદીપસિંહ જાડેજા ધર્મેન્દ્રસિંહ જાડેજા સરકારી વકીલો સમીર ખીરા મુકેશ પીપળીયા પ્રશાંત પટેલ પરાગ શાહ દિલીપભાઈ જોશી સહિતના સિનિયર અને જુનિયર વકીલો મતદાન માટે પહોંચી ગયા હતા. ૫૦ જેટલી મત કુટીરોમાં મતદાન ચાલી રહ્યું હતું. મતદાર વકીલ દ્વારા ૧ થી ૨૩ ક્રમાંક આપવાની જટિલ કામગીરીમાં ઠીક ઠીક વાર લાગતી હતી,

## વકીલોની ત્રણ ટર્મ કરેલી કામગીરીનો વિશ્વાસ કેળવ્યો છેઃ દિલીપ પટેલે



બાર કાઉન્સિલ ની અંદર ૪૪૦૦ વકીલ મતદાન કરશે. વહેલી સવારથી વકીલો મતદાન કરવા માટે થનગની રહ્યા છે. છેલ્લા બે વર્ષથી સૌથી વધુ મતે હું બાર કાઉન્સિલ ની અંદર બહુમતી મતથી જીતી રહ્યો છું. આ વર્ષે પણ સૌથી વધુ મત મને મળશે અને જંગી બહુમતીથી જીતીશ એવી આશા છે. આજરોજ વકીલોને મતદાન કરવા માટે છ વાગ્યા સુધીનો સમય મળી રહેશે જેથી શાંતિપૂર્ણ મતદાન થઈ શકે. દર પાંચ છ વર્ષે ચૂંટણી આવતી હોય છે પરંતુ આ વર્ષે આઠ વર્ષે આ ચૂંટણી આવી છે. વકીલો કામના આધારે વોટ દે છે તો હજુ પણ આગામી દિવસોમાં વકીલોને લાભ થતા કામ અમે કરીશું અને નાનામાં નાની વાતનું ધ્યાન પણ રાખીશું. અત્યાર સુધીમાં ૩૩ ચૂંટણીમાંથી ૩૦ ચૂંટણી અમે લોકો જીત્યા છીએ.

## મહિલાઓના પ્રશ્નને વાંચવા માટે ઉમેદવારી નોંધાવી છેઃ ભૂમિકા પટેલ



મહિલા બેઠક માંથી મેં મહિલા ઉમેદવાર તરીકે નોંધણી નોંધાવી છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની અંદર ૨૩ સીટ છે અને આ વખતે પાંચ મહિલા અનામત આ વખતે પ્રથમ વખત આવી છે. દર વર્ષે પ્રશ્ન હતો કે એકની એક લહેર ઉમેદવાર ની અંદર આવે છે તો આ વર્ષે નવી લેયર સાથે ઉમેદવારી નોંધાવવામાં આવી છે. છે જુનિયર એડવોકેટ છે એ લોકો પણ બાર કાઉન્સિલની અંદર ઉમેદવારી નોંધાવી છે. મહિલાઓની અંદર જન્મથી જે સંવેદનશીલતાનો ગુણ હોય તો તે નિર્ણય પુરુષની અંદર લેવાનો હોય કે સ્ત્રીની અંદર લેવાનો બંનેની અંદર મહિલાનો પ્રતિનિધિત્વ ખૂબ જ જરૂરી છે. મહિલાઓના સળગતા પ્રશ્નને વાંચવા માટે મહિલા બહાર કાઉન્સિલ ની અંદર પ્રતિનિધિત્વ તરીકે ઉભુ રહેવું ખૂબ જરૂરી છે જેથી કરીને મહિલાઓના તમામ પ્રશ્નો નિવારણ લાવી શકાય.

# કોર્પોરેશન દ્વારા સોમવારે બે સ્થળે યોજાશે સેવા સેતુ કેમ્પ

**સેવા સેતુ કેમ્પમાં નાગરિકોના ઉકેલ લાવી શકાય તેવા પ્રશ્નોનો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવશે**



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ મહાનગરપાલિકાને લગત જુદી જુદી સેવાઓ અંગેના નગરજનોના પ્રશ્નો તેમજ સરકારની યોજનાઓ વિગેરેના નિકાલ માટે અગિયારમાં તબક્કાનો સેવાસેતુ કેમ્પનું તા.૯ ના રોજ સવારે ૯ કલાકે, વિનોદભાઈ શેઠ કોમ્યુનિકેશન હોલ, કોઠારીયા રોડ અને પ્રાણનાથજી પ્રાથમિક શાળા, શાળા નં.૮૫, ઉદયનગર, આર.કે. એમ્પાયર બિલ્ડીંગની પાછળ, મવડી, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ સેવાસેતુ કેમ્પમાં વ્યવસ્થાના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ-અધિકારીઓએ સ્થળની રૂબરૂ મુલાકાત કરી હતી.

આ સેવાસેતુ કેમ્પમાં આધાર નોંધણી (૧૮ વર્ષથી વધુ વયજૂથ), આધાર કાર્ડ સંલગ્ન મોબાઈલ નંબર પરિવર્તન અને સુધારા, બાળકોના આધાર કાર્ડ, બસકન્સેશનપાસ-સીનીયર સીટીઝન, બસકન્સેશનપાસ-સામાન્ય લોકો માટે, આયુષ્માન પ્રધાનમંત્રી જન, આરોગ્ય યોજના, નમોશ્રી યોજના, હેલ્થ વેલનેસ કાર્ડ (ડાયાબીટીસ અનેબી.પી.ની ચકાસણી, મેડીકલ ઓફિસર દ્વારા ઉંમરનો દાખલો, લગ્ન નોંધણી પ્રમાણપત્ર, જન્મ-મરણ પ્રમાણપત્ર, ટોઈલેટ અરજી, પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી, પ્રોપર્ટી ટેક્સ, વ્યવસાય વેરા અરજી, ગુમાસ્તા ધારા, વોટર અને ડ્રેનેજ કનેક્શન, મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજનાની અરજીઓનો સ્વીકાર, પીએમ સ્વનીધી યોજના, રેશન કાર્ડમાં નામ દાખલ કરવું, રેશન કાર્ડમાં નામ કમી કરવું, રેશન કાર્ડમાં નામ સુધારો કરવો, રેશન કાર્ડ ધારકોના ઈ-કે.વાય.સી., દિવ્યાંગતા પ્રમાણપત્ર, બસકન્સેસનપાસ-દિવ્યાંગ માટે, યુડીઆઈડી કાર્ડ રજીસ્ટ્રેશન, આધાર કાર્ડનું બેંક એકાઉન્ટ સાથે જોડાણ, મોબાઈલ નંબર સાથે બેંક એકાઉન્ટ જોડાણ, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, ભીમ એપ, નવું બેંક એકાઉન્ટ ખોલાવવું, જનધન યોજનામાં નવું બેંકએકાઉન્ટ, કેશલેસ લીટરેસી(ડીજીટલ ટ્રાન્જેકશન લીટરેસી), સુકન્યા સમૃદ્ધિ યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટમોચન યોજના), આવકનો દાખલો, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ સહાય યોજના, ગંગા સ્વરૂપા વિધવા સહાય યોજના, નોન ક્રિમીયીલર પ્રમાણપત્ર, કુંવરબાઈનું મામેરું, જાતિ પ્રમાણપત્ર, ફ્રીશીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમ્યાન, ઓનલાઈન અરજી ડો. આંબેડકર આવાસ યોજના, ઘરેલું નવા વીજ જોડાણ માટેની અરજીઓ, શ્રવણ તીર્થ યોજના રજીસ્ટ્રેશન વગેરે યોજનાઓની કામગીરી કરવામાં આવશે તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પીવાનું પાણી, ઝેરોક્ષ, હેલ્પડેસ્ક, કોર્પોરેટર નો દાખલો અને મેડીકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવી છે.

# ચારધામ યાત્રાનું આજથી રજિસ્ટ્રેશન શરૂ

**યાત્રા ૧૯ એપ્રિલે ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોના કપાટ ખોલવાની સાથે શરૂ થશે**

**અબતક, રાજકોટ**

ઉત્તરાખંડની વિશ્વપ્રસિદ્ધ ચારધામ યાત્રા ૨૦૨૬ માટેની નોંધણી શરૂ થઈ ગઈ છે. દેશ અને દુનિયાભરના શ્રદ્ધાળુઓ માટે નોંધણી કરાવાનું શરૂ કરી દીધું છે. આજે, શુક્રવારે, સવારે ૭૦૦ વાગ્યે સત્તાવાર રીતે રજિસ્ટ્રેશન ઓપન થયું.આ વર્ષે, યાત્રા એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં શરૂ થાય છે.

આ યાત્રા ૧૯ એપ્રિલે ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોના કપાટ ખોલવાની સાથે શરૂ થશે. કેદારનાથ મંદિરના કપાટ ૨૨ એપ્રિલે શ્રદ્ધાળુઓ માટે ખુલશે. બદ્રીનાથ મંદિરના કપાટ ૨૩ એપ્રિલે ખુલશે.ભક્તો ... પર જઈને તેમના સ્લોટ બુક કરાવી શકે છે.

સ્માર્ટફોન યુઝર્સ 'ટૂરિસ્ટ કેર ઉત્તરાખંડ' એપ ડાઉનલોડ કરીને રજિસ્ટ્રેશન કરાવી શકે છે.જે લોકો ડિજિટલ મીડિયાનો ઉપયોગ કરી શકતા નથી, તેમના માટે ૧૭ એપ્રિલથી ઋષિકેશ, હરિદ્વાર અને દેહરાદૂન ખાતે ઓફલાઈન કાઉન્ટર ખોલવામાં આવશે. વિભાગે કોઈપણ સહાય માટે હેલ્પલાઇન નંબર ૦૧૩૫-૧૩૬૪ જાહેર કર્યો છે. નોંધણી શરૂ થઈ ગઈ છે, ત્યારે મુલાકાતીઓની સંખ્યા મર્યાદિત કરવાના સરકારના નિર્ણય સામે વિરોધ પણ શરૂ થઈ ગયો છે ચારધામ હોટેલ એસોસિએશને આ નિર્ણયને સ્થાનિક વ્યવસાયો માટે હાનિકારક ગણાવ્યો છે. એસોસિએશનના પ્રમુખ રાજેશ મહેતાએ ચેતવણી આપી છે કે જો સરકાર પુનર્વિચાર નહીં કરે, તો માર્ચના બીજા ભાગમાં વિરોધ શરૂ કરવામાં આવશે. જોકે, સરકારનો તર્ક છે કે હિમાલય ક્ષેત્રની સલામતી અને સુરક્ષા માટે ભીડ નિયંત્રણ જરૂરી છે.

# મયુરનગરમાંથી ચોરાઉ મોટરસાયકલ સાથે વિશાલ ઝીંઝુવાડિયા ઝડપાયો

**કુવાડવા રોડ પોલિસ મથકમાં નોંધાયેલ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલતી થોરાળા પોલીસ**

**અબતક, રાજકોટ**

થોરાળા પોલિસની ટીમે રાજમોતી ઓઈલ મીલ પાછળથી ચોરાઉ મોટરસાયકલ સાથે વિશાલ ઝીંઝુવાડિયાની ધરપકડ કરી હતી. પોલિસેં વાહન કબ્જે કરી કુવાડવા રોડ પોલિસ મથકમાં નોંધાયેલ મોટરસાયકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

ઉચ્ચ અધિકારીઓ દ્વારા પોલીસમાં મથક વિસ્તારમાં સખત પેટ્રોલિંગ કરી અનડિટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને થોરાળા પોલીસ મથકના પીઆઈ એન જી વાઘેલાના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પીએસઆઈ એમ એસ મહેશ્વરીની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ મહેશભાઈ સોલંકી, હેડ કોન્સ્ટેબલ ઈમરાનભાઈ ચુડાસમા અને ધર્મેન્દ્રભાઈ ગઢવીને સંયુક્ત હકીકત મળી હતી કે, એક શખ્સ ચોરાઉ મોટરસાયકલ સાથે મયુરનગરમાં રાજમોતી મીલની પાછળ ઉભેલ છે. જેથી તાત્કાલિક થોરાળા પોલીસની ટીમ બાતમીવાળા સ્થળે દોડી ગઈ હતી અને શંકાસ્પદ શખ્સની યુકિત પ્રયુક્તિથી પૂછપરછ કરતા તેણે આ મોટર સાયકલ ચોરીથી મેળવ્યાની કેફિયત આપી હતી. બાદમાં મોટરસાયકલ બાબતે ઈ-ગુજકોપમાં વેરીફાઈ કરતા કુવાડવા રોડ પોલીસ મથકમાં વાહન ચોરીનો ગુનો નોંધાયેલો હોય થોરાળા પોલીસની ટીમે વિશાલ વલ્લભભાઈ ઝીંઝુવાડીયા (ઉવ ૨૩ હાલ રહે. શાપર વેરાવળ, શાંતિધામ સોસાયટી, રાજકોટ, મૂળ રહે. મયુરનગર શેરી નં.૧, રાજમોતી મીલની પાછળ, રાજકોટ)ની ધરપકડ કરી રૂ. ૧૦ હજારની કિંમતનું મોટરસાયકલ કબજે કર્યું હતું.

આ કામગીરી થોરાળા પોલીસ મથકના પીઆઇ એન જી વાઘેલા, પીએસઆઇ એમ એસ મહેશ્વરી, એએસઆઈ જયેશભાઈ નિમાવત, મહેશભાઈ સોલંકી, હેડ કોન્સ્ટેબલ કિશોરભાઈ પરમાર, ધર્મેન્દ્રભાઈ ગઢવી, ઈમરાનભાઈ ચુડાસમા, હિતેશભાઈ પરમાર, વિક્રમભાઈ લોખિલ અને કોન્સ્ટેબલ નિલેશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

# આણંદપર નવાગામમાં ગેરકાયદે બાંધકામ ધરાવતા ૫૦ રહીશોને આખરી નોટિસ

**ગેરકાયદેસર બાંધકામો સ્વૈચ્છિક રીતે હટાવવા અથવા કાયદેસર પુરાવા રજૂ કરવા અલ્ટિમેટમ અપાયું ૨૫૦૦ થી ૩૦૦૦ ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરવા કાર્યવાહી કરાશે**

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના આણંદપર (નવાગામ) વિસ્તારમાં આવેલા આશરે ૫૦ જેટલા ગેરકાયદેસર બાંધકામો ધરાવતા રહેવાસીઓને તંત્ર દ્વારા આખરી નોટિસ ફટકારવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં ગેરકાયદેસર બાંધકામો અને દબાણ હટાવવાની તાજેતરની કાર્યવાહીઓના ભાગરૂપે જોવા મળી રહી છે.

આણંદપર નવાગામ વિસ્તારમાં સરકારી જમીન પર અનધિકૃત રીતે બાંધકામો કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. તાજેતરમાં જ આવા કેટલાક કિસ્સાઓમાં તંત્રએ કાર્યવાહી કરીને દબાણમુક્ત કર્યું હતું. તાજેતરના એક કિસ્સામાં ૨૦૭ પૈકીની સરકારી જમીનમાંથી આશરે ૧૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા ૮ ઓરડાઓના અનધિકૃત બાંધકામને પીજીવીસીએલની ટીમ અને પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપૂર્ણ રીતે હટાવવામાં આવ્યા હતા.

હવે ૫૦ રહેવાસીઓને આખરી નોટિસ જારી કરવામાં આવી છે, જેમાં તેમને તેમના ગેરકાયદેસર બાંધકામો સ્વૈચ્છિક રીતે હટાવવા અથવા કાયદેસર પુરાવા રજૂ કરવાનો અલ્ટિમેટમ આપવામાં આવ્યો છે. આ નોટિસ એક્ટની કલમો (જેમ કે ૨૬૦(૧) અને ૨૬૦(૨)) હેઠળ જારી કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે, જેમાં રહેવાસીઓને નિયત સમયમર્યાદામાં જવાબ આપવાનો અથવા બાંધકામ હટાવવાનો આદેશ આપવામાં આવે છે. આ કાર્યવાહી રાજકોટમાં તાજેતરમાં ચાલી રહેલી મોટા પાયાની એન્ટી-એન્ક્રોચમેન્ટ ડ્રાઈવના ભાગરૂપે જોવા મળી રહી છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જંગલેશ્વર અને આજી નદી કિનારે ૧,૪૮૯થી વધુ ગેરકાયદેસર માળખાં હટાવવામાં આવ્યા હતા, જેમાંથી મોટા ભાગના રહેણાંકીય હતા અને જમીનનું મૂલ્ય ૩૫૦ કરોડથી વધુ હોવાનું અંદાજવામાં આવ્યું હતું. આવી કાર્યવાહીઓમાં પહેલાં નોટિસ આપવામાં આવે છે, ત્યારબાદ આખરી નોટિસ અને જરૂર પડે તો બુલડોઝર દ્વારા ડિમોલિશન કરવામાં આવે છે.

# બાળ તસ્કરી ગેંગ સમજી હાથમાં કાયદો લઈ હુમલા નહીં કરવા પોલીસની અપીલ

**આજે પણ રેસકોર્ષમાં મહિલાને બેફામ માર મરાયો'તો બે લોકોના ઝઘડામાં સ્થાનિકોએ બાળકો ઉઠાવતી ગેંગ સમજી મહિલાને ફટકારી**

**મેસેજ વેરીફાઈ કર્યા વગર ફોરવર્ડ ન કરો, નહીંતર કાર્યવાહી થશેઃ ડીસીપી જગદીશ બાંગરવા**

**અબતક, રાજકોટ**

બાળ તસ્કરી ગેંગ સમજી છાસવારે હુમલા થતાં હોવાના બનાવો સામે આવતા હોય છે ત્યારે પોલિસેં પ્રજાને કાયદો હાથમાં ન લેવા અપીલ કરી છે. આજે રેસકોર્ષમાં પણ મહિલાને બેફામ માર મારવામાં આવ્યો હતો. હકીકત તે બે લોકોનો ઝઘડો હતો, જે સ્થાનિક લોકોએ બાળકો ઉઠવતી ગેંગ સમજી મહિલા પર તૂટી પડ્યા હતાં. પોલીસ પહોંચતા બંને લોકોએ સમાધાન કરી લીધું હતું.

જેથી ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ અફવા પર ધ્યાન ન આપવું, કાયદો હાથમાં ન લેવો અને શંકાસ્પદ વ્યક્તિ લાગે તો પોલીસને જાણ કરવાની અપીલ કરી છે.

જે અંગે વધુમાં ડીસીપીએ જણાવ્યું હતું કે, હાલ લોકોના ટોળા દ્વારા બાળકો ઉઠાવી જતી ગેંગ સમજી મહિલાઓ સહિતના લોકોને માર મારવામાં આવી રહ્યો છે કે તે લોકો બાળકોના અપહરણ કરવામાં આવ્યાં છે. જેથી અપીલ કરી હતી કે, ખોટી અફવા પર ધ્યાન ન આપવું, કાયદો હાથમાં ન લેવો જો કોઈ શંકાસ્પદ વ્યક્તિ કે સમૂહ જણાઈ તો ૧૧૨ પર કોલ કરી પોલીસને જાણ કરવી અને પોલીસને સાથે રાખી કાર્યવાહી કરવી જોઈએ, તેમજ શહેર પોલીસની સોશિયલ મીડિયાની ટીમ પણ ટીમ કામ કરી રહી છે, જેથી વેરીફાઈ કર્યા વગર કોઈપણ મેસેજ ફોરવર્ડ કે વાયરલ કરવા ન જોઈએ, જો આવા મેસેજ તમને મળે છે તો પોલીસને જાણ કરવી જોઈએ, જેથી નિર્દોષ માણસ ભોગ ન બને, જો આ બાબતે નિર્દોષ માણસ ભોગ બને અને તે પોલીસને ફરિયાદ આપે તો તેવા લોકો સામે પણ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છેકે, આજે સવારે રેશકોર્ષમાંથી પણ એક મહિલા બાળક ઉપાડવા આવી છે તે મામલે એક મહિલાને સ્થાનિક લોકોએ પકડી પોલીસને સોંપી હતી. જો કે, તે અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, તે મહિલા શહેરના આંબેડકર નગર વિસ્તારની છે અને તેને અને ત્યાં હાજર વ્યક્તિ વચ્ચે ઝઘડો થયો હતો. જે બાદ તે બંને વચ્ચે સમાધાન પણ થઈ ગયું હતું.

## બાળકોના ખિસ્સામાં નામ નંબર વાળી ચિઠ્ઠી રાખો પોલીસ

ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, લોકોએ તેમના બાળકોને ખાસ સુરક્ષિત રાખવા જોઈએ, બને ત્યાં સુધી બાળકોને સાથે રાખો, બહાર એકલા મોકલો નહીં, ઘર બહાર જાય છે તો તેનું ધ્યાન રાખો તેમજ બાળક જ્યારે પણ તેઓને સાથે લઈ તમે બહાર નીકળો છો, ત્યારે તેમના ખિસ્સામાં તેમના નામ અને પરિવારના નંબર વાળી એક ચિઠ્ઠી પણ રાખો. જેથી જો ક્યારેય પણ બાળક તમારાથી અલગ પડે તો તેમને તુરંત જ શોધી શકાય છે અથવા તેમનો સંપર્ક થઈ શકે છે.

# કોર્પોરેશન - રૂડાના રૂ. ૩૬૨.૬૦ કરોડના વિકાસ કામોનું કાલે લોકાર્પણ-ખાતમુહુર્ત

**કેબિનેટ અને રાજકોટના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના વરદ હસ્તે ભેટ અપાશે**



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળના વિવિધ વિભાગોના રૂ. ૩૬૨.૬૦ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુર્હુત કેબિનેટ મંત્રી અને રાજકોટ પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના વરદ હસ્તે કાલે શનિવારે, સમય બપોરે ૩ કલાકે, અરવિંદભાઈ મણિયાર હોલ, જયુબેલી ગાર્ડન, જયુબેલી ચોક, રાજકોટ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે.

આ લોકાર્પણ અને ખાતમુર્હુત કાર્યક્રમ અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત તા.૬-૩-૨૦૨૬ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા અધિકારીઓ-કર્મચારીઓ અને એજન્સીના પ્રતિનિધિઓને સાથે રાખી સ્થળ મુલાકાત કરવામાં આવી.

આ સ્થળ મુલાકાતમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને એજન્સીના પ્રતિનિધિઓ તથા રાજકોટ મહાનગરપાલિકાના લગત અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સાંસદ પરસોતમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા, કેસરીદેવસિંહ ઝાલા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, દુર્લભજીભાઈ દેથરીયા, જીતુભાઈ સોમાણી, જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ગુજરાત પ્રદેશ ભાજપ સહ કોષાધ્યક્ષ મોહનભાઈ કુંડારિયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, ડ્રેનેજ સમિતિ ચેરમેન સુરેશભાઈ વસોયા, રૂડાના સી.ઈ.એ. જી.વી.મિયાણી, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહેશે.

# લક્ષ્મણ ટાઉનશીપમાં ચોથા માળેથી મેટોડાનો યુવાન ભેદી રીતે પટકાતા મોત

## મૃતક રાત્રિના કોઈને મળવા આવ્યો હતો કે અન્ય કંઈ? : તાલુકા પોલીસ દ્વારા તપાસના ચક્રો ગતિમાન

**અબતક, રાજકોટ**

મૂળ કાલાવડના વતની અને હાલ પરિવાર સાથે મેટોડામાં રહેતાં ૩૩ વર્ષના યુવાનનું રાજકોટમાં મવડી વિસ્તારની લક્ષ્મણ ટાઉનશીપમાં મોડી રાતે ચોથા માળેથી પટકાતાં ગંભીર ઈજા થવા સબબ ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું છે. આ યુવાન રાતે ચોથા માળે કોઈને મળવા આવ્યો હતો કે પછી અન્ય કોઈ કામ માટે આવ્યો હતો તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો મુજબ મવડી ૮૦ ફુટ રોડ પર લક્ષ્મણ ટાઉનશીપમાં એક અજાણ્યો યુવાન ચોથા માળેથી પડી જતાં ગંભીર ઈજા થવાની જાણ થતાં ૧૧૨ જનરક્ષક ઈન્ચાર્જ પાર્થ ભાઈ સોજીત્રા સહિતના પહોંચ્યા હતાં. કોઈએ ૧૦૮ પણ બોલાવી હતી. તેના ઈએમટી તબીબતે જલબેન વાજાએ આ યુવાનને મૃત જાહેર કરતાં તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતાં એએસઆઈ નિલેષભાઈ ચાવડા સહિતે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસે મૃતક પાસેથી મળેલા ફોન તથા બીજા કાગળોને આધારે તપાસ કરતાં તેના વાલીવારસ મળી આવ્યા હતાં. મૃત્યુ પામનાર યુવાન મુળ કાલાવડનો અને હાલ મેટોડાની આસ્થા સોસાયટીમાં રહેતો મનિષભાઈ રમણિકભાઈ ધોળકીયા(ઉ.વ.૩૪) હોવાનું ખુલતાં પોલીસે તેમના પરિવારજનોને બોલાવી કાર્યવાહી બાદ મૃતદેહ સોંપ્યો હતો.

પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ મૃત્યુ પામનાર મનિષભાઈ ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતો હતો. તે હાલ મેટોડા આસ્થા સોસાયટીમાં પત્નિ અને દિકરા-દિકરી સાથે રહેતો હતો. રાજકોટ લક્ષ્મણ ટાઉનશીપમાં તે મોડી રાતે શું કરવા આવ્યો હતો? ચોથા માળે કોઈ પરિચીતને મળવા આવ્યો હતો કે પછી બીજી કોઈ કામે? તે અંગે તપાસ ચલાવી રહી છે. કોઈ કારણોસર ભાગવા જતાં પડી ગયાની પણ ચર્ચા થઈ રહી છે. આ અંગેની વધુ તપાસ તાલુકા પીઆઈ ડી. એમ. હરિપરાની રાહબરીમાં પીએસઆઈ કે. એચ. કારેણા ચલાવી રહ્યા છે.

# ચેક રિટર્ન કેસમાં સજા વોરંટમાં નાસતો ફરતો બેડીનો શખ્સ ઝડપાયો

## કુવાડવા રોડ પોલીસે આરોપી ગોવિંદ જોગડિયાને ઝડપી લઈ વોરંટની બજવણી કરી

**અબતક, રાજકોટ**

કુવાડવા રોડ પોલીસ મથકના સ્ટાફે સજાના વોરંટમાં નાસતા ફરતા બેડી ગામના શખ્સને ઝડપી લઈ વોરંટની બજવણી કરી હતી.

ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, એસીપી વી.બી.જાડેજા દ્વારા મિલકત સંબંધી ગુનાઓ ડિટેક્ટ કરવા તેમજ સજાના વોરંટની બજવણી કરવા માટે સૂચના આપવામાં આવી હોય જેને લઈ કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ બી.પી. રજયાના માર્ગદર્શન હેઠળ એએસઆઈ ખોડુભા જાડેજા તથા ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ રબારી, જયદીપભાઈ ધોળકિયાને મળેલી બાતમીના આધારે સજાના વોરંટમાં નાસતા ફરતા આરોપી ગોવિંદ વશરામભાઈ જોગડીયા (ઉ.વ. ૪૯ રહે. બેડી) ને ઝડપી લીધો હતો. ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે આરોપી સામે સજાનું વોરંટ ઈશ્યુ કર્યું હતું. આ કામગીરીમાં કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ બી.પી.રજયા, એએસઆઈ કે.વી.જાડેજા, હેડ કોન્સ. મહેશભાઈ રબારી, કોન્સ. કુલદીપભાઈ જોશી,ભાવેશભાઈ મકવાણા, જયપાલભાઈ બરાળીયા, જયદીપભાઈ ધોળકીયા,મેહુલસિંહ ચુડાસમા સાથે રહ્યા હતાં.

# ગોંડલમાં મજાકમાં થયેલી બોલાચાલીમાં યુવકે મિત્ર પર કર્યો હુમલો

## મિત્રને ઢીકાપાટુનો માર મારતા ગંભીર ઈજાઓ, સારવાર અર્થે રાજકોટ સિવિલ ખસેડાયો

**અબતક, રાજકોટ**

ગોંડલના ભગવતીપરા વિસ્તારમાં મિત્રો-મિત્રો વચ્ચે થતી સામાન્ય મજાક મજાકમાં મામલો બિચક્યો હતો. સામાન્ય બોલાચાલી અને ગાળાગાળી બાદ ઉશ્કેરાયેલા યુવકે તેના જ મિત્ર પર ઢીકાપાટુનો માર મારી હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. યુવકને સારવાર અર્થે તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, ગોંડલ તાલુકાના ભગવતીપરામાં રહેતા જીજ્ઞેશ દેવશીભાઈ પારગી (ઉં ૨૫) ગઈકાલે બપોરે અંદાજે સાડા ત્રણ વાગ્યાની આસપાસ પોતાના ઘર નજીક હાજર હતા. આ દરમિયાન તેમના મિત્ર હાર્દિક જગદીશભાઈ રાઠોડ સાથે કોઈ બાબતે મજાકમાં બોલાચાલી શરૂ થઈ હતી. મજાકમાં થયેલી બોલાચાલી થોડા જ સમયમાં ગાળાગાળી સુધી પહોંચી ગઈ હતી. જોતજોતામાં વાત ઉગ્ર બની જતા હાર્દિક રાઠોડે આવેશમાં આવી જીજ્ઞેશ પારગી પર હુમલો કરી દીધો હતો. હાર્દિક જીજ્ઞેશને ઢીકાપાટુનો માર મારતા તેને માથાના ભાગે તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાના પગલે ઈજાગ્રસ્ત જીજ્ઞેશને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે જિજ્ઞેશભાઈ કલરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# વોરા સોસાયટીના વેપારીનો આપઘાત


## ધંધો બરાબર ન ચાલતો હોવાથી પ્રૌઢે એસિડ પી જીવન ટુંકાવ્યું

**અબતક રાજકોટ**

શહેરના માધાપર ચોકડી પાસે આવેલી વોરા સોસાયટીમાં રહેતા ૪૯ વર્ષીય પ્રૌઢે આર્થિક ભીંસથી કંટાળી જામનગર રોડ પર એસિડ પી લેતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ધંધો બરાબર ન ચાલતો હોવાના કારણે પ્રૌઢે આ આત્મઘાતી પગલું ભરતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, વોરા સોસાયટીમાં રહેતા હિરેનભાઈ જગજીવનભાઈ ધકાણ (ઉં.વ. ૪૯) ગત તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ જામનગર રોડ પર ન્યારા ગામના પાટીયા પાસે હતા. આ સમયે તેમણે અચાનક એસિડ પી લેતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. ગંભીર હાલતમાં તેમને તત્કાલ રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૧૦ દિવસની સારવાર બાદ ગઈકાલે તેમનું મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક હિરેનભાઈ સોની કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. જોકે, છેલ્લા બે મહિનાથી કામ-ધંધો બરાબર ન ચાલતો હોવાથી તેઓ ઘરે જ હતા. આર્થિક સંકડામણ વધતા તેમણે આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું મનાય છે. સંતાનમાં તેમને એક દીકરી છે.બનાવની જાણ થતા પડધરી પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે. આર્થિક ભીંસ સિવાય અન્ય કોઈ દબાણ કે કારણ જવાબદાર છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# દુઃખદ અવસાન

## સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટઃ** શ્રી દશા સોરઠીયા વણિક, લાભુબેન જશવંતરાય ધ્રુવ (ઉ.વ.૯૩) તે સ્વ. જશવંતરાય લાધાભાઈ ધ્રુવના પત્ની, નીલેશભાઈ, રામચંદ્રભાઈ, કુસુમબેન કૃષ્ણાંતભાઈ ધોળકીયા, પ્રતિભાબેન દિલીપકુમાર ધ્રુવ, સ્વ. હસુબેન સતીશકુમાર શેઠ, સ્વ. કલ્પનાબેન કૌશિકકુમાર કોઠારીના માતા, સ્વ. કુરજીભાઈ મેઘજીભાઈ કુલરના દીકરી, સ્વ. હરિલાલ, સ્વ. મણીલાલ, સ્વ. દુર્લભજીભાઈ, સ્વ. નર્મદાબેનના બહેન, સ્મિતાબેન, જાગૃતિબેનના સાસુ, રાજન, ભવ્ય, પુજા, નિધિના દાદાનું તા. ૪-૩ ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૭ ને શનિવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬ દરમિયાન રાષ્ટ્રીય શાળા, મનહર પ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**રાજકોટઃ** ઔ.ગુ.સા.બ્ર. શૈલેષભાઈ બાબુભાઈ વ્યાસ (ઉ.વ.૫૮) તે રૂપલબેનના પતિ, સ્વ. ધીરુભાઈ ભટ્ટના જમાઈ, હર્ષ, યશના પિતા, વિપુલભાઈ, જયદીપભાઈ, કલ્પનાબેન કપિલકુમાર ત્રિવેદી, માધવીબેન મનોજકુમાર ભટ્ટ, નિકિતાબેન ગૌતમકુમાર પંડયા, મીનાબેન પ્રુલકુમાર જોશીના જમાઈનું તા.૪ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૭ ના સાંજે ૪ થી ૫ દરમિયાન ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ, ૮૦ ફુટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** જીતેન્દ્રભાઈ પાનાચંદભાઈ દોશી તે જયોતિબેનના પતિ, અશોકભાઈ, સ્વ. અશ્વીનભાઈના ભાઈ, કૌશાબેન, મયુરભાઈના પિતા, રાજેશભાઈ શાહ, હેમાલીબેનના સસરા, હર્ષના દાદા, દ્રષ્ટિ પૌત્રવધુના દાદાજી સસરાનું તા. ૫ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા. ૬-૩ ને શુક્રવાર સાંજે ૪ થી ૬ દરમિયાન રોયલ પાર્ક ઉપાશ્રય, કાલાવડ રોડ, રાજકોટ રાખેલ છે.

**રાજકોટઃ** ગુ.હા.સ.ચા. મોઢ બ્રાહ્મણ જામનગર નિવાસી હાલ રાજકોટ સ્વ. ફુલશંકર ઉમિયાશંકર ત્રવાડી (ત્રવાડી ઉમિયાશંકર કાલીદાસ મીઠાઈવાળા)ના પુત્ર સ્વ. જગદીશચંદ્ર ફુલશંકર ત્રિવેદી જે કિશોરભાઈ, રંજનબેન, રજનીભાઈ, અશોકભાઈ, જયેન્દ્રબેનના ભાઈ, અવંતિકાબેનના પતિ, ધવલભાઈ, ભાર્ગવીબેનના પિતા, રાજેશકુમાર જાની, રિધ્ધિબેનના સસરા, સ્વ. મહેન્દ્રભાઈ વિજયશંકર ત્રિવેદીના જમાઈ, ગૌરાંગભાઈ, વત્સલભાઈ, કમલભાઈ, અંજલીબેન, રત્નાબેન, દિપ્તીબેન, મીનાક્ષીબેનના બનેવીનું અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તથા પિયર પક્ષનું બેસણું તા. ૬ ને શુક્રવારના રોજ સાંજે ૪.૩૦ થી ૫.૩૦ તેમના નિવાસ સ્થાન એ-૧૦૧, શ્યામલ સત્વ, ગોલ નેસ્ટની બાજુમાં, શ્રીનાથજી ચોક, પોલીસ હેડકવાર્ટર રોડ, અંબિકા ટાઉનશીપ મવડી રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** લાભુબેન દામજીભાઈ પડસુંબીયા (ઉ.વ.૭૮) તે રજનીકાંતભાઈ, વિજયભાઈના માતાનું તા. ૫ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૯ ને સોમવાર સાંજે ૪ થી ૬ દરમિયાન ભીમનાથ મહાદેવ મંદિર, ગાયત્રીનગર ૯/૧૦ રાજકોટ ખાતે રાખેલ છે.

**સુરેન્દ્રનગરઃ** કનકલતાબેન નવનીતલાલ જયસ્વાલ (ઉ.વ.૭૬) તે નવનીતલાલ મગનલાલ જયસ્વાલના પત્ની, નિલેશભાઈ (સુ.નગર), જયેશભાઈ (પૂર્ણ)ના માતા, સ્વ. પ્રભુલાલ રતિલાલ જયસ્વાલ (જોરાવરનગર)ના પુત્રી, સુરેશભાઈ, સ્નેહલભાઈ, મેહુલભાઈ, રાહુલભાઈ સંજયભાઈના બહેનનું તા. ૨ ના રોજ પૂર્ણ (મહારાષ્ટ્ર) મુકામે અવસાન થયેલ છે. પ્રાર્થના સભા તા. ૧૨-૩ ના સાંજે ૪ થી ૬ દરમિયાન ગણપતિ મંદિરની વાડી, સનફ્લાવર સ્કુલ પાછળ, માનવ મંદિર રોડ, સુરેન્દ્રનગર ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** જીતેન્દ્રભાઈ જમનાદાસ ઝવેરી (ઉ.વ.૬૯) તે સ્વ. જમનાદાસ કે. ઝવેરીના પુત્ર, સ્વ. જયોત્સનાબેન જીતેન્દ્રભાઈ ઝવેરીના પતિ, ચાંદનીબેન હાર્દિકભાઈ ધોકીયાના પિતા, મનસુખભાઈ બી. વખારીયાના જમાઈ, રાજુભાઈ જમનાદાસ ઝવેરીના ભાઈનું તા. ૪-૩ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ટેલીફોનીક બેસણું તા. ૭-૩ શનિવારના રોજ મો. નં. ૯૯૧૩૧ ૩૩૦૬૮ ઉપર રાખેલ છે.

**રાજકોટઃ** વિરપુર (જલારામ) નિવાસી હાલ રાજકોટ સ્વ. દયાળજી ગોરધનદાસ ગંદાના પૌત્ર સ્વ. જગજીવન દયાળજી ગંદાના પુત્ર મહેન્દ્રભાઈ (મહેશભાઈ) સદગુરુ ઈન્ફોવર્ડ વાળા (ઉ.વ.૭૫) તે ભારતીબેનના પતિ, સાગરભાઈ, વિભુબેનના પિતા, સ્મિતાબેનના સસરા, દ્રષ્ટિ, શિવમના દાદા, ગં.સ્વ. ઈન્દુબેન મુકુંદરાય ઉનડકટ, સુરેશભાઈ, પ્રફુલભાઈ, સ્વ. હસુભાઈ, વિનુભાઈના ભાઈ, વલ્લભદાસ વિઠ્ઠલદાસ ચંદારાણા, (બાબરાવાળા) ના જમાઈનું તા. ૫ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તેમજ પિયર પક્ષની સાદડી તા. ૭ ને શનિવારના રોજ પંચનાથ મહાદેવ મંદિરે સાંજે ૫ થી ૬ દરમિયાન રાખેલ છે.

**રાજકોટઃ** સોની નાનાલાલ લાલજીભાઈ પારેખ (ટંકારાવાળા) હાલ રાજકોટના પત્નિ શારદાબેન નાનાલાલ પારેખ (ઉ.વ.૯૦) તે રજનીભાઈ, ભરતભાઈ, જયંતભાઈ, મહેશભાઈ, દિનેશભાઈ, ચંદ્રેશભાઈ, ઈન્દુબેન, ઈલાબેનના માતા, વિરપરડાવાળા સોની ડાયાલાલ નરભેરામ પાટડીયા હાલ રાજકોટ ના દિકરીનું તા. ૬ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બન્ને પક્ષનું બેસણું તા. ૭ ને શનિવારના રજ પારેખવાડી ખત્રીવાડ સાંજે ૪ થી ૫ દરમિયાન રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી જયંતીભાઈ હિરજીભાઈ મિયાત્રા(ઉ.વ૭૨) તે મનસુખભાઈ હિરજીભાઈ મિયાત્રાના મોટાભાઈ, ઓલવિન હેર ડિઝાઈનર ધર્મેશભાઈ, નિલભાઈ ના પિતા, ધૈર્ય ના દાદા નું ૫ ગુરુવારે અવસાન થયેલ છે તેમનું બેસણું ૭ શનિવારે ૪ થી ૬ તેમના નિવાસસ્થાન, વિમલનગર શેરી નંબર ૨ પુષ્કરધામ પાછળ મોમાઈ કૃપા કિડની હોસ્પિટલની પાછળ રાજકોટ ખાતે રાખેલ છે

(પહેલા પાનાનું ચાલુ)

### બાંધકામ ઉદ્યોગ...

નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું, ત્યારે તેણે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મોટા શહેરોને સિસ્મિક ઝોન ૪ માં મૂક્યા હતા. આ ફેરફારને કારણે ઈમારતો માટે વધુ કડક ડક્ટાઈલ ડિટેલિંગ અને ભૂકંપ-પ્રતિરોધક ડિઝાઈન ફરજિયાત બનાવવામાં આવી હતી.

જોકે, મોટાભાગની સિવિક બોડીઝે આ નવા નિયમોના અમલીકરણ માટે થોડો સમય આપ્યો હતો, પરંતુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનએ ૧૯ જાન્યુઆરીના રોજ એક પરિપત્ર બહાર પાડીને બીઆઈએસના સુધારેલા કોડનું તાત્કાલિક પાલન ફરજિયાત બનાવ્યું હતું અને જૂના કોડ હેઠળ પ્લાન પાસ કરવાનો ઈનકાર કર્યો હતો. આનાથી ડેવલપર્સ માટે મોટી સમસ્યા ઊભી થઈ હતી, કારણ કે એડવાન્સ પ્લાનિંગના તબક્કામાં રહેલા પ્રોજેક્ટ્સ માટે અચાનક ધોરણો બદલવાથી બાંધકામ ખર્ચમાં ૨૦ ટકાનો વધારો થાય તેમ હતો. આ મુદ્દાને કારણે અમદાવાદમાં અંદાજિત ૧૫ મોટા હાઈ-રાઈઝ પ્રોજેક્ટ્સ અટકી ગયા હતા.

ફેબ્રુઆરી ૨૦૨૬માં કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આઈએસ ૧૮૯૩:૨૦૨૫ કોડની ટેકનિકલ અને નાણાકીય અસરો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, ત્યારબાદ કેબિનેટ સચિવાલયે દરમિયાનગીરી કરી હતી. કેબિનેટના ઓફિસ મેમોરેન્ડમમાં નોંધવામાં આવ્યું હતું કે આ સુધારાની સીધી અસર મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ સહિત ચાલુ અને ભવિષ્યના ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ્સની ડિઝાઈન અને અમલીકરણ પર પડે છે. મેટ્રો શહેરોમાં ચાલુ કાર્યો માટે આની નાણાકીય અસર ૩૦% થી ૫૦% સુધી હોઈ શકે છે અને મેટ્રો રેલ કોર્પોરેશનો સાથે યોગ્ય ચર્ચા કર્યા વિના જ આ કોડ લાગુ કરવામાં આવ્યો હતો.

ક્રેડાઈ અમદાવાદના ચેરમેન રાજેશ વાસવાણીએ આ નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે નોટિફિકેશન પાછું ખેંચવાનો નિર્ણય એક આવકારદાયક પગલું છે કારણ કે સંબંધિત પક્ષકારો સાથે ચર્ચા કર્યા વિના જ નવા કોડ તૈયાર કરવામાં આવ્યા હતા. આના અચાનક અમલીકરણથી સ્ટ્રકચરલ એન્જિનિયરો માટે પણ સમસ્યાઓ ઊભી થઈ હતી અને જો આ નવા કોડ લાગુ કરવામાં આવ્યા હોત તો બાંધકામ ખર્ચમાં સીધો ૨૦ ટકાનો વધારો થયો હોત.

(ચોથા પાનાનું ચાલુ)

### ઘી ના લાડવા જમાડાયા...!

માર્ગદર્શનના આ કેમ્પને સરાહના મળી હતી.

બોલબાલા ટ્રસ્ટ માનવસેવા ની સાથે સાથે ધર્મ અને અબોલ જીવોની સેવા માટે પણ સતત પ્રયત્નશીલ રહે છે ટ્રસ્ટ દ્વારા જીવદયા પરમો ધર્મના પવિત્ર સૂત્રોને સાકાર કરવા જીવ દયા અભિયાન અંતર્ગત ૭૦૦કિલો લાડવાઓ બનાવી બીમાર વૃદ્ધ અને અશક્ત ગાયો ને ગૌશાળા અને પાંજરાપોળમાં જઈ નિર્યા હતા. આ સેવા યજ્ઞમાં મહિલા મંડળની બહેનો દાતા પ્રીતિબેન ભરતકુમાર બથીયા, ચંપાબેન કારીયા નો સહયોગ મળ્યો હતો અને મહિલા પાખ ના સભ્યોએસેવા લાભ લીધો હતો બોલબાલા ટ્રસ્ટની માનવ સેવા અને જીવ દયા ના કાર્યક્રમોની સરાહના થઈ હતી

### આરએસએસના પ્રમુખ

દર્શન કરી તેમણે પવિત્ર વાતાવરણ પ્રત્યે પ્રસન્નતા અને આનંદ વ્યક્ત કર્યો હતો.

આ અવસરે સારંગપુરધામના કોઠારી સ્વામી વિવેકસાગરદાસજી દ્વારા તેમનું હાર્દિક સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામીશ્રીએ સ્મૃતિભેટ તરીકે વિશ્વપ્રસિદ્ધ 'કિંગ ઓફ સાળંગપુર' હનુમાનજી મહારાજની પવિત્ર પ્રતિકૃતિ અર્પણ કરી તેમને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં સંતો, હરિભક્તો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાત વડતાલધામના આધ્યાત્મિક ગૌરવ અને સાંસ્કૃતિક એકતાને વધુ ઉજાગર કરતી સાબિત થઈ છે.

### આર્યનગર,શિવશ્રૃષ્ટિ પાર્ક

આર્યનગર વિસ્તારના રોડ સાઈડના પડખામાં પેવીંગ બ્લોકના કામનું પણ ખાતમુહુર્ત કરવામાં આવ્યું.

આ પ્રસંગે શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, અશ્વિનભાઈ મોલીયા, કોર્પોરેટ દીલીપ લુણાગરીયા, રસિલાબેન સાકરીયા, પરેશ લીંબાસીયા, દુષ્યંત સંપટ, દિનેશભાઈ ડાંગર, જીલાભાઈ સુસરા, બાબુભાઈ માટીયા, અનિલસિંહ પરમાર, ભાગવતીબેન ધરોડિયા, બિન્દુબેન ડોડીયા, બીપીનભાઈ ગોહિલ, રમેશભાઈ મેટડીયા, ભાદાભાઈ રાદડીયા, મુકેશ કાકડીયા, નીરવ મોલીયા, સહીતના ઉપસ્થિત રહ્યા હતા

આ તકે ધારાસભ્ય ઉદય કાનગડે જણાવ્યું હતું કે વિકાસ એ ભાજપ સરકારની ઓળખ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં સર્વાંગી વિકાસના કામો ઝડપથી આગળ વધી રહ્યા છે.

(૧૧માં પાનાનું ચાલુ)

### વિઝી ટ્રોફી...

અત્યાર સુધી કુલ ૨૦૭ રન નોંધાવ્યા છે. જ્યારે આદિત્ય રાઠોડ ટુર્નામેન્ટના હાઈએસ્ટ વિકેટ ટેકર તરીકે આગળ છે અને તેમણે કુલ ૧૧ વિકેટ મેળવી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ચાર ખેલાડીઓના મહત્વપૂર્ણ યોગદાનથી વેસ્ટ ઝોનની ટીમે આ સફળતા હાંસલ કરી છે, જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમજ સમગ્ર ગુજરાતના ક્રિકેટ માટે ગૌરવની બાબત છે. તેમની સાથે બીસીસીઆઈના નિયુક્ત કોચ નીરજ ઓડેદરા અને મેનેજર તરીકે સૈયદ આસીફ ટીમને સારું માર્ગદર્શન આપી રહ્યા છે

સિદ્ધિ બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ઉત્પલ જોશી, રજીસ્ટ્રાર ઈન્ચાર્જ તેમજ શારીરિક શિક્ષણ નિયામક ડૉ. હરીશ રાબાએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવી ફાઈનલ મેચ માટે શુભકામનાઓ પાઠવી છે.

વેસ્ટ ઝોન ટીમને તૈયાર કરવામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ અધ્યાપકો તથા સહયોગી ટીમે ભારે મહેનત કરી હતી. આ સફળતા પછી સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિવારમાં આનંદ અને ગૌરવની લાગણી સાથે ઉત્સાહનું માહોલ જોવા મળી રહ્યું છે.

### ડો. માધવ દવે...

શહીદોને અંજલિ અપાઈ હતી. આ ઉપરાંત પહેલગામ આતંકી હુમલામાં શહીદ થયેલા વીરોની યાદમાં અને રાષ્ટ્રીય એકતા અખંડિત રાખવા માટે વિશિષ્ટ કાર્યક્રમો યોજાયા એ અંતર્ગત રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા શહેરના તમામ વોર્ડમાં ભવ્ય તિરંગા યાત્રા કાઢવામાં આવી હતીજેમાં હજારો નાગરિકો દેશભક્તિના રંગે રંગાયા હતા. તેમજ નાણાવટી ચોકથી ગાંધીગ્રામ સુધી યોજાયેલી આ યાત્રા નારી શક્તિના સમર્થન અને રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક બની હતી.

સપ્ટેમ્બર મહિનામાં રાજકોટ શહેર ભાજપે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મવર્ષને માત્ર ઉત્સવ તરીકે નહીં, પરંતુ 'સેવા પખવાડિયા' તરીકે ઉજવીને માનવતાની મહેક પ્રસરાવી છે. શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેના નેતૃત્વમાં રક્તદાન, સ્વાસ્થ્ય પરીક્ષણ અને પર્યાવરણ જતનના કાર્યો દ્વારા છેવાડાના માનવી સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવ્યો.ટેકનોલોજી અને ભક્તિનો સંગમનો કાર્યક્રમ રેસકોર્સના મેદાનમાં રાજકોટ એન.જી.ઓ. ફેડરેશન દ્વારા આયોજિત 'નમોત્સવ' મલ્ટીમીડિયા શો યોજાયો હતો. જેમાં એક સાથે ૧૦૦ થી વધુ ડ્રોન સાથેનો મોદી સાહેબના જીવન કવનની ગીત સંગીતે મઢેલી યશગાથા નિહાળી રાજકોટ શહેર અભિભૂત બની ગયું હતું.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે જગદીશભાઈ વિશ્વકર્માની વરણી બાદ રાજકોટમાં તેમનો પ્રથમ પ્રવાસ ઐતિહાસિક રહ્યો હતો. નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષને આવકારવા અને વધાવવા માટે રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓમાં અનેરો ઉલ્લાસ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ગ્રીનલેન્ડ ચોકડીથી રેસકોર્ષ સુધી શહેરના રાજમાર્ગો પર યોજાયેલા ભવ્ય રોડ-શોમાં હજારો કાર્યકરો કેસરીયા માહોલમાં જોડાયા હતા ભારતીય જનતા પાર્ટી દરેક ધર્મ અને પરંપરાને આદર અને સન્માન આપતી પાર્ટી છે. ભારતીય જનતા પાર્ટી રાજકોટ મહાનગર દ્વારા ધાર્મિક તહેવારોની રંગે ચંગે અને આનંદ અને ઉલ્લાસ સાથે ધાર્મિક ભકિતભાવથી ઉજવણી કરવામાં આવે છે, સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ગણપતિ મંગલ મહોત્સવનું છેલ્લા ૧૯ વર્ષથી સતત અને અવિરત સફળતાપૂર્વક આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે ઓપરેશન સિંદૂરની થીમ ઉપરના ગણપતિ પંડાલે આબાલ વૃધ્ધ સૌ ભકતજનો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો. ગણપતિ મંગલ મહોત્સવ યોજાયેલ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો માણવા દરરોજ ખુબ જ મોટી સંખ્યામાં રાજકોટના નાગરિકો ઉપસ્થિત રહેતા હતાં. તાજેતરમાં સૌરાષ્ટ્રના સુપ્રસિદધ પ્રથમ જર્યોતીલીંગ એવા સોમનાથ મંદિર ઉપરના હુમલો થયા પછી પણ ધર્મ અને આસ્થાના પ્રતિક સમાન આ ધરોહર ૧૦૦૦ વર્ષથી અડીખમ પણ ઉભી છે તેની યાદગીરીરૂપે વડાપ્રધાન મોદી દ્વારા ઉજવણી કરવામાં આવેલ સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણીમાં પણ રાજકોટ શહેર સંગઠન અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રાજકોટથી સતત ચાર દિવસ સુધી ધર્મપ્રેમી જનતા સોમનાથ મહાદેવના દર્શન કરી શકે તે માટે નિશુલ્ક ટ્રેઈન, નાસ્તો ચા-પાણી અને જમવા સહિત વયવસ્થા રાજકોટ મહાનગર અને અધ્યક્ષ તરીકે મારા ભાગે સંભાળવાની આવી તે અતિ ગૌરવની ક્ષણ હતી. ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે વાયબ્રન્ટ ગુજરાતની ઉજવણી ઝોન કક્ષાએ કરવાનું નકકી થયેલ હતું જે મુજબ સૌ પ્રથમ સૌરાષ્ટ્ર કક્ષાના વાયબ્રન્ટ ગુજરાત સમિટનું સફળતાપૂર્વક રાજકોટ મહાનગરમાં આયોજન થયું હતું.

ભારતીય જનતા પાર્ટીના રાજકોટ શહેર વોર્ડના શકિતકેન્દ્ર સંયોજકોનો પ્રશિક્ષણ વર્ગવિધાનસભાવાઈઝ સત્ર કરવામાં આવ્યું, તા.૧૩ ઓગષ્ટથી ૧૫ ઓગષ્ટ દરમ્યાન તમામ વોર્ડમાં ઘરે ઘરે તિરંગા લગાવી સ્વાતંત્રય પર્વની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો,'વિભાજન વિભિષીકા' દિવસ અંતર્ગત શહેર ભાજપ યુવા મોરચા દ્વારા મૌન સરઘસ સાથે મશાલ રેલી આયોજન કરવામાં આવ્યું.અંતમાં રાજકોટ શહેર સંગઠનના અને રાજકોટ શહેરની ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને વરેલ જનતાના સાથ સહકાર સાથે આગામી સમયમાં યોજાનાર મહાનગરપાલિકાની ચુંટણીમાં પણ ૧૮-૧૮ વોર્ડમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને જંગી બહુમતીથી જીત અપાવી ફરી એકવાર રાજકોટ મહાનગરપાલિકાનું સુકાન ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વના હાથમાં સોંપવાના દઢ નિશ્ચય અને નિર્ધાર કર્યો છે.

### વિનોદભાઈ શેઠ કોમ્યુનિટી હોલ...

પાડે રાખે તો તેનું પ્રતિ દિવસનું ભાડું રૂ.૫૦,૦૦૦ અને ડિપોઝિટ ની રકમ માં રૂ.૫૦,૦૦૦ રાખવામાં આવી છે. દરમિયાન અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલ કરતા વિનોદભાઈ શેઠ કોમ્યુનિટી હોલ નાનો હોય તેના ભાડા ખૂબ જ વ્યાજબી રાખવામાં આવ્યા છે.અહીં પ્રથમ માળે આવેલા નોન એસી હોલનું ભાડું લગ્ન,સગાઈ, જનોઈ, ધાર્મિક પ્રસંગો અને લોકિક પ્રસંગો માટે રૂ.૫,૦૦૦ અને ડિપોઝીટનો દર રૂ.૧૦,૦૦૦ જ્યારે બેસણા કે ઉઠામણા માટે ચાર કલાક હોલ ભાડે રાખવાનો હોય તો માત્ર રૂ.૧૦૦૦ ભાડું નિયત કરવામાં આવ્યું છે. કોમર્શિયલ હેતુ માટેનો ભાડાનો દર રૂ. ૮,૦૦૦ અને ડિપોઝિટ રૂ.૧૦,૦૦૦ નક્કી કરવામાં આવી છે.

જ્યારે બીજા માળે આવેલા એસી યુનિટમાં લગ્ન, સગાઈ,જનોઈ ધાર્મિક પ્રસંગ કે લૌકીક પ્રસંગ માટે ભાડાનો દર રૂ.૧૦,૦૦૦ અને ડિપોઝિટનો દર રૂ.૧૫૦૦૦ રાખવામાં આવ્યો છે. બેસણા કે ઊઠમણા માટે ચાર કલાકના સમયગાળા માટે એસી હોલ માત્ર રૂ.૨૦૦૦માં આપવામાં આવશે. ત્જ્યારે કોમર્શિયલ હેતુ માટે ભાડાનો દર રૂ.૧૫૦૦૦ અને ડિપોઝિટનો દર રૂ. ૨૦,૦૦૦ રાખવામાં આવ્યો છેગઈકાલે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ભાડા અને ડિપોઝિટના દર નક્કી કરવાની દરખાસ્તને બહાલી આપવામાં આવી હતી.

(૧૨માં પાનાનું ચાલુ)

### ભારતની શાનદાર જીત

લગાવીને બોલ પકડ્યો હતો પરંતુ તે બાઉન્ડ્રીની બહાર ચાલ્યો જાય તે અગાઉ તેણે બોલને મેદાનમાં જ ઉછાળી દીધો હતો અને શિવમ દૂબેએ આસાન કેચ ઝડપી લેતાં ભાગીદારી અને જેકસની ઈનિંગ્સનો અંત આવ્યો હતો.ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ આપતાં ભારતે શરૂઆતમાં અભિષેક શર્માની વિકેટ ગુમાવી હતી પરંતુ ત્યાર બાદ સંજુ સેમસન, શિવમ દૂબે અને હાર્દિક પંડ્યાએ મહત્વપૂર્ણ યોગદાન આપીને ભારતનો સ્કોર ૨૫૩ સુધી પહોંચાડી દીધો હતો. આમ ભારતના મોટાભાગના બેટર્સે શાનદાર બેટિંગ કરી હતી. ભારતે હજી ૨૬મી ફેબ્રુઆરીએ સુપર-૮ તબક્કામાં ચેન્નાઈ ખાતે ૨૫૬ રનનો સ્કોર રજૂ કર્યો હતો ગુરુવારે તેણે ૨૫૩ રન નોંધાવ્યા હતા.સંજુ સેમસને તેન મળેલા જીવતદાનનો ભરપુર લાભ ઉઠાવીને શાનદાર ૮૯ રન ફટકાર્યા હતા. ટી૨૦ વર્લ્ડ કપના નોકઆઉટ તબક્કામાં ભારત તરફથી આ સર્વોચ્ચ સ્કોર હતો. ત્રીજી ઓવરમાં સેમસન ૧૩ રનના સ્કોરે રમતો હતો ત્યારે જોફ્રા આર્ચરની બોલિંગમાં મિડ ઓન પર ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે તેનો કેચ છોડ્યો હતો. આ કેચ ઈંગ્લેન્ડને ભારે પડી ગયો હતો. સેમસને ત્યાર બાદ જોફ્રા આર્ચરની બોલિંગમાં બે સિક્સર તથા કેટલાક ચોગ્ગા ફટકારી દીધા હતા. ભારતે તેની પહેલી દસ ઓવરમાં જ બે વિકેટે ૧૧૯ રન કર્યા હતા જે દરમિયાન સેમસને ૨૬ બોલમાં તેની અડધી સદી પૂરી કરી દીધી હતી. આ સાથે તેણે સળંગ બીજી મેચમાં અડધી સદી ફટકારી હતી. તેણે ડાઉસનની બોલિંગમાં આકર્ષક સિક્સર સાથે ત્રણ સિક્સર અને સાત ચોગ્ગા સાથે ૨૬ બોલમાં પોતાના ૫૦ રન પૂરા કર્યા હતા. જોકે અંતે ૪૨ બોલમાં સાત સિક્સર અને આઠ ચોગ્ગા સાથે ૮૯ રન ફટકારીને સંજુ સેમસન સ્પિનર વિલ જેક્સના બોલે આઉટ થઈ ગયો હતો.સેમસન આઉટ થયો તે અગાઉ ભારતે ઈનિંગ્સની શરૂઆતમાં જ ઓપનર અભિષેક શર્મા (૦૯) ની વિકેટ ગુમાવી દીધી હતી. તેને પણ વિલ જેક્સે જ આઉટ કર્યો હતો. ઈશાન કિશને આક્રમક બેટિંગ કરી હતી. તેણે માત્ર ૧૮ બોલ રમીને ૩૯ રન ફટકાર્યા હતા. જેમાં ચાર ચોગ્ગા અને બે સિકસર સામેલ હતી.શિવમ દૂબેને આ મેચમાં ચોથા ક્રમે મોકલવામાં આવ્યો હતો જ્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવ પાંચમા ક્રમે રમવા આવ્યો હતો. સૂર્યા તો સસ્તામાં આઉટ થઈ ગયો હતો પરંતુ શિવમ દૂબેએ શાનદાર બેટિંગ કરી હતી. તેણે ૨૫ બોલમાં ૪૩ રન ફટકાર્યા હતા જેમાં ચાર સિકસર સામેલ હતી. જોકે અંતે હાર્દિક પંડ્યા સાથે થયેલી ગેરસમજમાં તે રનઆઉટ થયો હતો.

(છેલ્લા પાનાનું ચાલુ)

### પાંચ આંગળી જેવા નેતાઓ...

નિયુકિત કરાય છે. પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન કમીટીના ચેરમેન પદે જગદીશભાઈ ઠાકોર, વાઈસ ચેરમેન પદે ઈન્દ્રવિજયસિંહ ગોહિલ અને કન્વીનર તરીકે હિંમતસિંહ પટેલની નિયુકિત કરવામાં આવી છે. ચૂંટણી ઢંઢેરા સમીતીના ચેરમેન તરીકે ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર વાઈસ ચેરમેન તરીકે રૂત્વીકભાઈ મકવાણા અને કન્વીનર તરીકે ડો. મનીષભાઈ દોશીની વરણી કરવામાં આવી છે.મીડિયા કમીટીના ચેરમેન પદે ડો. અમીબેન યાજ્ઞીક, વાઈસ ચેરમેનપદે લલીતભાઈ કગથરા અને કન્વીનર તરીકે ગ્યાસુદાનભાઈ શૈખની વરણી કરાય છે. જયારે પબ્લીસીટી કમિટીના ચેરમેન પદે કાદીરભાઈ પીરજાદા, વાઈસ ચેરમેન પદે અનંતભાઈ પટેલ અને કન્વીનર તરીકે ચેતનભાઈ રાવલની નિયુકિત કરવામાં આવી છે. સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીને લઈ કોંગ્રેસ ફુલ ફલેજમાં એટિકવ થઈ ગઈ છે. રાજકોટ સહિતના કેટલાક શહેર અને જિલ્લામાં હાલ ઉમેદવારોની પસંદગી માટે સેન્સ લેવાની કામગીરી ચાલી રહી છે.

### આવશ્યક દવાઓ...

જણાવ્યું હતું કે, ગત વર્ષની સરખામણીએ જીવનરક્ષક દવાઓના ગ્રુપમાં મોટો વધારો જોવા મળ્યો છે. એન્ટી-ઈન્ફેકિટવ મેડિસિન્સ ૨૦૨થી વધારીને ૨૧૬, શ્વસનતંત્રની દવાઓ ૨૯થી વધારીને ૪૦, આંખની દવાઓ ૫૧થી વધારીને ૫૮, ગેસ્ટ્રો ઈન્ટેસ્ટાઈનલની દવાઓ ૫૨ (બાવન)થી વધારીને ૫૬ તેમજ મેડિકલ ડિવાઈસીસની સંખ્યા ૨૮૭થી વધારીને ૩૪૯ કરવામાં આવી છે.આ ઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૬માં હૃદયરોગની ૧૧૬, કેન્સરની ૫૬, ન્યૂરોલોજીકલ ડિસોર્ડર્સની ૭૫ અને માનસિક રોગોની ૪૩ દવાઓ સહિત અનેકવિધ દવાઓનો સમાવેશ કરીને આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે. રાજ્ય સરકાર દર વર્ષે ડ્રગ્સ ફોર્મ્યુલરીની સમીક્ષા કરી તેને અદ્યતન બનાવે છે, જેથી દર્દીઓને આધુનિક અને અસરકારક સારવાર મળી રહે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# વાયરલ વીડિયો અંગે પીજીવીસીએલની સ્પષ્ટતા: બે માસના વીજ બિલથી ગ્રાહકોને નાણાકીય નુકસાન થતું નથી

## જીઈઆરસીના નિયમ મુજબ ૬ કિ.વો.થી ઓછા લોડ ધરાવતા ગ્રાહકોને બાય-મન્થલી બિલ; સોફ્ટવેરથી માસિક અને દ્વિમાસિક ગણતરી એકસરખી રહે છે

**અબતક, રાજકોટ**

હાલમાં સોશિયલ મીડિયામાં પીજીવીસીએલ દ્વારા દર બે મહિને આપવામાં આવતા વીજબીલને કારણે ગ્રાહકોને નાણાકીય નુકશાન થતું હોવાનો દાવો કરતો એક વિડીયો વાયરલ થયો હતો. આ મુદ્દે પીજીવીસીએલ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આવા દાવાઓ તદ્દન ખોટા અને ભ્રામક છે.

પીજીવીસીએલના જણાવ્યા મુજબ ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (GERC)ના સપ્લાય કોડ મુજબ ૬ કિલોવોટથી ઓછા લોડ ધરાવતા રહેણાંક ગ્રાહકોને ટેરીફ ઓર્ડર મુજબ દર બે મહિને વીજબીલ આપવામાં આવે છે. બિલિંગ માટે ઉપયોગમાં લેવાતા સોફ્ટવેરમાં માસિક અને દ્વિમાસિક યુનિટ સ્લેબ પ્રમાણે ગણતરી કરવામાં આવે છે, જેના કારણે બંને પદ્ધતિમાં કુલ ચૂકવવાની રકમ સમાન રહે છે.

કંપનીએ વધુમાં જણાવ્યું છે કે માસિક બિલમાં એક મહિના દરમિયાન વપરાયેલા યુનિટ પ્રમાણે દર લાગુ પડે છે, જ્યારે દ્વિમાસિક બિલમાં બે મહિના દરમિયાન વપરાયેલા કુલ યુનિટને અનુરૂપ સ્લેબ પ્રમાણે દર લાગુ કરવામાં આવે છે. આ રીતે ગણતરી કરવામાં આવે છે જેથી ગ્રાહકો પર વધારાનો આર્થિક બોજો ન પડે.

પીજીવીસીએલએ સ્પષ્ટ કર્યું છે કે તેનો મુખ્ય ઉદ્દેશ નફો મેળવવાનો નથી, પરંતુ ગ્રાહકોને અવિરત અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પૂરો પાડવાનો છે. સાથે જ ગ્રાહકોને અપીલ કરવામાં આવી છે કે સોશિયલ મીડિયામાં ફેલાતી અફવાઓ પર વિશ્વાસ ન રાખી સત્તાવાર માહિતી પર વિશ્વાસ રાખે.

### બુધવારે મુદત પૂરી થાય તે પૂર્વે

# છેલ્લો ઘા: કોર્પોરેશનમાં મંગળવારે ખાસ બોર્ડ

## જમીન વેચાણ નામકરણ વ્યાજ માફી યોજના પગાર ધોરણમાં સુધારા સહિતની અલગ અલગ ૧૨ દરખાસ્ત અંગે લેવાશે નિર્ણય



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના વર્તમાન શાસકોની મુદત આગામી ૧૧મી માર્ચના રોજ પૂર્ણ થઈ રહી છે. ત્યારે ૧૦ માર્ચે મેયર નયનાબેન પેઢડીયા દ્વારા ખાસ બોર્ડ બેઠક બોલાવવામાં આવી છે. જેમાં અલગ અલગ ૧૨ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે.

આગામી ૧૦ માર્ચના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કોર્પોરેશનમાં મળનારી ખાસ બોર્ડ બેઠકમાં શહેરના વોર્ડ નં.૩માં રેલનગર વિસ્તારમાં એમ્સ હોસ્પિટલ વાળા રોડ , રોણકીમાં આવેલા રત્નમ ગોયલ્સ અને રવેચી ફૂડ પાસેના ચોકનું લક્ષ્મણસિંહજી કટારીયા નામકરણ કરવા, ઉપરાંત રેલનગરમાં જ મહર્ષિ દયાનંદ સરસ્વતી ટાઉનશિપ તમેજ શરણમ બિલ્ડીંગ પાસેના ચોકને ગોકળભાઈ સીતાપરા ચોક નામ આપવા,કોર્પોરેશનની જુદી- જુદી શાખાઓની જગ્યાઓના પગાર ધોરણમાં સુધારો કરવા, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર દ્વારા સાત દિવસીય પારાયણના આયોજન માટે રેસકોસ ગ્રાઉન્ડના તમામ વિભાગો અને રમેશ પારેખ રંગદર્શન ઓપન એર થિયેટર વિનામૂલ્ય ફાળવવા, રાજકોટ જૈન તપાગચ્છ સંઘ દ્વારા શ્રી સુપાર્શ્વનાથ જિનાલયના ૨૦૦માં વર્ષની સાલગીરા નિમિત્તે ધાર્મિક કાર્યક્રમ તેમજ સંઘ જમણના આયોજન માટે રેસકોર્સ ગ્રાઉન્ડ અને કવિ રમેશ પારેખ,રંગદર્શન ગ્રાઉન્ડ તથા ઓપન થિયેટર વિનામૂલ્ય ફાળવવા, રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ સમક્ષ દાખલ કરાયેલા કેસમાં મહાપાલિકા વિસ્તારમાં એસી-એસટી લોકોની લાગણી અને ગરીમાને ઠેસ પહોંચાડે તેવા વિસ્તારો વસાહતો જાતિ સૂચક અપમાનજનક વિસ્તારોના નામ જેમાં વોર્ડ નં.૭માં ઠક્કરબાપા હરીજનવાસ તેમજ વોર્ડ નં.૩ માં તોપખાના હરીજન વાસ અને વોર્ડ નં. ૧૫માં કસ્તુરબા હરીજનવાસ તરીકે ઓળખાતા વિસ્તારોના નામ બદલી કરવા, કોર્પોરેશનના કોમ્યુનિટી હોલના ઉપયોગ માટેના નિયમોમાં સુધારો કરવા, ટીપી સ્કીમ અંતર્ગત મળેલા વાણિજ્ય વેચાણ હેતુના તથા રહેણાંક વેચાણ હેતુના પ્લોટનું ઈ -ઓપ્શન કરવા, વોર્ડ નં. ૧૧માં વેસ્ટ ઝોન પેકેજ હેઠળ તૈયાર થયેલી આવાસ યોજનાના શોપિંગ સેન્ટરની દુકાનોની જાહેર હરાજી બાદ તેના વેચાણ દસ્તાવેજ કરી આપવા, પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ માટે રેલવેને ફાળવવામાં આવેલી જગ્યાનું ભાડું રિવાઈઝ કરવા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ચડત મિલકત વેરા અને ચાર્જીસની રકમ પર ચડત વ્યાજ માફી યોજના આપવા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું રોજ કામ ધ્યાનમાં લેવા સહિતની અલગ અલગ ૧૨ દરખાસ્ત અંગે અંતિમ ખાસ બોર્ડમાં નિર્ણય લેવામાં આવશે.

# કોર્પોરેશન દ્વારા કાલથી સર્વાઈકલ કેન્સરની વેક્સિન આપવાનું શરૂ

## ૧૨૧૯૯ કિશોરીઓને રસી અપાશે: કેતન પટેલ



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં નવી ઉમેરાયેલ યોજનાઓમાં પણ 'કેન્સરને કરીએ કેન્સલ' અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શાળાઓની વિદ્યાર્થીનીઓને સર્વાઈકલ કેન્સરની વેકસીન વિનામૂલ્યે આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આરોગ્ય કેન્દ્ર ખાતે આવતીકાલથી તમામ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી એચપીવી રસીના રસીકરણ કાર્યક્રમ શરૂ કરવામાં આવશે. આ કાર્યક્રમનો શુભારંભ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના વરદ હસ્તે અખિલ હિન્દ મહિલા પરિષદ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગાત્રાળ ચોક, રાજકોટ ખાતેથી સવારે ૧૦:૩૦ કલાકે કરવામાં આવશે.

મહાપાલિકા વિસ્તારમાં અંદાજિત ૧૨,૧૯૯ કિશોરીઓને એચપીવી વેકિસન આપવામાં આવશે. જેથી રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ગર્ભાશયના મુખના કેન્સર સામે મજબૂત સુરક્ષા કવચ ઊભું કરી રોગ સામે રક્ષણ મેળવી શકાશે.

એચપીવી રસીકરણ અભિયાન અને સાવચેતી અંતર્ગત સ્ટ્રેટેજિક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં લાભાર્થીઓની ઓળખ - ૧૪ વર્ષની વય ધરાવતી તમામ કિશોરીઓનો હેડ કાઉન્ટ સર્વે કરી યાદી તૈયાર કરાશે. ટેકો+ અને સીટીએસ મુજબના અંદાજિત લક્ષ્યાંકની હેડ કાઉન્ટ સાથે વેરિફિકેશન કરવામાં આવશે. શાળા બહારની કિશોરીઓનું રસીકરણ ૩ મહિના સુધી સંબંધિત શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (કોલ્ડ ચેઈન પોઈન્ટ)ખાતે કરવામાં આવશે. શિક્ષણ વિભાગ સાથે સંકલન કરી નોડલ શિક્ષક દ્વારા પાત્ર કિશોરીઓની યાદી આરોગ્ય વિભાગને આપવામાં આવશે. ખાનગી શાળાઓને પૂર્વ સૂચના આપી અભિયાનમાં જોડાશે. રાજકોટ કોર્પોરેશન આરોગ્ય અધિકારી સાથે સંકલન કરી આયોજન મુજબ કામગીરી થશે. પેરેન્ટ-ટીચર મિટિંગ દરેક શાળામાં ખાસ પીટીએમનું આયોજન કરાશે. આરોગ્ય કર્મચારી, નોડલ શિક્ષક દ્વારા રસીકરણ પૂર્વે અને રસી અંગે જાગૃતિ કાર્યક્રમો કરાશે. પ્રવૃત્તિઓ - સર્વાઈકલ કેન્સર અને રસી અંગે પોસ્ટર, બેનર, પેમ્ફલેટ અને માઈક પ્રચાર દ્વારા વ્યાપક જનજાગૃતિ, સોશિયલ મીડિયા અને સ્થાનિક મીડિયા દ્વારા પણ માહિતી પ્રસાર કરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં સ્વસ્થ દીકરી સુરક્ષિત ભવિષ્ય અંતર્ગત ૧૪ વર્ષની દીકરીઓને રસી અપાવી ગર્ભાશયના મુખના કેન્સરથી સુરક્ષિત કરવા વાલીઓ, શાળા સંચાલકો અને સમાજના આગેવાનોને સહકાર આપવા આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સ્મૃતિ મંધાનાને બની બાર્બી ડોલ!!!

## ભારતીય મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાનાને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પહેલાં એક અનોખી અને ખાસ બાર્બી ડોલથી સન્માનિત કરાયા



**અબતક, રાજકોટ**

ભારતીય મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાનાને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પહેલાં એક અનોખી અને ખાસ બાર્બી ડોલથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ વર્ષે ૨૦૨૬માં ટોય કંપની મેટલ દ્વારા શરૂ કરાયેલી પ્રથમ વખતની બાર્બી ડ્રીમ ટીમમાં સ્મૃતિ મંધાનાને સામેલ કરવામાં આવી છે. આ ડ્રીમ ટીમ વિશ્વભરની એવી મહિલાઓને સન્માન આપે છે જેમણે પોતાના ક્ષેત્રમાં અવરોધો તોડ્યા છે અને નવી ઊંચાઈઓ સર કરી છે. સ્મૃતિ મંધાના વિશ્વની પ્રથમ ક્રિકેટર બની છે જેને તેમના જેવી ખાસ બાર્બી ડોલ બનાવવામાં આવી છે. આ ડોલ તેમની ક્રિકેટ પ્રવાસ, તેમની શૈલી અને સિદ્ધિઓને ધ્યાનમાં રાખીને ખાસ ડિઝાઈન કરવામાં આવી છે. સ્મૃતિ મંધાના ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ઉપ-કેપ્ટન છે અને તેઓ ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર છે. તેમની આ સિદ્ધિને કારણે મેટલ કંપનીએ તેમને ડ્રીમ ટીમમાં સ્થાન આપ્યું છે. આ ડોલ દ્વારા બાર્બીનો સંદેશ છે કે યુ કેન બી એનીથિંગ- એટલે કે છોકરીઓ કોઈપણ ક્ષેત્રમાં સફળ થઈ શકે છે.

# કોર્પોરેશનની ચૂંટણીમાં ૩૦૦ બૂથો ઉમેરાશે: ૧ લાખ મતદારો વધશે

## આગામી બુધવારે આખરી મતદાર યાદી પ્રસિધ્ધ થશે: વિધાનસભાની બજેટ સત્ર પૂર્ણ થતા જ ચૂંટણીની જાહેરાતની સંભાવના

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની આગામી ચૂંટણીમાં મતદાન બુથ અને મતદારોની સંખ્યામાં વધારો થવાની શકયતા જણાય રહી છે.વર્તમાન બોડીની મુદ્દત તા.૧૧ માર્ચના રોજ પૂર્ણ થઈ રહી છે. ચૂંટણી શાખાએ મતદાર લીસ્ટની બૂથ લેવલ સુધીની કામગીરી પૂર્ણ કરી લીધી છે.

ગત ચૂંટણીની સરખામણીએ વસ્તી વધતા નવા ૧ લાખ મતદારોનો વધારો થવાની સંભાવના છે. છે.જ્યારે બૂથમાં પણ ૩૦૦થી વધુ નવા બૂથનો ઉમેરો તેવું લાગી રહ્યુ છે..આગામી બુધવારે ફાઈનલ મતદાર યાદી પ્રસિધ્ધ થવાની સંભાવના છે.

વોર્ડ અને બૂથ વાઈઝ થતી તમામ કાર્યવાહીને આખરો ઓપ આપવામાં આવી રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં વોર્ડ રચનામાં કોઈ જાતનો ફેરફાર થયો નથી. પરંતુ વોર્ડમાં જનસંખ્યા વધતા મતદારોમાં મોટો વધારો જોવા મળ્યો છે. ગત ચૂંટણીમાં ૧૮ વોર્ડમાં ૮૫૦ બૂથ હતા. જેની સામે હવે ૩૦૦ બૂથનો વધારો થાય તેવું લાગી રહ્યું છે. કોર્પોરેશનએ ધારાસભાની ચૂંટણી માટે ચાર ઝોનની વસ્તી ગણતરી અને મતદાર યાદી તૈયાર થયેલ છે. તે મુજબ હવે વોર્ડ વાઈઝ અને ઝોન વાઈઝ યાદી તૈયાર કરવામાં આવી છે. દરેક વોર્ડમાં બે વોર્ડ વચ્ચેની સીમારેખા ઉપર આવતી સોસાયટીઓ તેમજ વિસ્તારોના મતદારોને જેતે વોર્ડમાં મતદાન કરવા માટે સ્પેશિયલ યાદી તૈયાર કરાઈ છે. તેવી જ રીતે મહાનગરપાલિકાની હદ પુરી થાતી હોય તેવા બોર્ડર એરીયા ઉપર આવતા વિસ્તારોમાં ખરેખર મતદાર મનપામાં મતદાન કરી શકે કે કેમ તે અંગેની ચકાસણી હાથ ધરવામાં આવી છે.

સંપૂર્ણ યાદી તૈયાર થયા બાદ વોર્ડ વાઈઝ અને બૂથ લેવલની યાદી તૈયાર કરાશે. તેવી જ રીતે ૧૧૦૦થી વધુ બૂથ તૈયાર કરવા માટે શાળાઓ અને જેતે વિસ્તારને મધ્યમા લાગુ પડતી હોય તેવી ઈમારતોનુ લીસ્ટ તૈયાર કરી ચૂંટણી માટેનો ફાઈનલ પ્લાન તૈયાર કરવામાં આવશે.

# ચડત ભરણપોષણ ન ચૂકવનાર ભાવનગર સ્થિત પતિને ચાર માસની જેલ

## સમીર ત્રિવેદી અન્ય કેસના કામ સબબ કોર્ટમાં હાજર થતા કોર્ટએ વોરન્ટની બજવણી કરી જેલમાં ધકેલ્યા

**અબતક, રાજકોટ**

શહેરમાં માવતર ના ઘરે રહેતી પત્નીને ભરણપોષણની ચડત રકમ વસુલવા અદાલતમાં માંગેલી દાદ ચાલી જતા ભાવનગર સ્થિત પતિને ૧૨૦ દિવસની જેલની સજાનો ધાક બેસાડતો હુકમ કર્યો છે.આ કેસની વિગત મુજબ, શહેરમાં માવતર ના ઘરે રહેતી પરણીતાએ ભાવનગર સ્થિત પતિ સમીરભાઈ મુકેશભાઈ ત્રિવેદી સામે રાજકોટની ફેમિલી કોર્ટ સમક્ષ ચડત ભરણપોષણની રકમ રૂ. ૨,૧૯,૫૦૦ મેળવવા માટે અરજી કરી હતી. આ અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં સમીરભાઈ ત્રિવેદીને કોર્ટમાં નોટિસ તેમજ જપ્તી વોરન્ટની બજવણી થઈ ગયેલ હોવા છતાં, તેમણે ચડત ભરણપોષણની રકમ ભરપાઈ કરી ન હતી. અરજદારના વકીલ એ.કે. ચુડાસમાએ સામાવાળા સામે ફરતું વોરન્ટ ઈશ્યુ કરવા માટે અરજી કરી હતી. આ અરજીને ધ્યાને લઈ ફેમિલી કોર્ટના જજ યાદવ એ પતિ સમીરભાઈ ત્રિવેદી સામે ફરતું વોરન્ટ ઈશ્યુ કરી ૧૨૦ દિવસની સજાનો હુકમ કરેલ હતો, સામાવાળા આ ફરતું વોરન્ટ પણ બજવણી કરવા દેતા ન હતા. દરમિયાન, સામાવાળા અન્ય કેસના કામ સબબ કોર્ટમાં હાજર થયા હતા. તે સમયે અરજદારના વકીલે કોર્ટને આ વોરન્ટની બજવણી અંગે ધ્યાન દોરતાં કોર્ટે સામાવાળા સમીરભાઈ ત્રિવેદીને કોર્ટ કસ્ટડીમાં લીધા હતા અને ૧૨૦ દિવસની સજા ભોગવવા માટે રાજકોટ જીલ્લા જેલમાં મોકલી આપેલ હતા.પરિણીતા વતી વકીલ અનિરૂદ્ધસિંહ કે. ચુડાસમા, રાજેશ એન. મંજુષા, ધારાબેન બી. પરમાર એમનબેન વાય. તાલબ અને રૂચિતાબેન કે. મકવાણા રોકાયેલા હતા.

# ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાં લક્ષ્ય સેનેનો ક્વાર્ટરફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ





**અબતક, રાજકોટ**

ભારતીય બેડમિન્ટન સ્ટાર લક્ષ્ય સેને અદ્ભુત કમબેક સાથે હોંગકોંગના એન્ગ કા લોંગ એન્ગસને હરાવીને ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશીપ ૨૦૨૬ના ક્વાર્ટરફાઈનલમાં પ્રવેશ કર્યો છે. આ મેચ રાઉન્ડ ઓફ ૧૬માં રમાઈ હતી અને બર્મિંગહામમાં યોજાઈ હતી.

લક્ષ્ય સેન, જે વર્લ્ડ નંબર ૧૨ છે અને ૨૦૨૨માં આ ટુર્નામેન્ટના ફાઈનલિસ્ટ રહ્યા છે, તેમણે પહેલા રાઉન્ડમાં જ વર્લ્ડ નંબર ૧ અને ડિફેન્ડિંગ ચેમ્પિયન શી યુ કી (ચીન)ને અપસેટ આપ્યો હતો. આ જીત પછી તેઓ આત્મવિશ્વાસથી ભરપૂર હતા. મેચમાં લક્ષ્યાએ પ્રથમ ગેમમાં આક્રમક રમત બતાવી અને ૨૧-૧૯થી જીત મેળવી. બીજી ગેમમાં તેઓએ ચાર મેચ પોઈન્ટ્સ (મેચ જીતવાના મોકા) ગુમાવ્યા અને એન્ગ કા લોંગે શાનદાર કમબેક કરીને ૨૧-૨૩થી જીતી લીધી. આ ગેમ ખૂબ જ તીવ્ર અને લાંબી રેલીઓથી ભરેલી હતી, જેમાં બંને ખેલાડીઓએ શારીરિક અને માનસિક રીતે ઘણું લડ્યા. પરંતુ ત્રીજી અને નિર્ણાયક ગેમમાં લક્ષ્યા સેને અદ્ભુત રીતે વાપસી કરી. તેઓએ પોતાની રણનીતિ પર અડગ રહીને આક્રમક સ્મેશ, ચુસ્ત નેટ પ્લે અને અચૂક ડિફેન્સ સાથે એન્ગ કા લોંગને દબાવી દીધા અને ૨૧-૧૦થી આસાન જીત મેળવી. આખી મેચ ૧ કલાક ૨૧ મિનિટમાં પૂર્ણ થઈ. લક્ષ્યા સેને મેચ પછી કહ્યું કે, બીજી ગેમમાં મેં છેલ્લે કેટલીક સરળ ભૂલો કરી અને આઝાદીથી રમી શક્યો નહીં, પરંતુ ત્રીજી ગેમમાં મેં પ્લાન પર અડગ રહીને આખેઆખું જોર લગાવ્યું. હું ખુશ છું કે મેં તેને અમલમાં મૂક્યો.

# અનિલ અંબાણીના રિલાયન્સ પાવરના ૧૨ ઠેકાણા પર ઈડીના દરોડા

## અનિલ અંબાણીના મુંબઈ સ્થિત નિવાસસ્થાન "એબોડ"ને અસ્થાયી રૂપે જપ્ત કર્યું

**અબતક, રાજકોટ**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સવારે ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને રિલાયન્સ પાવર સાથે જોડાયેલા એક ડઝન મુંબઈના સ્થળો પર શ્રેણીબદ્ધ દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી ₹૪૦,૦૦૦ કરોડના બેંક લોન અને મની લોન્ડરિંગ કેસ સાથે સંબંધિત છે. ગયા મહિને ₹૩,૫૦૦ કરોડના ઘરને જપ્ત કર્યા પછી, આ નવા દરોડાએ અંબાણીની મુશ્કેલીઓમાં વધુ વધારો કર્યો છે.

સવારે ભારતીય કોર્પોરેટ જગતમાં મોટો ઉથલપાથલ મચી ગઈ. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમોએ ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને તેમની કંપની, રિલાયન્સ પાવર લિમિટેડ સાથે જોડાયેલા અનેક સ્થળોએ અચાનક દરોડા પાડ્યા. મીડિયા અહેવાલો અનુસાર, લગભગ ૧૦ થી ૧૨ અલગ અલગ સ્થળોએ વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે. તપાસ એજન્સીનું પ્રાથમિક લક્ષ્ય રિલાયન્સ પાવર અને તેના સહયોગીઓના રહેણાંક અને રજિસ્ટર્ડ ઓફિસો છે. જ્યારે ઈડી દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી, પ્રારંભિક સંકેતો સૂચવે છે કે આ સમગ્ર કવાયત રિલાયન્સ પાવર સંબંધિત કેટલાક શંકાસ્પદ વ્યવહારો અને મોટા ભંડોળ ટ્રાન્સફરની સંપૂર્ણ તપાસ કરવા માટે હાથ ધરવામાં આવી રહી છે.

આખો વિવાદ રિલાયન્સ કોમ્યુનિકેશન્સ દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને યસ બેંક સહિત અનેક નાણાકીય સંસ્થાઓ પાસેથી લેવામાં આવેલી લોનથી ઉદ્ભવ્યો છે. આ આરોપો અત્યંત ગંભીર છે. એવો આરોપ મૂકવામાં આવી રહ્યો છે કે આ બેંકોમાંથી ઉછીના લીધેલા ભંડોળને નિયમોનો ભંગ કરીને અન્ય સંબંધિત સંસ્થાઓ અને વિદેશી ખાતાઓમાં વાળવામાં આવ્યા હતા. આ મુદ્દો ફક્ત સ્થાનિક બેંકો પૂરતો મર્યાદિત નથી. આ કેસમાં ચીનની સરકારી માલિકીની બેંકો સાથે જોડાયેલા ₹૧૩,૫૫૮ કરોડના નોંધપાત્ર જોખમનો પણ ખુલાસો થયો છે. આ મની લોન્ડરિંગ તપાસ ૨૦૧૯ માં દાખલ કરાયેલી એફઆઈઆર પર આધારિત છે. સુપ્રીમ કોર્ટના કડક અને સ્પષ્ટ નિર્દેશોને અનુસરીને, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે એક ખાસ તપાસ ટીમની રચના કરી છે, જે હવે સમગ્ર મામલાને ઉકેલી રહી છે.

# કાલાવડ રોડ પર અક્ષર પાઉંભાજીમાંથી વાસી અખાદ્ય જથ્થો પકડાયો

## પ્રેમ વાટીકા, પસાતા રેસ્ટોરન્ટ, શ્રી ચાઈનીઝ,પટેલ સ્વીટ સહિત ૧૪ સ્થળોએથી ખાધ્ય સામગ્રીના નમુના લેવાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન કાલાવડ રોડ-યુનિવર્સિટી રોડ વિસ્તારમાં ૧૧ પેઢીની તપાસ કરવામાં આવી હતી. યુનિવર્સિટી રોડ પર અક્ષર પાઉભાજી ચાઈનીઝ પંજાબીમાં તપાસ કરતા સ્થળ પર વાસી પ્રિપેડ ફૂડનો ૫ કિ.ગ્રા. અખાદ્ય જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો . પેઢીને હાઈજેનિક કન્ડિશન અને યોગ્ય સ્ટોરેજ તથા લાઈસન્સ મેળવવા બાબતે નોટિસ આપવામાં આવી હતી.ફિલ ઈન ક્વોલિટી આઈસ્ક્રીમ એન્ડ ફાસ્ટ ફૂડ, ડિસ્ટિંકો ફૂડ એલએલપી,કિરણ લાઈવ પફ, કટક મટક ફાસ્ટ ફૂડ,જય પાન હાઉસ, આઈસી સ્પાઈસી લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી.





આ ઉપરાંત ફૂડ વિભાગ દ્વારા સર્વલર્સ ચેકિંગ દરમિયાન અલગ અલગ ૧૩ પેઢીઓમાંથી ખાદ્ય સામગ્રીના ૧૪ નમૂના લેવામાં આવ્યા હતા. કોઠારીયા રોડ પર ભાવિક ટ્રેડિંગમાંથી નિરાલી રિફાઈન્ડ કોટનસીડ ઓઈલ, રૈયા ચોકડી પાસે શક્તિ સેન્ડવીચમાંથી અમૂલ મલાઈ પનીર, પ્રેમ વાટીકા રેસ્ટોરન્ટમાંથી લુઝ પનીર,૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઈન્દિરા સર્કલ પાસે અંજલી ચાઈનીઝ એન્ડ પંજાબીમાંથી લુઝ પનીર,રૈયા રોડ પર પસાતા રેસ્ટોરન્ટમાંથી પનીર,રૈયા ટેલીફોન એકસચેન્જ પાછળ શ્રીરામ ડેરી ફાર્મમાંથી લુઝ પનીર,મવડી પ્લોટમાં શ્રી પટેલ સ્વીટમાંથી અરબ મલાઈ પનીર કોઠારીયા ગામમાં બંસી ડેરીમાંથી દૂધ મસ્તી મલાઈ પનીર, કાન્તા વિકાસ ગૃહ મેઈન રોડ પર જયશ્રી ખોડીયાર દુગ્ધાલયમાંથી લુઝ પનીર,મહાકાળી મંદિર પાસે જાગનાથ પ્લોટમાં આરવ એન્ટરપ્રાઈઝમાંથી મિલ્કી મિષ્ટ પનીર, રૈયા ચોકડી પાસે વેસ્ટ ગેટ પાસે ઈસ્કોન ફૂડ અમૃતસરી હવેલીમાંથી ડેલારા મલાઈ પનીર ભાખરી વાલામાંથી પનીર અંગારા સબ્જી, શ્રી ચાઈનીઝ પંજાબી એન્ડ ફાસ્ટ ફૂડમાંથી પનીર બટર મસાલા સબ્જી અને પસાતા રેસ્ટોરન્ટમાંથી પનીર લવાબદાર સબ્જીનો નમુનો લઈ પરીક્ષણમાં મોકલવામાં આવ્યો છે.

# યુદ્ધ વચ્ચે દુબઈમાં ફસાયેલા રાજકોટના ૪૭ માંથી ૨૦ મુસાફરો સુરક્ષિત પરત ફર્યા

**અબતક, રાજકોટ**

મધ્ય પૂર્વમાં ઈરાન-ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવ અને યુદ્ધના ભયાનક માહોલ વચ્ચે દુબઈ એરપોર્ટ સહિતના વિસ્તારોમાં એરસ્પેસ બંધ થતાં હજારો મુસાફરો ફસાઈ ગયા હતા. આમાં રાજકોટના પણ અનેક પ્રવાસીઓ અને પરિવારો સામેલ હતા, જેમાંથી કુલ ૪૭ લોકો દુબઈમાં અટવાયા હોવાનું જાણવા મળ્યું હતું. આ લોકો મોટા ભાગે પ્રવાસ, ફરવા કે પરિવારની મુલાકાત માટે દુબઈ ગયા હતા, પરંતુ ફ્લાઈટો રદ થતાં અને હવાઈ માર્ગો બંધ થતાં તેઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. રાજકોટના આ ૪૭ મુસાફરોમાંથી હવે ૨૦ લોકો સુરક્ષિત રીતે વતન પરત ફર્યા છે. આ રાહતભર્યા સમાચારથી તેમના પરિવારજનોમાં ભારે રાહતની લાગણી છવાઈ ગઈ છે. આ ૨૦ મુસાફરો વિશેષ રિલીફ ફ્લાઈટ્સ અથવા પરિસ્થિતિ સુધરતાંની સાથે ઉપલબ્ધ થયેલી મર્યાદિત ઉડાનો દ્વારા અમદાવાદ કે અન્ય ભારતીય એરપોર્ટ પર પહોંચ્યા હોવાનું માનવામાં આવે છે. પરત ફરનારા મુસાફરોના પરિવારજનોએ એરપોર્ટ પર ફૂલોના હાર, ભાવુક આલિંગન અને આંસુઓ સાથે હર્ષોલ્લાસથી સ્વાગત કર્યું હતું.

આ પરિસ્થિતિમાં રાજકોટના અનેક પરિવારોએ ભારત સરકાર, વિદેશ મંત્રાલય અને એરલાઈન્સને વતન પરત લાવવા માટે આજીજી કરી હતી. કેટલાક યુવાનોએ સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કરીને મદદની અપીલ પણ કરી હતી, જેમાં તેઓએ જણાવ્યું હતું કે દુબઈમાં સ્થિતિ હાલ કાબૂમાં છે અને સુરક્ષિત છે, પરંતુ ફ્લાઈટ્સની અછતને કારણે ચિંતા વધી રહી છે. ભારત સરકારે અને એરલાઈન્સે (જેમ કે ઈન્ડિગો, એર ઈન્ડિયા વગેરે) રિલીફ ફ્લાઈટ્સની વ્યવસ્થા કરીને ફસાયેલા ભારતીયોને પરત લાવવાનું કામ ઝડપથી શરૂ કર્યું છે. દુબઈ અને અબુ ધાબીમાંથી મર્યાદિત ઉડાનો ફરી શરૂ થતાં વધુ મુસાફરો પરત ફરી રહ્યા છે. હજુ પણ રાજકોટના બાકીના ૨૭ મુસાફરો દુબઈમાં છે અને તેમની સુરક્ષિત વાપસી માટે પ્રયાસો ચાલુ છે. રાજકોટના પરત ફરેલા ૨૦ મુસાફરોના પરિવારો હવે બાકીના લોકોની પણ જલ્દી વાપસીની આશા રાખી રહ્યા છે.

મોદી...મોદી...મોદી...

# ૨૫ વર્ષમાં એકપણ રજા વિના કર્મને ''ધર્મ''માનનારા નરેન્દ્રભાઈની પ્રશંસાના પુલ બાંધતા કેનેડાના પીએમ

## અનેક પડકારો વચ્ચે નરેન્દ્ર મોદી હંમેશા લોક કલ્યાણકારી કાર્યક્મો પર ભાર મૂકે છે: માર્ક કાર્ને



**અબતક રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી છેલ્લા ૨૫ વર્ષથી રાજ્ય - કેન્દ્ર સરકારમાં સર્વોચ્ચ પદે છે.અઢી દાયકામાં એક પણ દિવસની રજા લીધા વિના હંમેશા કર્મને ધર્મ માનનારા આપડા નરેન્દ્રભાઈની પ્રશંસાના પુલ કેનેડાના પીએમ માર્ક કાર્નએ બાંધ્યા છે.અનેક પડકારો વચ્ચે તેઓએ હંમેશા લોક કલ્યાણકારી કાર્યક્મોને પ્રાધાન્ય આપ્યું છે.જેના કારણે આજે મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા છે.તેઓએ અઢી દાયકામાં એકપણ દિવસની રજા લીધી નથી.માત્રને માત્ર કામને જ મહત્વ આપ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ તેઓએ વ્યક્તિગત જીવનમાં રજા રાખી નથી. છેલ્લા ૧૨ વર્ષથી ભારતના વડાપ્રધાન તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે.પીએમ તરીકેના કાર્યકાળમાં પણ તેઓએ રજા રાખી નથી.

૨૫ વર્ષના સક્રિય રાજકારણમાં એક પણ દિવસ રજા વિના કામને પ્રાધાન્ય આપનારા નરેન્દ્રભાઈની કાર્ય પ્રણાલીના કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ને વખાણ કર્યા છે. કેનેડાના પીએમ માર્ક કાર્ને નરેન્દ્ર મોદીના શાસન અભિગમ અને કાર્ય નીતિની પ્રશંસા કરતા કહ્યું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સામે નીતિ અને વહીવટી પડકારો છતાં સામાન્ય નાગરિકો સુધી સીધા કલ્યાણકારી કાર્યક્રમો પહોંચાડવા પર ભારપૂર્વક ધ્યાન કેન્દ્રિત કરે છે.

સિડનીમાં લોવી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત એક વાર્તાલાપ દરમિયાન કાર્નેએ નવી દિલ્હીમાં પીએમ નરેન્દ્ર મોદી સાથેની તેમની તાજેતરની મુલાકાતોનો ઉલ્લેખ કર્યો અને તેમને એવા નેતા તરીકે વર્ણવ્યા જે પાયાના સ્તરે લોકો સુધી પહોંચતા સુધારાઓ લાગુ કરવા માટે ખૂબ જ પ્રતિબદ્ધ છે.તેઓ એક એવી વ્યક્તિ છે જે હંમેશા લોક કલ્યાણકારી કાર્યક્મો પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે.તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતના નાણાકીય અને ડિજિટલ સુધારાઓ નાગરિકો સુધી સીધા કલ્યાણકારી લાભો પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે કેવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યા હતાભારતના ડિજિટલ ચુકવણી પરિવર્તનનો ઉલ્લેખ કરતા, કાર્નેએ નાણાકીય સમાવેશને વિસ્તૃત કરવામાં અને કલ્યાણ વિતરણમાં લિકેજ ઘટાડવામાં યુપીઆઈની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

કાર્નેએ પીએમ મોદીના રાજકીય કાર્ય નીતિ પર પણ ટિપ્પણી કરી. ''તેમણે છેલ્લા ૨૫ વર્ષમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કે વડા પ્રધાન તરીકે એક પણ દિવસની રજા લીધી નથી,'' તેમણે કહ્યું. ૨૦૨૩ માં રાજદ્વારી તણાવ પછી સંબંધોને ફરીથી બનાવવાના હેતુથી ભારતની તેમની ચાર દિવસીય મુલાકાતના થોડા દિવસો પછી તેમની ટિપ્પણી આવી હતી.આજે નરેન્દ્રભાઈ મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા છે.તેઓ પોતાની કામ પ્રત્યેની નિષ્ઠાના કારણે પોતાની લોકપ્રિયતાનો આંક ઉપર લાવી રહ્યા છે.

# આસામમાં વાયુસેનાનું સુખોઈ-૩૦ ફાઈટર જેટ ક્રેશ

## આસામના જોરહાટથી ઉડાન ભરી હતી અને પછી અચાનક કર્બી આંગલોંગ જિલ્લામાંથી રડાર પરથી ગાયબ થઈ ગયું હતું



**અબતક, રાજકોટ**

ગઈ કાલે સાંજે ભારતીય વાયુસેનાનું સુખોઈ ફાઈટર જેટ ગુમ થયું હોવાનું સામે આવ્યું હતું. જે હવે ક્રેશ થયાની માહિતી ખુદ ઈન્ડિયન એરફોર્સે આપી છે. આ એસયુ-૩૦ જેટ આસામના જોરહાટથી ઉડાન ભરી હતી અને પછી અચાનક કર્બી આંગલોંગ જિલ્લામાંથી રડાર પરથી ગાયબ થઈ ગયું હતું.

ગુવાહાટીમાં સંરક્ષણ મંત્રાલયના પીઆરઓએ જણાવ્યું હતું કે, ફાઈટર પ્લેનનો રડાર સાથેનો સંપર્ક તૂટી ગયો છે.

ભારતીય વાયુસેનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર સુખોઈ ૩૦ના ગુમ થવા અંગે પોસ્ટ કરી હતી. પોસ્ટમાં લખ્યું હતું કે, ભારતીય વાયુસેનાનું એસયુ-૩૦ એમકેઆઈ વિમાન ગુમ થયાના અહેવાલ છે.

વિમાન આસામના જોરહાટથી ઉડાન ભરી હતી અને તેનો છેલ્લે સાંજે ૭:૪૨ વાગ્યે સંપર્ક કરવામાં આવ્યો હતો. આ મામલે વધુ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. તેમજ શોધ અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે.ફાઈટર જેટ ઝડપી અને ધીમી ગતિએ હવામાં દુશ્મનોને છેતરીને હુમલો કરી શકે છે.

એસયુ-૩૦ એ રશિયાના જી-૨૭નું એડવાન્સ વર્ઝન છે. એરફોર્સ પાસે ૨૭૨ છે. આ જેટ ગ્રીજેવ-શિપુનોવ ઓટોકેનનથી સજ્જ છે. જે એક મિનિટમાં ૧૫૦ રાઉન્ડ ફાયર કરે છે.

# રાજકોટ જીલ્લા ભાજપના નવનિયુક્ત પ્રભારી ભરત આર્યને કેસરીયા પરિવારનો આવકાર

## બાલ્ય-કાળથી સંઘના સ્વયસેવક ભરતભાઈને વડીલોને સફળતાના પાઠવ્યા આશિર્વાદ



**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારાગુજરાતના તમામ જીલ્લા તેમજ મહાનગરોના સંગઠન પ્રભારીઓની જાહેરાત કરવામાં આવી. રાજકોટ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રભારી ભરતભાઈ આર્યની નિમણૂકને જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાએ આવકારી જીલ્લા ભાજપા પરિવારે તેમને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી છે.

આર્ય બાલ્યકાળથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સ્વયં સેવક રહીને રાષ્ટ્રપ્રથમના વિચારો સાથે રાષ્ટ્રના વિકાસ માટે સતત કાર્ય કરતા રહ્યા છે. તેમની વરણીથી ધારાસભ્યઓ, પ્રદેશના હોદેદારો, જીલ્લાના હોદેદારો, જીલ્લાના ચુટાયેલા જનપ્રતિનિધિઓ, મંડલના હોદેદારો, સીનીયર કાર્યકર્તાઓ સહીતના કાર્યકર્તાઓએ આવકારી અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી છે.

# અનુસુચિત જનજાતિ વિદ્યાર્થી શિષ્યવૃતિ માટે આવક મર્યાદા વધારવાના નિર્ણયને આવકાર

## ભાજપ અનુ જાતિ મોરચા પ્રમુખ દિનેશ ગોહીલે મુખ્યમંત્રીનો માન્યો આભાર



**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં સતત અનુસુચિત જાતિ સમાજના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિની આવક મર્યાદા રૂ. ૨.૫ લાખથી વધારી રૂ. ૬ લાખ કરવાના ઐતિહાસિક નિર્ણય કરાવવા બદલ રાજકોટ શહેર ભાજપ અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ દિનેશભાઈ ગોહેલ એ સમગ્ર અનુ. જાતિ વતી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માને પત્ર દ્વારા અભિનંદન પાઠવેલ અને આભાર વ્યકત કરેલ છે.

છેવાડાના માનવીને ઉન્થાન માટે કટિબધ્ધ ગુજરાત સરકારના આ સંવેદનશીલ નિર્ણયથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યને નવી ઉંચાઈ મળશે.

# સંસ્કૃત ભારતી સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા સમિક્ષા ગોષ્ઠી યોજાઈ



**અબતક, રાજકોટ**

સંસ્કૃત ભારતી સૌરાષ્ટ્રપ્રાંત દ્વારા સેવાભારતી કાર્યાલય પર પ્રાંત સમીક્ષા યોજના ગોષ્ઠીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગોષ્ઠીમાં સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રાંત અને જિલ્લા સ્તરના કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. ગોષ્ઠીનો મુખ્ય હેતુ ગત વર્ષ દરમિયાન થયેલા કાર્યક્રમોની સમીક્ષા, આવનારા વર્ષ માટેની યોજનાઓનું આયોજન તથા સંસ્કૃત પ્રસાર-પ્રચારને વધુ ગતિ આપવા માટે માર્ગદર્શન મેળવવાનો હતો. ગોષ્ઠીમાં મુખ્ય અતિથિ તરીકે અખિલ ભારતીય શિક્ષણ પ્રમુખ શ્રી રામ દ્વારા અપાયેલ માર્ગદર્શન પ્રવચનમાં જણાવ્યું કે સંસ્કૃત ભાષા માત્ર પ્રાચીન ભાષા નહીં પરંતુ ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પરંપરાનું જીવંત આધારસ્તંભ છે. સંસ્કૃતના પ્રસાર દ્વારા રાષ્ટ્રીય એકતા, સાંસ્કૃતિક ગૌરવ અને નૈતિક મૂલ્યોનો વિકાસ શક્ય બને છે. આ પ્રસંગે સંસ્કૃત ભારતી સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ સુકાન્તકુમાર સેનાપતિ પ્રાંતની વિવિધ પ્રવૃત્તિઓનું વિગતવાર પ્રતિબિંબ રજૂ કર્યું. પ્રાંત મંત્રી પંકજભાઈ ત્રિવેદીએ વર્ષ દરમિયાન આયોજિત શિબિરો, સંવાદ વર્ગો, સંસ્કૃત બોલચાલ વર્ગો અને સ્પર્ધાઓની માહિતી આપી.

# સ્વામી દયાનંદ સરસ્વતિની ૨૦૦મી જન્મ જયંતિએ વૈદિક જીવનશૈલીથી શ્રેષ્ઠ જીવન હેતુ વૈદિક મહાસભા સંપન્ન





**અબતક, રાજકોટ**

મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતિજીની ૨૦૦મી જન્મ જયંતિ તેમજ વેદો તરફ પાછા વળો અભિયાન ને અનુલક્ષીને વૈદિક મહાસભા દ્વારા નુતન નગર કોમ્યુનીટી હોલ ખાતે તા. ૧લી માર્ચે ૨૦૨૬ રવિવારે સવારે ૯ થી ૧.૩૦ સુધી શિબિરનું આયોજન કરવામાં આવેલ. આશરે ૮૦૦ વૈદિક જ્ઞાન પિપાસુ ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા. શિબિરના વકતા અધ્યેતા સુરેશભાઈ ચાવડા આર્ય દ્વારા વૈદિક કર્મફળ સિદધાંત પર વિવેચન તથા તેને સબંધિત શ્રોતાઓના પ્રશ્નોના જવાબો આપવામાં આવેલ

કાર્યક્રમના અંતે એક વિશેષ પ્રશ્નોતરી સત્ર રાખવામાં આવ્યું હતું. જેમાં શ્રોતાઓએ કર્મ, પુનર્જન્મ અને પ્રારબ્ધ જેવા વિષયો પર પોતાની શંકાઓનું સમાધાન મેળવ્યું હતું.

આ શિબિરમાં પરસોતમભાઈ રૂપાલાજીએ પોતાની શૈલીમાં નરસિંહ મહેતા તથા ગંગાસતિને ટાંકી કર્મફળ વિષે ખુબ હળવી ભાષામાં શ્રોતાઓને સમજાવ્યું હતું. તેમજ ભાનુબેન બાબરીયા, રમેશભાઈ ટીલારા, નયનાબેન પેઢડીયા પ્રવીણભાઈ માકડીયા, શામજીભાઈ ખુંટ, મનસુખભાઈ સુવાગીયા, ગુણુભાઈ ડેલાવારા, સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ હતી.

વિશેષ યાદી જણાવે છે કે વૈદ તથા ઉપનિષદનું અધ્યયન કરવા માટે દર રવિવારે સવારે ૯ થી ૧૦ સાપ્તાહિક સત્સંગ સ્થળ પ્રેમ મોહન-૯ નુતન નગર, કોટેચા ચોક પાસે, કાલાવાડ રોડ કક્ષાને સાંભળવા આયોજન કરવામાં આવ્યું છે.

# રાધિકા પાર્ક પાસે ટી.પી. ગાર્ડનનું સાંસદ પરસોત્તમ રૂપાલાના હસ્તે લોકાર્પણ

## ૪૫ લાખના ખર્ચે બનેલા બગીચાથી રોનક અને સવલત વધશે



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૨માં રૂ.૪૫ લાખના ખર્ચે રાધિકા પાર્ક પાસે બનેલ ટી.પી. ગાર્ડનનું લોકાર્પણ સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાના હસ્તે કરવામાં આવ્યુ હતું.

આ લોકાર્પણ કાર્યક્રમમાં સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, પૂર્વ મેયર અને કોર્પોરેટર ડો.પ્રદીપ ડવ, યોગેન્દ્રસિંહ જાડેજા, કિશનભાઈ ટીલવા, એસ્ટેટ સમીતી ચેરમેન મગનભાઈ સોરઠિયા,કોર્પોરેટર મિત્તલબેન ચેતનભાઈ લાઠીયા, નરશીભાઈ કાકડિયા, જયેશભાઈ પંડયા, ધીરજભાઈ મૂંગરા, મહેશભાઈ ભરડવા, મનસુખભાઈ વેકરીયા, કિરણબેન હરસોડા, દશરથસિંહ જાડેજા, યોગરજસિંહ જાડેજા, મહિપતભાઈ હુંબલ, જય ગજજર, પ્રતાપભાઈ વ્યાસ, ચેતનભાઈ હિરપરા, પરસોતમભાઈ રાઠોડ, રાજુભાઈ ગોંડલીયા, રમેશભાઈ લાઠીયા તેમજ સ્થાનિક રહેવાસીઓ ઉપસ્થિત રહેલ હતા.

# વોર્ડ નં.૧૧માં સેન્ટ્રલ લાઈન ડિવાઈડર ઉંચા લેવાના કામનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય ભાનુબેન બાબરિયા



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૧માં આવેલ નાના મૌવા રોડથી જડુસ હોટલ સુધીના રોડના રૂ.૬૪.૨૪ લાખના ખર્ચે સેન્ટ્રલ લાઈન ડિવાઈડર ઊંચા લેવા માટેના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય ભાનુબેન બાબરીયાના હસ્તે કરવામાં આવ્યું.


આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શહેર ભાજપ મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા, કોર્પોરેટર વિનોદભાઈ સોરઠીયા, ભારતીબેન પાડલીયા, રણજીતભાઈ સાગઠીયા, શહેર ઉપપ્રમુખ મહેશભાઈ પીપળીયા, શહેર મંત્રી સુનિલભાઈ ગોહેલ, પ્રદેશ કિશાન મંત્રી



વિજયભાઈ કોરાટ, પૂર્વ શહેર મંત્રી ભરતભાઈ શિંગાળા, વોર્ડ નં.૮ પ્રભારી સંજયભાઈ દવે, વોર્ડ નં.૧૧ પ્રમુખ હિરેનભાઈ મુંગપરા, મહામંત્રી વિનોદભાઈ ઈસોટીયા, મૂળુભાઈ ઓડેદરા, વોર્ડ નં.૧૩ પ્રભારી પ્રવિણભાઈ પાઘડાર તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ.

# ધુળેટી પર્વ પર અકસ્માતે મૃત્યુ પામનારના પરિવારજનોને પૂ. મોરારિબાપુએ આપી સહાય શ્રદ્ધાંજલી

## હોળીના તહેવારો દરમ્યાન રાજ ૩૦ લોકોના થયા આકસ્મીતક મૃત્યુ



**અબતક, રાજકોટ**

ધૂળેટી પર્વ દરમિયાન રાજ્યમાં લોકો ઉલ્લાસભેર ધૂળેટીની ઉજવણી કરવામાં વ્યસ્ત હતા ત્યારે બીજી તરફ રાજ્યમાં વિવિધ સ્થળાએ અકસ્માતમાં ૨૭ જેટલા લોકોનાં કરુણ મોત નિપજયા હતા. સુરત નજીક કીમ નદીમાં ત્રણ લોકોનાં ડૂબી જતાં મોત બે બાળકોનાં અરવલ્લી જિલ્લામાં તળાવમાં ડૂબી જતાં અકાળે મૃત્યુ થયાં હતાં. રાજકોટ મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં ચાર લોકોના દુઃખદ અવસાન થયાં હતાં. ગોંડલ નજીક વૈષ્ણવ સાધુ સમાજ ના આશાસ્પદ યુવાન નું અકસ્માતમાં મૃત્યુ થયું હતું. એ સિવાય અનેક સ્થળોએ લોકોનાં ડૂબી જતાં મોત નિપજયા છે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે સહાયતા રાશિ અર્પણ કરી છે જે મુખ્ય પ્રધાન રાહત ફંડ માં જમા કરાવવામાં આવશે અને આ વિતિય સેવા મુંબઈ સ્થિત રામકથાના શ્રોતા દ્વારા કરવામાં આવશે. પૂજ્ય મોરારીબાપુએ કુલ મળીને રુપિયા ૪ લાખ ઉપરાંત ની સહાયતા રાશિ અર્પણ કરી છે. બાપુએ વિવિધ સ્થળોએ જે કરુણ ઘટના બની તેમાં જેમણે પોતાના પ્રાણ ગુમાવ્યા છે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

## દેશ-વિદેશના પંદરથી વધુ નિષ્ણાતો હાજરી સાથે

# સાકળચંદ પટેલ યુનિવર્સિટીમાં એઆઈ અને સાયબર સિક્યુરિટી પર ઈન્ટરનેશનલ કોન્ફરન્સનો આરંભ

## સ્માર્ટ સિટી, હેલ્થકેર, કૃષિ અને સાયબર ડિફેન્સ જેવા વિષયો પર ચર્ચા થશે

**અબતક, રાજકોટ**

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા અમદાવાદ ખાતે ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન આર્ટિફિશીયલ ઈન્ટેલીજન્સ અને સાયબર સિક્યુરિટી-૨૦૨૬ તા. ૬ અને ૭ માર્ચના રોજ એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે યોજાશે. આ બે દિવસીય પરિષદમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સાયબર સિક્યોરિટી ક્ષેત્રના નવા સંશોધનો, નવીનતાઓ તથા પડકારો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.તા.૬ માર્ચના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. આ અવસરે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પ્રકાશભાઈ પટેલ, પ્રો.ડો.પ્રફુલકુમાર ઉદાણી તેમજ યુનિવર્સિટીના અન્ય મહાનુભાવો હાજર રહેશે. આ બે દિવસીય કોન્ફરન્સમાં દેશ-વિદેશમાંથી ૧૫થી પણ વધુ મુખ્ય વક્તાઓ હાજર રહેશે. જેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંશોધન સંસ્થાઓ, ઉદ્યોગો અને સરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. આ કોન્ફરન્સ દરમિયાન સ્માર્ટ સિટીઝ, હેલ્થકેર, કૃષિ, એઆઈ આધારિત બિઝનેસ, કોર ટેકનોલોજી, શિક્ષણ, સાયબર ડિફેન્સ, નેટવર્ક સુરક્ષા, ડિજિટલ ફોરેન્સિક્સ અને સાયબર કાયદા જેવા વિષયો પર વિવિધ ટેક્નિકલ સત્રો યોજાશે. આ કોન્ફરન્સ માટે ઑફલાઈન અને ઑનલાઈન મળીને કુલ ૬૦૦ જેટલા સંશોધન પેપર્સ પ્રાપ્ત થયા હતા, જેમાંથી ૧૯૦ પેપર્સ પસંદ કરવામાં આવ્યા છે. આ કોન્ફરન્સમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મળીને કુલ ૪૦૦થી પણ વધુ અધ્યાપકો, ઈન્ડસ્ટ્રી પ્રતિનિધિઓ અને વિદ્યાર્થીઓ જોડાશે.કોન્ફરન્સના બીજા દિવસે, તા. ૭ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે સમાપન સમારોહ યોજાશે. આઈસીએઆઈસીએસ-૨૬ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સાયબર સિક્યોરિટી ક્ષેત્રમાં શૈક્ષણિક તેમજ ઔદ્યોગિક સહકાર મજબૂત બનાવવાનો મહત્વપૂર્ણ મંચ પૂરું પાડશે.

# વિસરાતી વાનગીઓને લોકપ્રિય બનાવવા હરી વંદના કોલેજમાં કાલે મિલેટ ફૂડ કાર્નિવલની સોડમ

## અબતકની મુલાકાતમાં હરી વંદના કોલેજની ફૂડ કાર્નીવલની ટીમે વિગતો આપી શહેરીજનોને મિલેટ ફૂડની સાથે ભેળસેળ પારખવાના પ્રયોગોની રૂબરૂ મુલાકાત લેવા આપ્યું ઈજન

**અબતક, રાજકોટ**

રાજકોટ શહીદ સૌરાષ્ટ્રમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જાણીતી હરી વંદના કોલેજ દ્વારા વિસરા થી વાનગીઓને ઘર ઘરના રાંધણીયાની રાણી બનાવવા મિલેટ ફૂડ કાર્નિવલ નું આયોજન કરવામાં આવ્યું છે.

અબ તકની મુલાકાતે આવેલા હરી વંદના કોલેજના શકિતસિંહ ગોહિલ, જેનિશાબેન કપુરીયા, આયુષીબેન માલવિયા, આરતીબેન હાંસલીયા એ મિલેટ ફૂડ કાર્નિવલ ની વિગતો આપતા જણાવ્યું હતું કે સમાજમાં વિસરાતી વાનગીઓને ફરીથી ઘર ઘરના રાંધણીયાઓની રાણી બનાવવા માટે અને મિલેટફૂટ અંગે લોકોમાં સમજ કેળવાય સાથે સાથે રોજિંદી વપરાશની ખાદ પદાર્થોમાં ભેળસેળ છે કે કેમ ?તેના વૈજ્ઞાનિક પ્રયોગો નું નિર્દેશન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

હરી વંદના કોલેજ ખાતે ૭ માર્ચ શનિવારે મિલેટ ફૂડ કાર્નિવલ ૨૦૨૬ માં સરકારના મિલેટ ડેવલપમેન્ટ સ્કીમથી પ્રેરિત કાર્યક્રમનો હેતુ પરંપરાગત ધાન્ય મિલેટ પ્રત્યે લોકોમાં વધુમાં વધુ જાગૃતિ આવે અને લુપ્ત થતી ગુજરાતી વાનગીઓ ને રસોડામાં ફરીથી પૂન જીવિત કરી રાંધણીયાની રાણી બનાવવા સાથે સાથે રોજિંદા વપરાશના ખાધ પદાર્થોમાં થતી ભેળસેળ પારખવા વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા તેનું પરીક્ષણ કરવા માટેના પ્રયોગોનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવશે .

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ નજીક હરિ વંદના કોલેજ ના પટાંગણમાં યોજાનારા આ મિલેટ ફૂડ કાર્નિવલ માટે કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ખૂબ જ સરસ મહેનત કરીને તૈયારી કરી છે.

મિલેટ ફુડકાર્નિવલ ૨૦૨૬ સંસ્થાનો આ બીજો પ્રયોગ છે અગાઉ યોજાયેલા ફૂડ કાર્નિવલ ની જેમ જ આ કાર્નિવલમાં બાજરી જુવાર રાગી દેવા પૌષ્ટિક ધાન્યો માંથી બનેલી વિવિધ વાનગીઓનું પ્રદર્શન અને આજના સમયમાં રોજિંદા વપરાશમાં ઉપયોગી લેવાથી ખાત સામગ્રીમાં થતી ફેરસેલ અને ઘેરે વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરવા માટે પ્રયોગો કરીને માર્ગદર્શન આપવામાં આવશે દરેક વ્યક્તિ પોતાના ઘરમાં જ ખાધ વસ્તુઓમાં ભેલસેલ છે કે કેમ તેની તપાસ કરી શકે તે માટે શિક્ષિત કરાશે .

હરી વંદનાકોલેજના ચેરમેન ડોક્ટર મહેશભાઈ ચૌહાણ એ જણાવ્યું હતું કે નવી શિક્ષણ નીતિ મુજબ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અમે કટિબદ્ધ છીએ આકારની દ્વારા અમે સમાજમાં પૌષ્ટિક આહારની સંસ્કૃતિને ફરી બેઠી કરવા તત્પર બન્યા છીએ આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી વિવિધ ક્ષેત્રના માધાતાઓ માર્ગદર્શન આપશે શહેરની જનતાને પૌષ્ટિક આહારના મહોત્સવમાં સૌભાગ્ય બનવા કોલેજ પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યું છેવધુ વિગત માટે ૯૯૭૮૧૫૫૫૫૫ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# વિઝી ટ્રોફીની ફાઈનલમાં વેસ્ટ ઝોનની ધમાકેદાર એન્ટ્રી

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ખેલાડીઓનો ઉત્તમ ફાળો, રામદેવ આચાર્ય ટોપ સ્કોરર અને આદિત્ય રાઠોડ ટોપ વિકેટ ટેકર બન્યાં

### કાલે વેસ્ટ ઝોન અને નોર્થ ઝોન વચ્ચે કાંટે કી ટક્કર

હવે ૭ માર્ચે ગોવા ખાતે વેસ્ટ ઝોન અને નોર્થ ઝોન વચ્ચે ફાઈનલ મુકાબલો રમાશે, જેમાં વેસ્ટ ઝોનની ટીમ ચેમ્પિયન બનવા માટે સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરશે.

**અબતક, રાજકોટ**

એ.આઈ.યુ. અને બી.સી.સી.આઈ. દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત વિઝી ટ્રોફી ક્રિકેટ ટુર્નામિન્ટમાં વેસ્ટ ઝોન ક્રિકેટ ટીમે શાનદાર પ્રદર્શન કરતા ફાઈનલમાં ધમાકેદાર એન્ટ્રી નોંધાવી છે. લીગ તબક્કાની ત્રણમાંથી ત્રણેય મેચોમાં વિજય મેળવી વેસ્ટ ઝોનની ટીમ પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહી ફાઈનલમાં પહોંચનાર પ્રથમ ટીમ બની છે.

ગોવા ખાતે ચાલી રહેલી આ ટુર્નામિન્ટમાં વેસ્ટ ઝોનની ટીમે સાઉથ ઝોન સામે રમાયેલી મહત્વપૂર્ણ મેચમાં ૩૦૩ રનનો મજબૂત સ્કોર ઉભો કર્યો હતો. આ






ઈનિંગ્સમાં રામદેવ આચાર્યએ મહત્વપૂર્ણ ૭૦ રન બનાવી ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી.

ટુર્નામિન્ટ દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેપ્ટન અને વેસ્ટ ઝોન ટીમના મુખ્ય બોલર આદિત્ય રાઠોડએ પણ ઉત્તમ બોલિંગ પ્રદર્શન કરી છેલ્લા મેચમાં ૪ વિકેટ ઝડપી મેન ઓફ ધ મેચનો ખિતાબ મેળવ્યો હતો.સમગ્ર ટુર્નામિન્ટમાં પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ખેલાડીઓએ વિશેષ સિદ્ધિ નોંધાવી છે.જેમાં રામદેવ આચાર્ય હાલમાં ટુર્નામિન્ટના હાઈએસ્ટ સ્કોરર તરીકે ટેબલના ટોચ પર છે અને તેમણે

(અનુ. આઠમા પાને)

# ૧૮ વોર્ડમાં ૭૨ કમળ ખિલવવાનો ડો. માધવ દવેનો મક્કમ નિર્ધાર

## શહેર ભાજપ પ્રમુખપદે એક વર્ષ પૂર્ણ કર્યુઃ અનરાધાર શુભેચ્છા વર્ષાઃ સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને કેન્દ્રમાં રાખી કામ કર્યાનો સંતોષ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર ભાજપના અધ્યક્ષ તરીકે ડો. માધવ દવેના સફળ કાર્યકાળનું એક વર્ષ પૂર્ણ થયું છે, રાષ્ટ્રીય,પ્રદેશ અને સ્થાનિક ભારતીય જનતા પાર્ટીના સંગઠનના આગેવાનો- કાર્યકર્તાઓ સહિત રાજકોટ શહેરની જનતાએજે વિશ્વાસ અને ભરોસા સાથે રાજકોટ શહેર સંગઠનના અધ્યક્ષની જવાબદારી સોંપેલ હતી, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત



૨૦૪૭ ના મીશન અને સાર્થક બનાવવા અને રાજકોટ મહાનગરને ભારતીય જનતા પાર્ટીના અજય અને અભેદ્ય કિલ્લો બનાવવા તરફ ધીમા પણ મકકમતાથી, એકસુત્રતાથી ડગલાં માંડી લોકપ્રિય શહેર અધ્યક્ષ તરીકે સર્વસ્વીકૃત બનવા બદલ સૌનો આભાર વ્યકત કરતાં ડો. માધવ દવે આનંદની અનુભુતિ વ્યકત કરે છે કોર્પોરેશનની ચૂંટણીમાં તમામ ૧૮ વોર્ડમાં ૭૨ કમળ ખિલવવાનો નિર્ધાર કર્યો છે.

ડો. માધવ દવે એ તેમના એક વર્ષના અનુભવોની માહિતી આપતાં જણાવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટીમાં કોઈપણ પદ એ હોદ્દો નહિ પણ જવાબદારી છે, અને આ જવાબદારીનું પ્રમાણિક અને નિષ્ઠાથી વહન કરવાની નેમ સાથે જ મેં રાજકોટ શહેરના ભારતીય જનતા પાર્ટીના આગેવાનો કાર્યકર્તાઓ અને હોદ્દેદારો,વિવિધ સંસ્થાઓ, એસોશીએશન, સમાજના આગેવાનો અને રાજકોટ શહેરની લાગણી પ્રિય જનતાના સાથ અને સહકારથી જ આજે હું મારી અધ્યક્ષ તરીકેની સફળતાનું એક વર્ષ પૂર્ણ કરી શકયો છું. આપ સૌ એ પોતાનો અમૂલ્ય સમય, શ્રમ અને સ્નેહભર્યો સહયોગ આપ્યો છે તેવો જ સહકાર અને સાથ આગામી સમયમાં પણ આપવા નમ્ર અનુરોધ સાથે અપીલ કરતાં શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીએ સમગ્ર વિશ્વમાં લોકશાહી તંત્રની સૌથી મોટી રાજકીય પાર્ટી બની ગઈ છે ત્યારે મને ભારતીય જનતા પાર્ટીનારાજકોટ મહાનગરના શહેર પ્રમુખ તરીકે ગૌરવ અનુભવું છું. આ સાથે હું રાજકોટ શહેરની પ્રજાના પ્રશ્નોને યોગ્ય સ્તરે વાચા આપવા તેમજ તેનું ઝડપી નિરાકરણ કરવા માટે હું અને મારી સમગ્ર ટીમ પ્રતિબધ્ધ છીએતેવી આજના દિવસે હું ખાત્રી આપું છુ,કેન્દ્ર સરકાર કે રાજય સરકારની વિવિધ યોજનાઓનો લાભ રાજકોટ શહેરના છેવાડાના લોકો સુધી પહોંચે તેવી વ્યસ્વથા ગોઠવવા પણ અમે સતત પ્રયત્નશીલ છીએ.

રાજકોટ શહેર સંગઠનની ટીમ સાથે રહીને મોદી સરકારના ૧૧ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજકોટ મહાનગરમાં દરેક વોર્ડમાં મહોલ્લા / ખાટલા બેઠકોનો પ્રારંભ કરવામાં આવ્યો. રાજકોટ મહાનગરમાં દરેક વોર્ડમાં વયવંદના આયુષ્યમાન કાર્ડ નોંધણી જેવા કાર્યક્રમો દ્વારા રાજકોટ શહેરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અનુસંધાને શહેર ભાજપ દ્વારા કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓને દર્શાવતી પ્રદર્શની અને વ્યાવસાયિક સંમેલનો યોજાયા હતા. મોદીના સુત્ર એક પેડ માં કે નામ અંતર્ગત પર્યાવરણ જાળવણીના સંદેશ સાથે દરેક વોર્ડમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને કમલમ કાર્યાલય ખાતે ઓપરેશન સિંદૂરની યાદગીરી સ્વરૂપે સિંદૂરવૃક્ષ પણ વાવવામાં આવેલ હતું અને

(અનુ. આઠમા પાને)

### અરવિંદભાઈ મણિયાર માર્ગ (કોઠારીયા રોડ) સ્થિત

# વિનોદભાઈ શેઠ કોમ્યુનિટી હોલમાં એસી યુનિટનું ભાડું માત્ર રૂ.૧૦,૦૦૦

## રિનોવેશનની કામગીરી પૂર્ણઃ હવે ટૂંક સમયમાં લોકાર્પણ કરાશેઃ કોમ્યુનિટી હોલમાં પ્રથમ માળે નોન અને બીજા માળે એસી યુનિટની સુવિધાઓ ઉપલબ્ધ બેસણાં કે ઉઠમણાં માટે ચાર કલાક માટે એસી હોલ રૂ.૨ હજાર અને નોન એસી યુનિટ માત્ર રૂ.૧ હજારમાં ભાડે મળશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના અરવિંદભાઈ મણિયાર માર્ગ (કોઠારીયા રોડ) પર આવેલા શ્રી વિનોદભાઈ શેઠ કોમ્યુનિટી હોલનું કરોડો રૂપિયાના ખર્ચે રીનોવેશન કરવામાં આવ્યું છે. આ આત્યાધુનિક સુવિધાથી સજજ કોમ્યુનિટી હોલનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થવામાં છે. જેનું ચૂંટણીની આચાર સહિતા લાગુ પડે તે પૂર્વે જ લોકાર્પણ કરી દેવામાં આવશે. દરમિયાન ગઈકાલે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કોમ્યુનિટી હોલનું ભાડું અને ડિપોઝિટના દર નક્કી કરાયા છે.એસી અને નોન એસી યુનિટના ભાડાનો દર રૂ.૧૦૦૦ થી લઈ રૂ.૧૫૦૦૦ સુધીનું ભાડું નિયત કરવામાં આવ્યું છે.

અગાઉ હોલ માટે ડિપોઝિટની રકમ રૂ. ૪૦૦૦ અને ભાડું રૂ.૨૦૦૦ હતું. કરોડો રૂપિયાના ખર્ચે હોલનું રિનોવેશન કરવામાં આવ્યું છે.જેમ વોર્ડ નં. ૯માં બાપા સીતારામ મેઈન રોડ પર વોર્ડ ઓફિસની સામે આવેલા અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલ જેવી જ આધતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે આ હોલની સાઈઝ અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલ કરતા ઓછી હોય તેનું ભાડું પણ ઓછું રાખવામાં આવ્યું છે.અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલનું ભાડું હજાર અને ડિપોઝીટ રૂ.૧૦,૦૦૦ નિયત કરાયુ છે. જ્યારે બેસણું કે ઉઠામણા માટે ૪ કલાક હોલ ભાડે આપવામાં આવે તો ભાડાનો દર રૂ.૧૫૦૦૦ અને ડિપોઝિટનો દર પણ રૂ.૧૫ હજાર રાખવામાં આવ્યો છે. જો કોઈ વ્યકિત કોમર્શિયલ હેતુ માટે આ એસી હોલ

પ્રથમ માળે યુનિટ નં.૧ જે નોન એસી હોલ છે.જેમાં લગ્ન, સગાઈ, જનોઈ, ધાર્મિક પ્રસંગો અને લૌકિક પ્રસંગો માટે પ્રતિ યુનિટ પ્રતિ દિવસ ભાડું રૂ.૨૦,૦૦૦ અને ડિપોઝિટની રકમ પણ રૂ. ૨૦,૦૦૦ રાખવામાં આવી છે. બેસણા તથા ઉઠામણા માટે ચાર કલાકના સમયગાળા માટે કોમ્યુનિટી હોલનું ભાડું રૂ. ૧૦ રાખવામાં આવી છે.જો કોમર્શિયલ હેતુ માટે હોલનો ઉપયોગ કરવામાં આવનાર હોય તો ભાડાનો દર રૂ.૪૦ હજાર અને ડિપોઝીટનો દર પણ રૂ.૪૦,૦૦૦ રાખવામાં આવ્યો છે.

જ્યારે બીજા માળે આવેલા એસી હોલનું ભાડું લગ્ન,સગાઈ, જનોઈ ધાર્મિક પ્રસંગો અને લૌકિક પ્રસંગો માટે રૂ.૩૦,૦૦૦ અને ડિપોઝિટ પણ રૂ. ૩૦,૦૦૦ નિયત કરાયુ છે.

(અનુ. આઠમા પાને)



# ધો.૧૦માં બેઝિક ગણિતનું પેપર બ્લ્યુ પ્રિન્ટ આધારિત સરળ રહેતા વિદ્યાર્થીઓને રાહત



## બેઝિક ગણિતમાં રાજકોટ જિલ્લામાં નોંધાયેલા કુલ ૩૯૪૭૬ વિદ્યાર્થીઓમાંથી ૩૮૭૩૩ હાજર જયારે ૭૪૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા રાજકોટ જિલ્લામાં એકપણ કોપીકેસ નહિ

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવામાં આવી રહી છે. જેમાં આજરોજ ધો. ૧૦નું બેઝિક ગણિતનું પેપર હતું. આજનું પેપર એકંદરે સરળ નીકળ્યું હતું. એમસીક્યું પણ સહેલા હતા અને રાઈડર્સ પૂછવામાં ન આવતા મોટાભાગના વિદ્યાર્થીઓ ગેલમાં આવી ગયા હતા.

રાજકોટમાં ધો. ૧૦માં બેઝિક ગણિતમાં કુલ ૩૯૪૭૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાં ૩૮૭૩૩ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જયારે ૭૪૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જિલ્લામાં એકપણ કોપીકેસ નોંધાયો નથી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ની બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં બે ભાગ પાડવામાં આવ્યા છે. જે વિદ્યાર્થી ધો. ૧૧ અને ૧૨માં સાયન્સ વિષય લેવા માંગે છે તેમની માટે સ્ટાન્ડર્ડ ગણિત જયારે કોમર્સનો અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવતા વિદ્યાર્થીઓ બેઝિક ગણિતની પસંદગી કરે છે. સમગ્ર રાજ્યમાં ધો. ૧૦માં સ્ટાન્ડર્ડ ગણિત કરતા બેઝિક ગણિતની પસંદગી કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે. આજનું બેઝિક ગણિત પેપર ખૂબ જ સરળ રહેતા પુરા ૧૦૦ માર્કસ લાવનારની સંખ્યા સાથે રિઝલ્ટ વધશે. એકંદરે ગત વર્ષના ગણિતના અઘરા પેપર કરતાં આ વખતે માર્કસ વધારી શકાય તેવુ પેપર હતું. રાજકોટ શહેરના પરીક્ષા કેન્દ્રોમાંથી પેપર આપીને બહાર નીકળતા વિદ્યાર્થીઓ ખુશ ખુશાલ જોવા મળ્યા હતાં. એક બીજા મિત્રો સાથે પેપરસહેલુ હોવાથી ખુબ સારા માર્કસ આવશે તેવી ચર્ચા કરતા શુભેચ્છાની આપલે કરતા હતાં અને બોર્ડની પરીક્ષાનો મોટો બોજ ઉતરી ગયો હોવાની લાગણી વ્યક્ત કરતા હતાં.ગણિત જેવા વિષયનું પેપર સહેલું નીકળતા વાલી અને વિદ્યાર્થી રાહતનો શ્વાસ લીધો છે.

આજે બપોર બાદ ધો.૧૨ સામાન્યમાં સમાજશાસ્ત્ર જયારે ધો.વિજ્ઞાન પ્રવાહમાં અંગ્રેજી વિષયનું પેપર લેવામાં આવ્યું હતું.

**પેપર ખૂબ જ સરળ રહેતા પુરા ૧૦૦ માર્કસ લાવનારની સંખ્યા સાથે રિઝલ્ટ વધશે રાઈડર્સ ન પૂછાતા વિદ્યાર્થીઓ ગેલમાં આવી ગયા સોમવારે સ્ટાન્ડર્ડ ગણિતનું પેપર**

# ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી રૂ. ૪.૧૦ લાખના ગાંજા સાથે ઈબ્રાહીમ ઉર્ફે ટીકડો ઝડપાયો, ચાર નાસી ગયા

## રાજસ્થાન ખાતેથી ૮.૨૦૦ કિલોગ્રામ ગાંજો લઈને આવેલી ટોળકીમાં પોલીસને જોઈ નાસભાગ મચી

## કુખ્યાત આકાશ ઉર્ફે મરચો, સમીર ઉર્ફે સમલો, યાકુબ અને પ્રિતેશ ફરાર થઈ જતાં ધરપકડ કરવા ચક્રો ગતિમાન : દરોડાનો દોર

**અબતક, રાજકોટ**

ગ્રીનલેન્ડ ચોકડી નજીક રૂ.૪.૧૦ લાખની કિંમતનો ગાંજા લઈને આવેલી ચાર કુખ્યાત શખ્સોની ટોળકી પર એસઓજીની ટીમ ત્રાટકી હતી. પોલિસને જોઈ નાસભાગ મચી જતાં ચાર શખ્સો તકનો લાભ ઉઠાવી નાસી ગયા હતા જયારે એસઓજીએ ઈબ્રાહીમ ઉર્ફે ટીકડાને ઝડપી ૮.૨૦૦ કિલોગ્રામ ગાંજો કબ્જે કર્યો હતો. હાલ પોલિસે નાસી જનાર ચાર શખ્સો અને રાજસ્થાની સપ્લાયરની શોધખોળ શરૂ કરી છે.

ગાંજાના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા રાજકોટ શહેરી વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા તેમજ નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એસઓજી પીઆઈ એસ એમ જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ વી વી ધ્રાંગુની રાહબરી હેઠળ એસઓજી શાખાના એએસઆઇ ફિરોજભાઈ રાઠોડ અને હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ગોહિલની સંયુકત બાતમીના આધારે રાજકોટ-અમદાવાદ હાઈવે પર ગ્રીનલેન્ડ ચોકડી પાસે શિવનગર તરફ જતા રસ્તામાંથી રૂ. ૪.૧૦ લાખની કિંમતના ૮.૨૦૦ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે ઈબ્રાહીમ ઉર્ફે શાહબાઝ ઉર્ફે ટીકડો રજાકભાઈ શેખ (ઉવ ૨૩ ધંધો- ફ્રુટનો વેપાર રહે. સાગર ચોક, આવાસ યોજના કવાર્ટર, જંગલેશ્વર,



રાજકોટ મૂળ રહે. જમાલવાડી, જૂનાગઢ)ની ધરપકડ કરવામાં આવી હતી. દરોડા અંગે પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ત્રણ દિવસ પૂર્વે ચાર કુખ્યાત શખ્સોની ટોળકી રાજકોટ ખાતેથી પ્રાઈવેટ વાહનમાં રાજસ્થાન ખાતે ગાંજાનો જથ્થો લેવા ગઈ હતી. જયાંથી તેમણે જીગ્નેશકુમાર નામના સપ્લાયર પાસેથી ગાંજાનો જથ્થો મેળવ્યો હતો અને બસ મારફતે ચારેય શખ્સો અમદાવાદ ખાતે પહોંચ્યા હતા. અમદાવાદથી તેઓ ફરી અન્ય બસમાં બેસી રાજકોટની ગ્રીનલેન્ડ ચોકડી ખાતે ઉતર્યા હતા. દરમ્યાન એસઓજીની ટીમ ત્રાટકતા ઈબ્રાહીમ ઉર્ફે ટીકડો ગાંજાના જથ્થા સાથે હાથમાં આવી ગયો હતો. જ્યારે પોલીસની ટીમને જોઈ નાશભાગ મચી જતા તકનો લાભ ઉઠાવી કુખ્યાત આકાશ ઉર્ફે મરચો, સમીર ઉર્ફે સમલો, યાકુબ હાલા અને પ્રિતેશ નાસી ગયા હતા. જેથી એસઓજી સહિતની ટીમોએ ચારેય કુખ્યાત શખ્સો તેમજ રાજસ્થાની સ્પલાયર જીગ્નેશકુમાર સહીત છ શખ્સો વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી પાંચ વોન્ટેડ શખ્સોની શોધખોળ શરૂ કરી દરોડાનો દોર યથાવત રાખ્યો હતો.

આ કામગીરી એસઓજી પીઆઈ એસ એમ જાડેજા, પીએસઆઇ વી વી ધ્રાંગુ, એએસઆઇ ઈન્દ્રસિંહ જાડેજા, ફિરોજભાઈ રાઠોડ, અરૂણભાઈ બાંભણિયા, વિરેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ મૌલિકભાઈ સાવલિયા, દિગવિજયસિંહ ગોહિલ, કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમાર, મહિલા કોન્સ્ટેબલ મોનાબેન બુસા, ડ્રાઈવર કોન્સ્ટેબલ નરપતસિંહ જાડેજા અને નિર્મળસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.

## ચારેય શખ્સો ત્રણ દી'પૂર્વે માદક પદાર્થ લેવા રાજસ્થાન ગયા'તા : જીગ્નેશકુમાર પાસેથી ગાંજો લઈ રાજકોટ આવતા જ એસઓજી પીઆઈ એસ એમ જાડેજા અને પીએસઆઈ વી વી ધ્રાંગુની ટીમ ત્રાટકી

# હાઉસિંગ લોન વસૂલવા કરેલી પિટિશનમાં દેવાદારને જેલમાં મોકલવાની અરજી રદ

## બિલ્ડરએ લોન લઈ ફ્લેટનો વેચાણ દસ્તાવેજ કરી અન્ય વ્યક્તિને ફ્લેટ વહેંચી દીધો હતો

**અબતક, રાજકોટ**

વિજય કોમર્શિયલ બેંક દ્વારા સિનિયર સિવિલ કોર્ટમાં હાઉસિંગ લોનના દેવાદાર સામે ચાલી રહેલી એક્ઝિક્યુશન પિટિશન (ડીક્રીની બજવણીની કાર્યવાહી)માં બચાવ પક્ષના વકીલોની સફળ રજૂઆતના પગલે કોર્ટે દેવાદારને જેલમાં મોકલવાની અરજી રદ કરી છે.

આ કેસની હકીકત મુજબ, વિજય કોમર્શિયલ બેંક દ્વારા હાઉસિંગ લોનના દેવાદાર પરેશભાઈ જોટાંગીયા પાસેથી રકમ વસૂલવા માટે તેમને જેલમાં મોકલવા માટેની અરજી કરવામાં આવી હતી. જેમાં બચાવો પક્ષ દ્વારા રજૂઆત કરાઈ હતી કે પરેશ જોટાંગીયાએ વિજય કોમર્શીયલ બેંક લી. પાસેથી લોન લઈ અને ફ્લેટનો વેચાણ દસ્તાવેજ કરાવેલ હતો. પરંતુ ખરી હકીકતે તે ફ્લેટ પહેલેથી જ બિલ્ડર દ્વારા અન્ય વ્યક્તિને વહેંચી દેવામાં આવેલો હતો તેમજ બિલ્ડરે આવી હક્કીત આ કેસના દેવાદાર પરેશભાઈ જોટાંગીયાથી છુપાવેલી હતી. પરંતુ બિલ્ડર દ્વારા કરી આપવામાં આવેલ વેચાણ દસ્તાવેજ બાદ પરેશ





જોટાંગીયા કબજો લેવા ગયા ત્યારે તે ફ્લેટ પર અન્ય કોઈ વ્યક્તિનો કબજો હતો, જે બાદ વિજય કોમર્શીયલ બેંક લી. દ્વારા લોન લેનાલ પરેશ જોટાંગીયા સામે છેતરપિંડીની ફરિયાદ થઈ હતી. તેમજ વિજય કોમર્શીયલ બેંક લી. દ્વારા લવાદ કોર્ટમાં કેસ પણ ચલાવવામાં આવેલ તેમાં વિજય કોમર્શીયલ બેંક લી.એ આ કેસના દેવાદાર પરેશ જોટાંગીયાની ગેરહાજરીમાં એક પાર્ટી હુકમનામું મેળવી અને ત્રીજા એડીશનલ સીનીયર સિવિલ જજની કોર્ટમાં દેવાદારને જેલમાં બેસાડવાની કરેલી દરખાસ્ત સામે બચાવ પક્ષના વકીલોએ કોર્ટ સમક્ષ અત્યંત ધારદાર અને તર્કબદ્ધ દલીલો રજૂ કરતા જણાવ્યું હતું કેદેવાદાર પાસે મિલકત હોવા છતાં તે ઈરાદાપૂર્વક નાણાં ન ચૂકવતો હોય તેવા સંજોગો સાબિત થયા વગર સિવિલ જેલની સજા કરી શકાય નહીં. તે મતલબના જુદા જુદા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ટાંક્યા હતા. જે ધ્યાને લઈ એડિશનલ સિનિયર સિવિલ જ્જ શુક્લે લેણદાર બેંકની દેવાદારને જેલમાં મોકલવાની અરજીને સેટ-એ-સાઈડ (રદ) કરી હતી. તેમજ અદાલત દ્વારા બેંકને ફરી જંગમ તેમજ સ્થાવર મિલકત અંગે તપાસ નીમી તથા હરાજી કરવાનું જાણાવેલ હતું. પરંતુ વિજય કોમર્શિયલ બેંક લી. દ્વારા આગળ કાર્યવાહી ન કરાતા કોર્ટ દ્વારા દરખાસ્ત ડીસમીસ કરવા હુકમ કર્યો છે. આ કેસમાં એડવોકેટ દેવાદાર વતી એડવોકેટ બકુલ વી. રાજાણી, જનકકુમાર આર. પંડ્યા, કોમલ રાવલ અને સલોની કે. પડીયા રોકાયા હતા.

# વીમા કંપનીઓ સામેના આઠ કેસમાં ગ્રાહક ફોરમ દ્વારા રૂ.૫૦ લાખનું વળતર મંજુર

## વાહન નુકસાની, મેડી કલેઈમ તથા ખેડુત ખાતેદારોના પાક નુકસાની અંગે મુદ્દાસર ધારદાર રજૂઆતોને કારણે પાંચ માસમાં આઠ કેસોનો નિકાલ

**અબતક, રાજકોટ**

અકસ્માતે વાહન નુકસાની, મેડી કલેઈમ તથા ખેડુત ખાતેદારોના પાક નુકસાની સહિતના અલગ અલગ ૮ ક્લેઈમ વીમા કંપનીઓએ તદન ગેરવ્યાજબી કારણો આપી રિજેકટ કરી નાખ્યાની વીમા કંપનીઓ સામેની જુદી જુદી આઠ ફરિયાદોમાં રાજકોટ ગ્રાહક તકરાર નિવારણ આયોગ દ્વારા કુલ રૂપિયા ૫૦ લાખના વળતર ચૂકવવાના હુકમ થયા છે.આ અંગેની હકીકત મુજબ, રાજકોટના ગ્રાહક આયોગ ક્ષેત્રનાએડવોકેટ મૌલિક એ. જોષી મારફત ગ્રાહક તકરાર અંગેની અલગ અલગ આઠ પ્રકારની ફરીયાદો દાખલ કરવામાં આવી હતી. તેમાં ગ્રાહક આયોગમાં કેસ ચાલવા ઉપર આવતા ફરિયાદીઓ વતી મૌલિક વકીલ જોષીએ મુદ્દાસર રજૂઆતો કરતા માત્ર ટુંકા ગાળામાં આ અલગ અલગ ફરીયાદોની રાજકોટ કન્ઝયુમર કમિશન (મેઈન) પ્રેસિડેન્ટ પી.સી. રાવલ દ્વારા ત્વરીત સુનાવણીઓ કરી હતી, તેમાં એકપણ મુદત રિપોર્ટ આપ્યા વગર કન્ટીન્યુ ફરિયાદો ચલાવી ત્વરીત ન્યાય મળે તે માટે કાર્યવાહી કરેલ હોય અને માત્ર ચાર માસના ટુંકા ગાળામાં દલીલો કરી અને ચુકાદાઓ મેળવેલ હતા. તેમાં આઠે ફરિયાદીઓને વ્યાજ તથા ખર્ચ સાથે કુલ રૂ. ૫૦ લાખ જેટલા વળતરના હુકમ થયા હતા. આઠે કેસમાં ફરીયાદી વતી રાજકોટના યુવા એડવોકેટ મૌલિક એ. જોષી રોકાયા હતાં.

# શાપરમાં વિકૃત શખ્સે ગૌ માતા સાથે ધૃણાસ્પદ કૃત્ય આચરતા ગૌપ્રેમીઓમાં રોષ

## વીડિયો સામે આવ્યા બાદ પોલીસે તપાસ કરી રાજકોટના શખ્સને ઝડપી લીધોઃ ધાર્મિક લાગણી દુભાવવા સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શાપર વેરાવળમાં એક ખૂબ જ ધૃણાસ્પદ ઘટના સામે આવી છે. અહીં એક વિકૃત માનસિકતા ધરાવતા શખસે ગૌમાતા સાથે અજુગતુ કૃત્ય આચર્યું હતું. જે અંગેની જાણ થયા બાદ આ આવી માનસિકતા ધરાવતા શખસ સામે ફીટકારની સાથે રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. આ મામલે પોલીસે ગુનો નોંધી આ અધમ કૃત્ય આચરનાર વિકૃત માનસિકતા ધરાવતા શખસને ઝડપી લઈ જરૂરી કાર્યવાહી કરી હતી. આ જઘન્ય બનાવ અંગે શાપર વેરાવળ પોલીસ મથકના હેડ કોન્સ. દિનેશભાઈ ખાટરીયાની ફરિયાદ પરથી પોલીસે મહેશ ઉર્ફે મડીયા જામસીંગ જમરા સામે બીએનએસની કલમ ૨૯૯ મુજબ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી. હેડ કોન્સ્ટેબલ દિનેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે તે તથા એસઆઈ દિવ્યરાજસિંહ સરવૈયા બંને શાપર પોલીસ સ્ટેશન ખાતે હતા. દરમિયાન એએસઆઈ દિવ્યરાજસિંહને એક વિડિયો મળ્યો હતો. જે વિડીયો ૯ સેકન્ડનો હોય તેમાં એક વ્યક્તિ ગાય સાથે અજુગતુ કૃત્ય કરવાની કોશિશ કરતો હોવાનું દેખાયું હતું. આ વીડિયો શાપર વેરાવળ ઓવરબ્રિજ નીચેનો હોય બાદમાં આ અંગે તપાસ કરતા તા. ૩/૩/૨૦૨૬ ના રાત્રીના એક વ્યક્તિ ગાય સાથે કોઈ અજુગતું કૃત્ય કરવાની કોશિશ કરતો કોઈ અને આ શખસ રાજકોટમાં રહેતો મહેશ ઉર્ફે મડીયા જમરા હોવાનું માલુમ પડ્યું હતું. જેથી આ અંગે આ પોલીસે આ શખસ સામે ગાય સાથે અજુગતુ કૃત્ય કરવાની કોશિશ કરી ધાર્મિક લાગણી દુભાઈ તેવું કૃત્ય આચરવા બદલ બીએનએસની કલમ ૨૯૯ તથા પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૧૧ (૧) મુજબ ગુનો નોંધી આરોપીને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરવાના ગુનામાં આરોપીનો નિર્દોષ છુટકારો

## ફરિયાદી, સાહેદોની ઉલટ તપાસમાં બનાવથી વિપરીત, વિરોધાભાસી હકીકત રેકર્ડ પર આવી

**અબતક, રાજકોટ**

શહેરના થોરાળા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારની એક સોસાયટીમાં રહેતી ૧૫ વર્ષની સગીરાને પ્રેમ જાળમાં ફસાવી લગ્ન માટે લલચાવી થાનગઢ ગામે ઘેર લઈ જઈ વારંવાર દુષ્કર્મ આચર્યાના ત્રણ વર્ષ પહેલાના કેસમાં સ્પેશિયલ પોક્સો અદાલતે આરોપી જયદીપ ઉર્ફે કાળુ અશ્વિનભાઈ જાદવને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.આ કેસની હકીકત મુજબ, થોરાળા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં રહેતા ભોગ બનનારના માતાએ તારીખ ૧૧/ ૦૩/ ૨૦૨૩ના રોજ પોતાની ૧૫ વર્ષની સગીર વયની પુત્રીને લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી જવા અંગેની આઈપીસી કલમ ૩૯૯, ૩૭૬ (૨)(મેન), ૩૭૯(૩) અને પોક્સો એકટની કલમ ૪, ૯ મુજબની ફરીયાદ આપેલ હતી. જેના અનુસંધાને પોલીસે તપાસ કરતા સગીરાને થાનગઢ મુકામે રહેતો જયદીપ ઉર્ફે કાળુ અશ્વિનભાઈ જાદવ પ્રેમ સંબંધમાં લપેટી સગીરાને લગ્ન માટે લલચાવી થાનગઢ મુકામે ઘરે લઈ જઈ રાત્રીના સમયે ભોગ બનનારની ઈચ્છા વિરુધ્ધ અવાર નવાર શરીર સંબંધ બાંધ્યો હોવાની હકીકત તપાસમાં ખુલવા પામતા તેમજ સગીરા આરોપી સાથે થાનગઢ હોવાની હકીકત ખુલવા પામતા આરોપીની ધરપકડ કરી હતી. આ કેસ ચાલવા ઉપર આવતા ફરીયાદ પક્ષ તરફથી કુલ ૫ સાહેદોને તપાસવામાં આવેલ, તેમજ ૧૪ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ, ભોગ બનનારે પણ ફરિયાદની હકીકતને સમર્થન આપ્યું હતું, ત્યારબાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં બનાવથી વિપરીત વિરોધાભાસી હકીકત રેકર્ડ પર આવેલ.જેથી અદાલત દ્વારા આરોપી જયદીપ ઉર્ફે કાળુ અશ્વિનભાઈ જાદવને સ્પે. પોક્સો કોર્ટના જજે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવ્યો છે. આ કામમા આરોપી વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, યોગેશ જાદવ, મદદનીશો અભય ચાવડા, વિક્રમ કિહલા, સંજય મકવાણા, વિશાલ ડેડાણીયા, ગૌરવ જરીયા રોકાયા હતા.

# ચેક રિટર્ન કેસમાં મોડિફિકેશન ધંધાર્થી ઋષિ આંબલીયાને ૧ વર્ષની જેલ

## ચેક મુજબની રકમ દિન ૩૦માં વાર્ષિક ૯%ના વ્યાજ સાથે ફરિયાદીને ચૂકવી આપવી હુકમ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ધંધાના વિકાસ માટે સંબંધના દાવે લીધેલા રૂ. ૫ લાખ પરત કરવા આપેલ ચેક રિટર્ન થવા અંગેના ૪ વર્ષ પહેલાના કેસમાં અદાલતે આરોપી એકસીડન્ટ ક્લેમ અને મોડિફિકેશન ધંધાર્થીને ૧ વર્ષની સજા તથા ચેકની રકમ ૯% વ્યાજ સાથે ફરિયાદીને ચુકવવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ, રાજકોટના નાના મવા રોડ પર આવેલ લક્ષ્મીનગરમાં રહેતા અમૃતલાલ નાગજીભાઈ કાનપરા પાસેથી મવડી પ્લોટ, નવલ નગરમાં રહેતા ગેરેજના ધંધામાં એકિસડન્ટ કલેઈમ અને મોડિફિકેશનનું કામ કરતા ઋષીભાઈ મુળજીભાઈ આંબલીયાએ મિત્રતાના તેમજ પારિવારિક સંબંધોના દાવે ધંધાના વિકાસ માટે તા. ૦૪/૦૩/૨૦૧૭ના રોજ રૂ. ૫ લાખ પુરા રોકડા હાથ ઉછીના મેળવેલ, ત્યારબાદ લાંબા સમયની અનેક ઉઘરાણી બાદ ચેક આપ્યો હતો અને તા. ૦૪/૦૩/૨૦૨૨ સુધીમાં કટકે કટકે અથવા એકી સાથે ફરિયાદીને રૂપિયા આપવાની



એડવોકેટ હર્ષિલ શાહ

બાહેંધરી આપેલ, પરંતુ ત્યારબાદ કોઈ રકમ જમા કરાવેલ નહિ, જેથી ઋષિ આંબલીયાએ અગાઉ આપેલો ચેક તેની સુચનાથી તા. ૧૩/ ૦૪/ ૨૦૨૨ના રોજ બેંકમાં રહ્યો રજૂ કર્યો હતો, પરંતુ તેના ખાતામાં પુરતું ભંડોળ ન હોવાના રિટર્ન થયો હતો. જેથી અમૃતલાલ કાનપરાએ તેમના વકીલ મારફત નોટીસ મોકલ્યા બાદ કોર્ટમાં કોર્ટ કેસ દાખલ કર્યો હતો. જે કેસ ચાલવા ઉપર આવતા મ રેકર્ડ પરના પુરાવાઓ તેમજ બન્ને પક્ષોની લેખીત-મૌખિક દલીલોને ધ્યાને લઈ કોર્ટ દ્વારા આરોપી ઋષિ આંબલીયા મને ૧ વર્ષની કેદની સજા તથા ચેક મુજબની રકમ દિન ૩૦માં વાર્ષિક ૯%ના વ્યાજ સાથે ફરિયાદીને ચૂકવી આપવી અન્યથા વધુ ૩ માસની કેદની સજા કરવાનો આખરી હુકમ કરવામાં આવ્યો છે.

આ કેસમાં ફરિયાદી વતી પી. એમ. શાહ લો ફર્મના એડ્વોકેટ પીયુષભાઈ એમ. શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નિવિધ પારેખ, નિતેષ કથીરીયા, જીતેન્દ્ર ધૂળકોટીયા, વિજય પટગીર, હર્ષિલભાઈ શાહ, ચિરાગ શાહ, રાજેન્દ્ર જોષી, રવિરાજ વાળા, આસિ. રાજા ભટ્ટ, વિપુલ દેવમુરારી રોકાયા હતા.

# નવી કોર્ટ રોડ પાસે કલ્યાણ પાર્કમાં ૭ માસની બાળકીનું બે દિવસથી તાવ આવતા મોત

## જનાના હોસ્પિટલમાં સારવારમાં દમ તોડ્યો, હિતાક્ષીના મોતથી પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

શહેરના નવી કોર્ટ રોડ પર કલ્યાણ પાર્ક વિસ્તારમાં ગઈકાલે ૭ મહિનાની બાળકીનું તાવની બીમારીને કારણે મોત નીપજતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. બનાવને લઈ પરિવારમાં અરેટાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, નવી કોર્ટ રોડ પર શ્રેયસ વિદ્યાલય પાસે કલ્યાણ પાર્કમાં રહેતા કમલેશકુમાર નકુમની સાત મહિનાની પુત્રી હિતાક્ષીને છેલ્લા બે-ત્રણ દિવસથી તાવ આવતો હતો. જેની દવાઓ ચાલુ હોવા છતાં ગઈકાલે તબિયત વધુ લથડતા તેને તાત્કાલિક સારવાર અર્થે જનાના હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં બાળકીનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક હિતાક્ષીના પિતા કમલેશભાઈ ખાનગી નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. હિતાક્ષી બે બહેનોમાં નાની હતી. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# નીલકંઠ પાર્ક પાસે પ્રોઢનું ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

## મરવાનો વિચાર આવતા આ પગલું ભર્યું, સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયા

**અબતક, રાજકોટ**

શહેરના નીલકંઠ પાર્ક મેઈન રોડ સર્કલ પાસે ગઈકાલે રાત્રિના સમયે પ્રોઢે ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાતનો પ્રયાસ કરનાર મહિલાને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના મેહુલનગર વિસ્તારમાં રહેતા રોજીનાબેન સિરાજભાઈ સૈયદ (ઉં.વ. ૪૦) ગઈકાલે રાત્રે ૯:૦૦ વાગ્યાની આસપાસ નીલકંઠ પાર્ક મેઈન રોડ સર્કલ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેઓને અચાનક મરવાના વિચારો આવતા પોતાની પાસે રહેલા ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઘટનાને પગલે તેઓને સારવાર અર્થે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, રોજીનાબેનના પતિ સિરાજભાઈ ચશ્માની રેકડી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. રોજીનાબેને કયા કારણોસર આ પગલું ભર્યું તે હજુ જાણી શકાયું નથી. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.


# ૨૧.૩૦૦ કિલો ગ્રામ ગાંજા સાથે ઝડપાયેલા ખેડૂતના જામીન મંજૂર

## મોટી ખીલોરી ગામે ઘઉંના વાવેતરની આડમાં ગાંજાના ૧૦ છોડ સાથે નિર્મળ ડેરની ધરપકડ કરી તી

**અબતક,રાજકોટ**

ગોંડલના મોટી ખીલોરી ગામે વાડીમાં ઘઉંના વાવેતર વચ્ચેથી ૨૧.૩૦૦ કિલો ગ્રામ ગાંજાના છોડ સાથે ઝડપાયેલા ખેડૂતને જામીન અરજી સ્પેશિયલ એન.ડી.પી.એસ. કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી. ગ્રુપે બાતમીના આધારે ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામના રહેવાસી નિર્મળભાઈ નાથાભાઈ ડેરના ખેતરમાં રેઈડ કરી ઘઉંના વાવેતરની આડમાં ગાંજાના ૧૦ જેટલા છોડવાઓ મળી આવેલ હતા, જે અંગે ધોરણસરની કાર્યવાહી બાદ સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં એન. ડી. પી. એસ. એક્ટ મુજબ ગુનો નોંધાયો હતો. જેમાં પોલીસે આરોપી નિર્મલ નાથાભાઈ ડેરને ધોરણસરની કાર્યવાહી બાદ જેલહવાલે કરાયેલ હતો. ત્યારબાદ આરોપી નિર્મલ ડેર દ્વારા અદાલતમાં રેગ્યુલર જામીન અરજી કરવામાં આવી હતી. આ અરજીના અનુસંધાને આરોપીના વકીલ સંજય પંડિત દ્વારા કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે, આ કેસમાં પોલીસ દ્વારા ૧૦ કેનાબિસના છોડ જપ્ત કરી તેમનું કુલ વજન ૨૧.૩૦૦ કિલો કોમર્શિયલ ક્વોન્ટિટીથી વધુ દર્શાવવામાં આવ્યું હતું, પરંતુ માત્ર કુલ છોડનું વજન



એડવોકેટ સંજય પંડિત

બતાવી દેવું પૂરતું નથી, કાયદાની વ્યાખ્યા મુજબ તેમાં ગાંજો કેટલો હતો તે સાબિત કરવું જરૂરી છે? તેમજ આખો છોડ ગાંજો નથી, છોડમાંથી ગાંજાના ફૂલો અલગ કરી ચોક્કસ ગાંજાનું વજન દર્શાવવામાં આવ્યું નથી. તેમજ આ કેસ વેપાર કે હેરાફેરીનો નથી, પરંતુ ખેતીનો છે. આ તમામ દલીલો તેમજ વડી અદાલતના ચૂકાદાઓને ધ્યાને લઈ આરોપી ખેડૂત નિર્મળ ડેરના જામીન મંજૂર કર્યા હતા. આ કામમાં આરોપી વતી પંડિત એસોશીએટસના સંજય પંડિત, બીનીતા પટેલ, દિનેશ પાતર, જીજ્ઞેશ પંડયા, કલ્પેશ મોરી, અરુણ સિંઘલ રોકાયા હતા.

# રાજકોટના એડી. સીપી અને રેન્જ આઇજી સહિત રાજ્યના ૩૭ આઈપીએસની બદલી

## કોને ક્યાં પોસ્ટિંગ અપાયું?

૧. શમશેર સિંઘની ડીજીપી સિવિલ ડિફેન્સ તરીકે નિમણૂક
૨. રાજકોટ રેન્જ આઇજી અશોક કુમારને આઇબીમાં મુકાયા
૩. ગગનદીપ ગંભીરને એસએમસીના આઈજીપીનો વધારો ચાર્જ સોંપાયો
૪. ભાવનગર રેન્જના ગૌતમકુમાર પરમાર આઈજી સીઆઈડી ક્રાઇમ બન્યા
૫. રાઘવેન્દ્ર વત્સ આઇજી અમદાવાદ રેન્જ
૬. જૂનાગઢ રેન્જ નિલેશ જજડિયા વડોદરા શહેર જેસીપી બન્યા
૭. બિપિન આહિરેને આઇજી સાયબર સેન્ટર ઓફ એક્સલન્સમા મુકાયા
૮. પી.એલ. માલની એસીબીમાં એડિશનલ ડાયરેક્ટર તરીકે બદલી
૯. એન એન ચૌધરીની સ્ટેટ આઈબીમાં બદલી
૧૦. એ.જી.ચૌહાણની જેસીપી ટ્રાફિક અમદાવાદમાં બદલી
૧૧. આર. વી અસારી ભાવનગર રેન્જ આઇજી બન્યા
૧૨. કે.એન.ડામોરની સીઆઈડી ક્રાઇમમાં બદલી
૧૩. મકરંદ ચૌહાણ કાયદો અને વ્યવસ્થા ગાંધીનગર ડીઆઈજીપી
૧૪. પરીક્ષિતા રાઠોડની બનાસકાંઠા રેન્જ આઇજી તરીકે બદલી
૧૫. વિધિ ચૌધરી ડીઆઇજીપી ગોધરા રેન્જ
૧૬. વિશાલકુમાર વાઘેલા ડીઆઇજીપી સ્ટેટ મોનીટરીંગ સેલમાં બદલી
વિશાલકુમાર વાઘેલાને પોલીસ ભરતી બોર્ડના ડીઆઈજીપીનો વધારાનો ચાર્જ
૧૭. લીના પાટીલ પ્રિન્સીપાલ ક્રાઈ તાલીમ શાળા
૧૮. નિર્લિપ્ત રાય રાજકોટ રેન્જ ડીઆઇજી
૧૯. દીપકકુમાર મેઘાણી એસીબીમા જોઇન્ટ ડાયરેક્ટર બન્યા
૨૦. મહેન્દ્ર બગરિયા જેસીપી સુરતમા બદલી
૨૧. હિતેશ જોઈશર આઈબીમા મુકાયા
૨૨. ડૉ.તરુણ દુગ્ગલ એડિશનલ કમિશનર અમદાવાદ શહેર એડમિન
૨૩. ચૈતન્ય માંડલિક રાજકોટ શહેર એડિ. કમિ, ક્રાઈમ ટ્રાફિક
૨૪. સરોજ કુમારી ડીઆઇજી જેલ વડોદરા
૨૫. રાજેન્દ્રસિંહ ચુડાસમા ડીઆઈજી જૂનાગઢ રાજેન્દ્રસિંહ ચુડાસમાને પોલીસ ટ્રેનિંગના પ્રિન્સિપાલનો વધારાનો હવાલો
૨૬. આર પી બારોટ ડીઆઈજી જેલ અમદાવાદ
૨૭. ડૉ.જી.એ.પંડ્યા ડીઆઈજી જેલ રાજકોટ
૨૮. આર ટી શુશ્રા સ્પેશિયલ બ્રાન્ચ અમદાવાદ
૨૯. સુધા પાંડે ડીઆઈજી હથિયારી એકમ વડોદરા
30. સુજાતા મજમુદાર ડીઆઈજી હથિયારી એકમ ગાંધીનગર
૩૧. ડૉ.સુધીર દેસાઈ એડિશનલ કમિશનર વડોદરા શહેર
૩૨. બલરામ મીણા સ્પેશિયલ કમિશનર સુરત
૩૩. ડૉ.કરણરાજ વાઘેલા જેસીપી ક્રાઈમ સુરત
૩૪. એસ વી પરમાર જેસીપી ટ્રાફિક સુરત
૩૫. એ એમ મુનિયા ડીઆઈજી કોસ્ટલ સિક્યુરિટી અમદાવાદ
એ એમ મુનિયાને કોસ્ટલ સિક્યુરિટી ગાંધીનગરનો વધારાનો ચાર્જ
૩૬. મયુર પાટીલ ડીસીપી ઝોન ૮ અમદાવાદ
૩૭. વાબાંગ ઝમીરને વેઈટિંગ ફોર પોસ્ટિંગ રખાયા

- કડક અધિકારીની છાપ ધરાવતા નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જ ડીઆઈજી અને ચૈતન્ય મંડલીકને શહેરના એડી સીપી બનાવાયા
- અત્યંત મહત્વની મનાતી એસએમસીના વડા તરીકે રાજકોટના તત્કાલિન એસપી ગગનદીપ ગંભીરની નિમણુંક
- રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવની સીઆઇડી ઇન્ટેલીજન્સના એડીજીપી અને એડી. સીપી મહેન્દ્ર બગરીયાને સુરતના જેસીપી તરીકે નિયુક્તિ
- નિવૃતિના આરે રહેલા સિનિયર આઈપીએસ શમશેરસિંઘને સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના ડિરેક્ટર તરીકે નિમણુંક સાથે માનભેર વિદાય અપાશે
- આર વી અસારીને ભાવનગર રેન્જ, રાજેન્દ્રસિંહ ચુડાસમાને જૂનાગઢ રેન્જમાં મુકાયા



**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસ બેડામાં મોટા ફેરફાર જોવા મળી રહ્યા છે. ગુજરાત ગૃહ વિભાગ દ્વારા રાજકોટના એડી.સિપી અને રેન્જ આઇજી સહીત ૩૭ આઈપીએસ અધિકારીની બદલી કરી અન્ય જગ્યાએ નિમણૂક કરવામાં આવી છે. ઘણી જગ્યાઓએ પોસ્ટને ડાઉનગ્રેડ (ઉચ્ચ હોદ્દા પરથી નીચેના હોદ્દામાં ફેરવવી) અથવા અપગ્રેડ કરવામાં આવી છે. જેથી યોગ્ય ગ્રેડના અધિકારીઓની નિમણૂક કરી શકાય. આ આદેશો જાહેર હિતમાં તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યા છે.

બદલીના આદેશ પર નજર કરવામાં આવે તો નિર્લિપ્ત રાયની સ્ટેટ મોનિટરિંગ સેલ, ગાંધીનગરથી બદલી કરીને રાજકોટ રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીઆઈજી) તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂક અશોક કુમારની બદલીથી ખાલી પડેલી જગ્યા પર, પોસ્ટને ડાઉનગ્રેડ કરીને કરવામાં આવી છે. જયારે અશોકકુમાર યાદવને સીઆઈડી ઈન્ટેલીજન્સના એડીજીપી તરીકે નિમણુંક આપવામાં આવી છે. રાજકોટ શહેરમાં એડી. સીપી મહેન્દ્ર બગરીયાને સુરત જેસીપી બનાવવામાં આવ્યા છે અને તેમના સ્થાને ચૈતન્ય મંડલીકને મુકવામાં આવ્યા છે. એસએમસી વડા તરીકે રાજકોટના તત્કાલીન એસપી અને હાલ વહીવટી વિભાગના આઈજી તરીકે ફરજ બજાવતા મહિલા આઈપીએસ ગગનદીપ ગંભીરને મુકવામાં આવ્યા છે. જયારે નિર્લિપ્ત રાયના સ્થાને વિશાલકુમાર વાઘેલાને નિયુક્તિ આપવામાં આવી છે. ઉપરાંત ભાવનગર રેન્જ તરીકે આર વી અસારી અને જૂનાગઢ રેન્જ તરીકે રાજેન્દ્રસિંહ ચુડાસમાને મુકવામાં આવ્યા છે. બીજી બાજુ નિવૃત્તિના આરે રહેલા સિનિયર આઈપીએસ શમશેરસિંહને સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના ડિરેક્ટર તરીકે નિમણુંક સાથે માનભેર વિદાય આપવામાં આવનાર છે.

### રાજ્યમાં વધુ એક રેન્જનો ઉમેરો બનાસકાંઠા રેન્જ આઇજી તરીકે પરીક્ષિતા રાઠોડની નિમણુંક

બનાસકાંઠા રેન્જ એ ગુજરાત પોલીસ દ્વારા બનાવેલી નવી રેન્જ છે, જેના આઇજી (ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ) તરીકે તાજેતરમાં પરીક્ષિતા રાઠોડની નિમણૂક કરવામાં આવી છે. આ બદલી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા ૩૭ અધિકારીઓના મોટા ફેરફારોનો એક ભાગ છે.

# પાંચ આંગળી જેવા નેતાઓ એક થઇ "પંજા"ને જીતાડી શકશે ?

## વાંકાનેર, માળીયા (મી) અને ટંકારા પાલિકા માટે નિરીક્ષણની નિમણુંક

વાંકાનેર નગરપાલિકાના નિરીક્ષક તરીકે સંજયભાઇ લાખાણીની, માળીયા મિયાણા નગરપાલિકાના નિરીક્ષક તરીકે ભરતભાઇ સોલંકીની જયારે ટંકારા નગરપાલિકાના નીરીક્ષક તરીક કોંગ્રેસ દ્વારા પૂર્વ ધારાસભ્ય ભોળાભાઇ ગોહિલની વરણી કરવામાં આવી છે.

રાજયમાં સ્થાનીક સ્વરાજની ચુંટણીઓ ખુબ જ નજીકના સમયમા યોજાનાર છે. નગરપાલિકા વિસ્તારમાં સંગઠનને વધુ વેગવંતુ બનાવવા, ચુંટણીલક્ષી તૈયારીઓ માટે અને પ્રજાલક્ષી મુદ્દાઓને લઈ કાર્યક્રમોનો સુચારુ અમલીકરણ અને સંકલન માટે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની સુચના અનુસાર નગરપાલિકાના નીરીક્ષકો ની નિમણુંક કરવામાં આવી છે.

## કોંગ્રેસ દ્વારા અલગ-અલગ સાત કમિટીઓની રચનાઃ સ્ટ્રેટેજી કમિટીના ચેરમેન પદે ભરતસિંહ સોલંકી, કેમ્પેન કમિટીના શકિતસિંહ ગોહિલ અને ઈલેકશન મેનેજમેન્ટ કમિટીના ચેરમેનપદે સિધ્ધાર્થ પટેલની નિયુકિત



**અબતક, રાજકોટ**

રાજયમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના આડે હવે બે થી ત્રણ મહિનાનો સમય બાકી રહ્યો છે ત્યારે રાજયમાં વર્ષોથી સત્તા વિહોણી રાજકીય પાર્ટી કોંગ્રેસ હવે સંપૂર્ણ પણે ઈલેકશન મોડમાં આવી ગઈ છે. અલગ અલગ શહેર અને જિલ્લામાં ચૂંટણી લડવા ઈચ્છુકોની સેન્સ લેવાની પ્રક્રિયા શરુ કરી દેવામાં આવી છે. દરમિયાન હાઈકમાન્ડ દ્વારા ગુજરાતમાં પંચાયત - પાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખી અલગ અલગ સાત કમીટીની રચના કરવામાં આવી છે. લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ જેને આડકતરી રીતે લંગડા ઘોડા ગણાવ્યા હતા. તેને ચૂંટણી જીતાડવાની જવાબદારી સોંપવામાં આવી છે.

કોંગ્રેસમાં એક સમયે નિષ્ફળ ગયેલા નેતાઓ હવે હાથ મિલાવી પંજાની પકડ ગુજરાતમાં મજબૂત કરી શકશે કે કેમ તેના પર પણ કાર્યકરોની મીટ મંડાયેલી છે. પોતાને પણ ચૂંટણી જીતાડવામાં અસમર્થ રહેલા નેતાઓના ખભ્ભે હવે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પંજાને જીતાડવાની જવાબદારી આવા નિષ્ફળ નિવડેલા નેતાઓને હાઈ કમાન્ડમાંથી દ્વારા સોંપવામાં આવી છે.

સ્ટ્રેટેજી કમીટીના ચેરમેન તરીકે પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકીની વરણી કરવામાં આવી છે. વાઈસ ચેરમેન પદે લાલજીભાઈ દેસાઈની અને કન્વિનર તરીકે ડો. હેમાંગ વસાવડાની વરણી કરાય છે. કેમ્પેન કમીટીના ચેરમેન પદે પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહિલની વાઈસ ચેરમેન પદે પરેશભાઈ ધાનાણી અને કન્વિનર તરીકે ગેનીબેન ઠાકોરની નિયુકિત કરવામાં આવી છે. ઈલેકશન મેનેજમેન્ટ કમિટીના ચેરમેન પદે સિધ્ધાર્થ પટેલ વાઈસ ચેરમેન પદે જીજ્ઞેશ મેવાણી અને કન્વિનર તરીકે બિમલભાઈ શાહની

(અનુ. આઠમા પાને)

# પીએસઆઈની પરીક્ષાનું પરિણામ જાહેર ૪૭૨ ઉમેદવારોની પસંદગીઃ ૯૫ વેઈટીંગ

## ૪૭૨ જગ્યાઓ માટે ૪,૬૦,૦૦૦થી વધુ ઉમેદવારોની શારીરિક કસોટી લેવાય હતીઃ ૧ લાખ ઉમેદવારોએ લેખિત પરીક્ષા આપી હતી

**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટરની પરીક્ષાનું ફાઈનલ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ૪૭૨ જગ્યાઓ માટે મેરિટના આધારે ૪૭૨ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. જ્યારે ૯૫ ઉમેદવારોને વેઈટીંગમાં રાખવામાં આવ્યા છે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિન હથિયારી પીએસઆઈની ૪૭૨ જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભરતી પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં ૪,૬૦,૦૦૦થી વધુ બિન હથિયારી પીએસઆઈના ઉમેદવારોની જાન્યુઆરી/ફેબ્રુઆરી-૨૦૨૫માં શારીરિક કસોટી લેવામાં આવી હતી. શારીરિક કસોટીમાં ઉતિર્ણ થયેલ ૧ લાખથી વધુ ઉમેદવારોની પેપર-૧ ૨૦૦ ગુણ તથા પેપર-૨ ૧૦૦ ગુણ મળી કુલ-૩૦૦ ગુણની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી.

પીએસઆઈ કેડરના પરીક્ષા નિયમો મુજબ ૧૦૨૫ ઉમેદવારોની દસ્તાવેજ ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દસ્તાવેજ ચકાસણી બાદ હંગામી પરીણામ કરાયું હતું. વાંધા/રજુઆતો મંગાવવામાં આવેલ. મળેલ વાંધા/રજુઆતોને ધ્યાને લઇ, કુલ-૪૭૨ ઉમેદવારોની આખરી પસંદગી યાદી તથા ૯૫ ઉમેદવારોની પ્રતિક્ષા યાદી ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર ૫ માર્ચે જાહેર કરવામાં આવી છે. આખરી પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોની નિમણુંક અંગેની આગળની કાર્યવાહી પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા હાથ ધરવામાં આવનાર છે.

# રાજ્ય સરકારે આવશ્યક દવાઓની યાદીમાં ૧૫૦ મેડિસીનનો કર્યો ઉમેરો

## એસેન્સિયલ ડ્રગ લિસ્ટની દવાઓ ૧૩૬૮થી વધારી ૧૪૭૯ કરાયઃ બિનજરૂરી ૫૭ દવાઓ રદ્

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા આવશ્યક દવાઓની યાદીમાં નવી ૧૫૦ મેડિસીનનો ઉમેરો કર્યો છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ રાજ્યના આરોગ્ય ક્ષેત્રે લેવાયેલા એક મહત્વપૂર્ણ નિર્ણયની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટેની આવશ્યક દવાઓની યાદીમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ. દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની ૧,૩૮૬ દવાઓની સમીક્ષા કર્યા બાદ, ૧૫૦ નવી દવાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે અને બિનજરૂરી ૫૭ દવાઓ રદ કરવામાં આવી છે. જેના પરિણામે હવે આગામી વર્ષ માટે કુલ ૧,૪૭૯ જેટલી સર્જિકલ અને ડાયગ્નોસ્ટિક સહિતની જરૂરી દવાઓ દર્દીઓને સરળતાથી ઉપલબ્ધ બનશે.


આરોગ્ય મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યના છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠતમ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચાડવી એ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારની નૈતિક જવાબદારી છે. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે દવાઓની ખરીદી માટે એસેન્સિયલ ડ્રગ લિસ્ટને રિવાઈઝ કરવામાં આવે છે. આ પ્રત્યેક દવા અને સર્જિકલ આઈટમ રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોથી લઈને મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો સુધીના તમામ સ્તરે વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.

તેમણે વિગતવાર માહિતી આપતા કહ્યું હતું કે, રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લિસ્ટમાં પ્રાથમિક કક્ષાની ૩૭૮ દવાઓ, સેકન્ડરી કક્ષાની ૬૨૮ દવાઓ અને ટર્સરી કક્ષાની ૧,૪૭૫ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.


મુખ્ય રોગોની દવાઓમાં થયેલા વધારા અંગે મંત્રીએ

(અનુ. આઠમા પાને)


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -2013"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત માર્ચ - ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

માર્ચ -૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઇલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

"My Ration" મોબાઇલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

**શ્રી રમણભાઈ સોલંકી**
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.